
# આત્મા પ્રાપ્તિનો સરળ ઉપાય



# આત્મા પ્રાપ્તિનો સરળ ઉપાય

સંકલન : રમણીક સાવલા

અંગત સ્વાધ્યાય માટે

# ણમોકાર મહામંત્ર

णमो अरिहंताणं
णमो सिद्धाणं
णमो आइरियाणं
णमो उवज्झायाणं
णमो लोए सव्वसाहूणं

# ચત્તારિ મંગલં

ચત્તારિ મંગલં, અરહંતા મંગલં,
સિદ્ધા મંગલં, સાહૂ મંગલં,
કેવલિ પણ્ણત્તો ધમ્મો મંગલં.

ચત્તારિ લોગુત્તમા, અરહંતા લોગુત્તમા,
સિદ્ધા લોગુત્તમા, સાહૂ લોગુત્તમા,
કેવલિ પણ્ણત્તો ધમ્મો લોગુત્તમા.

ચત્તારિ શરણં પવ્વજ્જામિ, અરહંતે શરણં પવ્વજ્જામિ,
સિદ્ધે શરણં પવ્વજ્જામિ, સાહૂ શરણં પવ્વજ્જામિ,
કેવલિ પણ્ણત્તો ધમ્મં શરણં પવ્વજ્જામિ.

# ભાવ નમસ્કાર

મંગલં ભગવાન વીરો,
મંગલં ગૌતમો ગણી,
મંગલં કુન્દકુન્દાર્યો,
જૈન ધર્મોસ્તુ મંગલં ॥

# વિભાગ - ૧

## જૈન દર્શનનું સ્વરૂપ

૧. જે જીવ અર્હંત ને દ્રવ્યપણે, ગુણપણે ને પર્યાયપણે યથાર્થ જાણે છે તે જીવ દ્રવ્ય-ગુણ-પર્યાયત્મક નિજ આત્માને જાણીને પોતાના અભેદ શુદ્ધ દ્રવ્ય સામાન્યનો અંતરમાં આશ્રય કરે છે. એ રીતે તેના મિથ્યાત્ત્વમોહ નાશ પામે છે અને તેને મોક્ષ સુખના બીજભૂત સમ્યગ્દર્શન ને સ્વાત્માનુભુતિ પ્રગટ થાય છે.

ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે. તે પ્રાપ્ત કરવા માટે ઘણા બધા જુદા જુદા પ્રયોજનભૂત વિષયોનું જ્ઞાન અત્યંત આવશ્યક છે. જૈન દર્શન-જિનવાણીનો વિસ્તાર અને ઊંડાણ અગાઢ અને અમાપ છે. તેટલી જ તેની અંદર સૂક્ષ્મતા છે.

આ યુગમાં કિયાકાંડવિમૂઢ જૈનજગતને વસ્તુસ્થિતીનું યથાર્થ સ્વરૂપ જેમ છે તે સારી રીતે સમજાય એ હેતુથી જુદા જુદા વિષયોનું આ એક પ્રતમાં સંકલન કરેલ છે.

ત્રાણ લોકમાં જીવ અનંત છે. તે સર્વ દુઃખથી ભય પામી સુખ મેળવવા ઈચ્છે છે. આત્માનું હિત સુખ છે, તે આકુળતારહિત છે. મોક્ષમાં આકુળતા નથી, તેથી મોક્ષમાર્ગમાં પ્રવર્તતા પાત્ર જીવોને યોગ્ય માર્ગદર્શન મળી રહે એ હેતુથી આ સંકલનનું પ્રયોજન છે.

બધા જ ભવ્ય પાત્ર જીવો આ વિષયોનો ધીરજપૂર્વક અને ગંભીરતાથી અભ્યાસ કરી સમ્યગ્દર્શન અને પરંપરાએ મોક્ષ પામે એ જ વિનમ્ર ભાવના!

૨. ધર્મ વસ્તુના સ્વભાવને કહે છે. તે નવો બનાવી શકાતો નથી.

૩. તીર્થંકર ભગવાન ધર્મની સ્થાપના કરતા નથી. ધર્મ તો અનાદિ અનંત છે. પરંતુ ધર્મનો આશ્રય લઈ આત્મા સ્વયં પરમાત્મા બને છે. તીર્થંકરોની પરંપરા અનાદિ અનંત છે.

૪. વસ્તુ અનાદિ અનંત છે. ધર્મ વસ્તુનો સ્વભાવ છે. માટે ધર્મ-જે વસ્તુનું જે પ્રમાણે છે તે પ્રમાણે નિરૂપણ કરે છે, તે પણ અનાદિ અનંત છે. જૈન ધર્મ પણ એ પ્રમાણે છે માટે અનાદિ અનંત છે.

૫. કાર્યની ઉત્પત્તિમાં પાંચે સમવાય કારણો,

• સ્વભાવ, •કાળ, • નિયતિ, • નિમિત્ત, • પુરુષાર્થ

એકી સાથે સમુપસ્થિત હોય છે. તથાપિ સુધર્મની પ્રાપ્તિમાં પુરુષાર્થ મુખ્ય છે.

૬. ઉપાદાનગત યોગ્યતા હોતાં નિમિત્ત સહજ મળી આવે છે. તેથી આત્માથીએ નિમિત્તો મેળવવા માટે વ્યગ્ર ન થવું જોઈએ.

૭. વિશ્વનો પ્રત્યેક પદાર્થ પૂર્ણ સ્વતંત્ર છે, સ્વાધીન છે અને પોતાનું કાર્ય કરવા સંપૂર્ણ સ્વાધીન છે. તે પોતાના પરિણમનનો પોતે જ હર્તા કર્તા છે. તેના પરિણમનમાં પરનો રંચ માત્ર પણ હસ્તક્ષેપ નથી. દરેકે દરેક અણુ સ્વતંત્ર છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકે નહિ.

૮. ક્રમબદ્ધ પર્યાયના સિદ્ધાંત પ્રમાણે, જે દ્રવ્યનું, જે ક્ષેત્રે, જે કાળે, જે ભાવે, જે નિમિત્તથી, સર્વજ્ઞ પ્રભુએ એમના જ્ઞાનમાં જે પ્રમાણે જાણ્યું છે, તે દ્રવ્યનું, તે ક્ષેત્રે, તે કાળે, તે ભાવે, તે નિમિત્તથી તે જ પ્રમાણે પરિણમન થાય, તેમાં નરેન્દ્ર, દેવેન્દ્ર કે જિનેન્દ્ર કોઈ પણ કાંઈ કરી શકે નહિ.

૯. સાચું નિરૂપણ તે નિશ્ચય અને ઉપચરિત નિરૂપણ તે વ્યવહાર છે. વ્યવહારનય અભૂતાર્થ છે, નિષેધ્ય છે અને નિશ્ચયનય ભૂતાર્થ છે, નિષેધક છે.

૧૦. પોતાનું સુખ પોતાનામાં જ છે, પરમાં નથી. પરમેશ્વરમાં પણ નથી. તેથી સુખાર્થી જીવે પરમેશ્વર પ્રતિ કોઈ આશા-આકાંક્ષા વડે જોવું નિરર્થક છે. તો પણ અરિહંતાદિકનું યથાર્થ સ્વરૂપ જાણી એની શ્રદ્ધા કરવી આવશ્યક છે.

૧૧. મોક્ષાર્થી જીવે પરથી ભિન્ન પોતાને ઓળખવો જોઈએ, તેની શ્રદ્ધા કરવી જોઈએ અને પોતામાં જામી જવું જોઈએ, રમી જવું જોઈએ. આ જ સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યગચારિત્રની એકતારૂપ રત્નત્રયી મોક્ષમાર્ગ છે.

૧૨. ધર્મ પરિભાષા નથી, પ્રયોગ છે. તેથી આત્માર્થીએ ધર્મ જીવનમાં ઉતારવો જોઈએ, ધર્મમય થવું જોઈએ.

૧૩. અહિંસા પરમ ધર્મ છે. તે માત્ર વીતરાગભાવ રૂપ છે. આત્મામાં મોહ-રાગ-દ્વેષ ભાવોની ઉત્પત્તિ એ જ હિંસા છે અને આ ભાવોનો અભાવ અહિંસા છે.

૧૪. શુદ્ધોપયોગ જ ઉપાદેય છે અને શુભપયોગ (પુણ્યની પ્રકૃત્તિ), અશુભોયોગ (પાપની પ્રકૃતિ)ની જેમ હોય છે. પુણ્યથી ધર્મ ન થાય, આત્માનું હિત ન થાય.

૧૫. ગચ્છમતની જે કલ્પના છે એ સદ્‌વ્યવહાર નથી. એ તો વીતરાગ ધર્મની વિરુદ્ધ રાગ-દ્વેષના પરિણામ ઉત્પન્ન કરે છે. ધર્મ પામવા તેનાથી પર થવું પડશે.

૧૬. સંપૂર્ણ અનુયોગનો હેતુ વીતરાગતા છે. તેથી બધા અનુયોગોનો અભ્યાસ કરવો આવશ્યક છે.

૧૭. ખરેખર આ સર્વ પદાર્થોના દ્રવ્ય, ગુણ, પર્યાય સ્વાભાવની પ્રકાશક પારમેશ્વરી (પરમેશ્વરે કહેલી) વ્યવસ્થા ભલી ઉત્તમ પૂર્ણ યોગ્ય છે, બીજી કોઈ નહિ. કારણ કે ઘણાંય જીવો પર્યાય માત્રને જ અવલંબીને તત્ત્વની અપ્રતિ જેનું લક્ષણ છે એવા મોહને પામતા થકા પર સમય થાય છે.

૧૮. કર્મ ઘટામાં મારો સ્વરૂપ સૂર્ય છુપાઈ રહ્યો છે. મારા સ્વરૂપ સૂર્યનો પ્રકાશ કર્મ ઘટાથી જરા પણ હણાયો નથી, માત્ર આવરણ પામ્યો છે. ગમે તેટલું એ કર્મ ઘટાનું જોર વધી જાય તો પણ તે મારા સ્વરૂપને હણી શકે નહિ, ચેતનને અચેતન કરી શકે નહિ. મારી જ ભૂલ થઈ, સ્વપદ ભૂલ્યો. ભૂલ મટી જાય તો મારું સ્વપદ તો જેમનું તેમ જ બની રહે છે.

૧૯. જે સ્વરૂપ સમજયા વિના પામ્યો દુઃખ અનંત...

૨૦. આ જીવ શુદ્ધાત્મભાવનામાં સમર્થ હોવા છતાં પણ તેને (શુદ્ધાત્મભાવનાને) છોડીને શુભપયોગથી જ મોક્ષ થાય છે એમ એકાંતે માને તો તે સ્થૂલ પરસમયરૂપ પરિણામ વડે અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ થાય છે.

૨૧. એક તરફ આત્મા છે અને એક તરફ રાગથી માંડીને આખી દુનિયા છે તેમાંથી જેની દૃષ્ટિ સ્વભાવ (આત્મા) તરફ વળી અને એ સ્વભાવ સન્મુખ થતાં આત્માના આનંદનો સ્વાદ જેણે ચાખ્યો તેને આત્મા સિવાય આખી

દુનિયામાંથી કાંઈ સારું લાગતું નથી.

૨૨. રુચિ અનુયાયી વીર્ય જે તરફ રુચિ હોય - જેની જરૂરિયાત લાગે તે તરફ જ પુરુષાર્થ વળે છે. રુચિ પલટતાં ઉપયોગ પલટી જાય છે.

૨૩. 'જેને લાગી છે તેને જ લાગી છે....' પરંતુ બહુ ખેદ ન કરવો. વસ્તુ પરિણમનશિલ છે, કૂટસ્થ નથી. શુભાશુભ પરિણામ તો થશે. તેને છોડવો જઈશ તો શૂન્ય અથવા શુષ્ક થઈ જઈશ. માટે એકદમ ઉતાવળ ન કરવી.... અનુભવ પહેલાની દશાની આ વાત છે.

૨૪. મુમુક્ષુને પ્રથમ ભૂમિકામાં થોડી મૂંઝવણ પણ હોય, પરંતુ તે એવી મૂંઝવણ ન કરે કે જેથી મૂઢતા થઈ જાય. તેને સુખનું વેદન જોઈએ છે તે મળતું નથી ને બહાર રહેવું પોષાતું નથી. માટે મૂંઝવણ થાય. પણ મૂંઝવણ માંથી તે માર્ગ શોધી લે છે. જેટલો પુરુષાર્થ ઉપાડે તેટલું વીર્ય અંદર કામ કરે. આત્માર્થી હઠ ન કરે કે મારે ઝટઝટ કરવું છે. હઠ સ્વભાવમાં કામ ન આવે. માર્ગ સહજ છે. ખોટી ઉતાવળે પ્રાપ્ત ન થાય. અંતર્મુખ વળવું તે પુરુષાર્થ છે. તળમાં ભગવાન આત્મા બિરાજમાન છે. દૃષ્ટિ તળ ઉપર પડતાં તેની પ્રાપ્તિ થાય છે.

૨૫. જે પ્રથમ ઉપયોગનો પલટો કરવા માગે છે પણ અંતરંગ રુચિને પલટાવતો નથી, તેને માર્ગનો ખ્યાલ નથી. પ્રથમ રુચિનો પલટો કરે તો ઉપયોગનો પલટો સહજ થઈ જશે. માર્ગની યથાર્થ વિધિનો આ ક્રમ છે.

૨૬. પહેલાં વિશ્વાસ લાવ કે મારા જેવો કોઈ સુખી નથી કેમ કે હું પરમ સ્વાધીન છું. મારે મારા કાર્ય માટે અન્ય સાધનોનું અવલંબન લેવું પડતું નથી. માટે હું પરમ સુખી છું એમ પહેલાં વિશ્વાસ લાવ. અસ્તિત્વપણે, સત્તાપણે બિરાજમાન ભગવાન આત્મા સ્વસત્તાના વિશ્વાસ વડે જ પ્રાપ્ત થાય તેમ છે. અમાપ...અમાપ...આનંદ, જ્ઞાન આદિ અનંત ભાવોથી ભરેલો સ્વભાવ પોતાના સ્વભાવના સાધનથી જ પ્રગટ થાય છે. પરના સાધનથી પોતાનો સ્વભાવ પ્રગટે એવું આત્માનું સ્વરૂપ નથી.

**૨૭. ધ્રુવધામના ધ્યેયના ધ્યાનની ધખતી ધૂણી ધગશ અને ધીરજથી ધખાવવી તે ધર્મનો ધારક ધર્મી ધન્ય છે.**

૨૮. એક તો એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાર્ય કરતું નથી અને બીજું ક્રમબદ્ધ

પર્યાય આ બે વાત કોઈને જલદી શ્રદ્ધામાં બેસતી નથી. એ શ્રદ્ધામાં સ્વીકારવું બહુ કઠણ છે. પણ જેને આ બે વાત સ્વીકારવામાં આવી જાય તેની આખી દશા ફરી જાય છે. આ નિર્ણય કરતાં દૃષ્ટિ જ્ઞાયક પર જ જાય છે. સૂક્ષ્મ ઉપયોગમાં જ આત્મા પકડાય છે. સ્થૂળ ક્રિયાકાંડમાં આ વાત બેસતી નથી.

૨૯. તું સત્‌ની ઊંડી જિજ્ઞાસા કર જેથી તારો પ્રયત્ન બરાબર ચાલશે, તારી મતિ સરળ અને સવળી થઈ આત્મામાં પરિણમી જશે. સત્‌ના સંસ્કાર ઊંડા નાખ્યા હશે તો છેવટે બીજી ગતિમાં પણ સત્ પ્રગટશે. માટે સત્‌ના ઊંડા સંસ્કાર રેડ. મહેનત ફોગટ નહી જાય.

૩૦. અનુભવ ચિંતામણિરતન, અનુભવ હૈ રસકૂપ

અનુભવ મારગ મોક્ષનો, અનુભવ મોક્ષ સ્વરૂપ

એ અનુભૂતિના સ્વાદ માટે નીચેના વિષયોનો અભ્યાસ આવશ્યક છે.

- જૈનદર્શનનું સ્વરૂપ.
- વિશ્વ વ્યવસ્થતા.
- વસ્તુ વ્યવસ્થતા અને દ્રવ્યની સ્વતંત્રતા.
- ક્રમબદ્ધ પર્યાય.
- ઉપાદાન-નિમિત્ત અને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ.
- નિશ્ચય અને વ્યવહાર.
- સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્ર એકતારૂપ મોક્ષ માર્ગ.
- પાત્રતા-મોક્ષાર્થીનું સ્વરૂપ - પ્રત્યક્ષ સત્પુરુષના યોગનું મહત્ત્વ.
- જીવાદિ સાત તત્ત્વોનું અને દેવ-ગુરુ-શાસ્ત્રનું યર્થાથ શ્રદ્ધાન.
- સંપૂર્ણ સાધનાની વિધિ....

૩૧. હે જીવ ! અનંત કાળથી અપ્રસિદ્ધ એવો જે તારો આત્મા તે કેમ પ્રસિદ્ધ થાય તેની આ વાત છે.

અજ્ઞાનીપણે વ્રતાદિ કરીને અનંતવાર સ્વર્ગે ગયો પણ આત્માના જ્ઞાનલક્ષણને તેં ન ઓળખ્યું તેથી તને 'આત્મ પ્રસિદ્ધિ' ન થઈ, પણ રાગની જ પ્રસિદ્ધિ થઈ. જ્ઞાનને આત્મા તરફ વાળીને આત્માની પ્રસિદ્ધિ તેં ન કરી, પણ જ્ઞાનને રાગ સાથે એકમેક માનીને તેં રાગની જ પ્રસિદ્ધિ કરી. રાગથી જુદું જ્ઞાન કેવું છે તેને જાણ, તો તે જ્ઞાનલક્ષણ વડે ભગવાન આત્માની પ્રસિદ્ધિ થાય ને તારું ભવ ભ્રમણ ટ

**"રાગની પ્રસિદ્ધિ તે રખડવાનું કારણ છે;**

**આત્મ પ્રસિદ્ધિ તે સિદ્ધપદનું કારણ છે"**

સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થતાં આત્મા પ્રસિદ્ધ થાય છે. રાગ તે આત્માની પ્રસિદ્ધિનું સાધન નથી પણ જ્ઞાનને અંતરમાં વાળવું તે એક જ ભગવાન આત્માની પ્રસિદ્ધિનું સાધન છે.

આત્માના આનંદના અનુભવપૂર્વક જેને આત્મા પ્રસિદ્ધિ કરવી હોય તેને અંતરમાં આ વાતનો મહિમા આવવો જોઈએ કે અહો ! આ મારા આત્માની કોઈ અપૂર્વ વાત છે... અનંત શકિતસંપન્ન મારા આત્માને આ વાત પ્રસિદ્ધ કરે છે... કે જે 'આત્મ પ્રસિદ્ધિ' પરમ આનંદનું કારણ છે.

૩૨. અનંત અનંત કાળમાં મનુષ્યપણું મળવું મોંઘુ છે. મનુષ્યપણામાં આવી સત્ય ધર્મની વાત સાંભળવા કોઈ જ વાર મળે છે. અત્યારે તો આ વાત લોકોને તદ્દન નવી છે. આવી સત્ય વાત સાંભળવા મળવી મહા દુર્લભ છે. આ થયું સત્ય ધર્મનું શ્રવણ.

૩૩. આવી વાત સાંભળ્યા પછી બુદ્ધિમાં તેનું ગ્રહણ થવું દુર્લભ છે. 'આ શું ન્યાય કહેવા માંગે છે' એમ જ્ઞાનમાં પકડાવું તે દુર્લભ છે. સાંભળતી વખતે સારું લાગે અને બહાર નીકળે ત્યાં બધું ભૂલી જાય તો તેને આત્મામાં કયાંથી લાભ થાય ?

૩૪. ગ્રહણ થયા પછી તેની ધારણા થવી દુર્લભ છે. શ્રવણ કરીને વિચારે કે મેં આજે શું શ્રવણ કર્યું ? નવું શું સમજ્યો ? એમ અંતરમાં પ્રયત્ન કરીને સમજે તો આત્માની રુચિ જાગે ને તત્ત્વ સમજાય. તેને વારં વાર વિચારી-સ્વભાવમાં ધારી રાખે તે થઈ ધારણા.

પણ જેને સત્યના શ્રવણ-ગ્રહણ અને ધારણાનો જ અભાવ છે તેને તો સત્ સ્વભાવની રુચિ હોતી નથી. અને રુચિ વગર સત્ય સમજાય નહિ, ધર્મ થાય નહિ.

૩૫. શ્રવણ-ગ્રહણ-ધારણા કરીને પછી એકાંતમાં પોતે પોતાના અંતરમાં વિચારે, અંતરમાં મંથન કરીને સત્યનો નિર્ણય કરે એ દુર્લભ છે. અંતરમાં યથાર્થ નિર્ણય કરીને રુચિને પરિણામવાની આ વાત છે. આ અતિ દુર્લભ છે.

૩૬. યથાર્થ નિર્ણય કરીને તેને રુચિમાં પરિણમાવીને-તેનું સત્ય શ્રદ્ધાન કરી સમ્યગ્દર્શન પ્રગટ કરવું તે મહાન દુર્લભ અપૂર્વ છે.

૩૭. ભગવાને કહ્યું છે અથવા જ્ઞાનીઓ કહે છે માટે આ વાત સાચી છે - એમ પરના લક્ષે માને તો તે શુભ ભાવ છે. તે પણ સાચું જ્ઞાન નથી; પહેલાં દેવ-ગુરુના લક્ષે તેવો રાગ હોય છે, પણ દેવ-ગુરુના લક્ષને છોડીને પોતે પોતાના અંતર સ્વભાવમાં વળીને રાગ રહિત નિર્ણય કરે કે મારો આત્મ સ્વભાવ જ આવો છે તો તેના આત્મામાં સાચું જ્ઞાન થયું છે. એથી સત્સમાગમ કે શ્રવણ વગેરેનો નિષેધ નથી. સત્સમાગમે સત્ ધર્મનું શ્રવણ તો કરવું. શ્રવણાદિ પછી આગળ વધવા માટે, માત્ર શ્રવણ કરવામાં ધર્મ ન માનતાં, ગ્રહણ, ધારણા, મંથન-નિર્ણય કરીને આત્મામાં રુચિથી પરિણમવું જોઈએ.

૩૮. જે જીવે કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રની માન્યતા છોડી દીધી છે અને જૈનના નામે પણ જે કલ્પિત મિથ્યા માર્ગ ચાલે છે તેની શ્રદ્ધા છોડીને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, ઓળખાણ કરી છે અને તેમણે કહેલા આકાશ-કાળ વગેરે દ્રવ્યોના જ વિચારમાં અટકી રહ્યો છે પણ પોતાના સ્વભાવ તરફ વળતો નથી એવા પાત્ર જીવને માટે અહીં ઉપદેશ (માર્ગદર્શન) છે.

૩૯. હે જીવ ! પર દ્રવ્યો તરફ વળીને રાગ સહિત જે જ્ઞાન જાણે તે તારું સ્વરૂપ નથી, પણ ચૈતન્ય સ્વભાવમાં વળીને જ્ઞાનની જે અવસ્થા, ચૈતન્ય સ્વભાવમાં અભેદ વળીને તેમાં લીન થયેલો પર્યાય તે જ ચૈતન્યનું સર્વસ્વ છે.

૪૦. આ વાત આત્મ સ્વભાવની છે, કોઈ અન્ય સંપ્રદાયો સાથે કે લૌકિક

વાત સાથે તેને જરાય મેળ મળે તેમ નથી, અને આ વાત અન્યત્ર જ્યાં ત્યાંથી મળે તેમ નથી. તથા જેને આત્મ કલ્યાણની દરકાર છે, ભવભ્રમણનો ડર છે એવા આત્માર્થી સિવાય બીજા જીવોને આ વાત બેસે તેમ નથી.

૪૧. આવા મનુષ્ય અવતારમાં આવ્યો અને પરમ દુર્લભ એવી સત્ય વાણી સાંભળવાનો જોગ મળ્યો, જો અત્યારે સ્વભાવની રુચિથી આ વાત નહિ સમજે તો પછી કયારે સમજશે? અનંત કાળે પણ આવી વાત સાંભળવા મળવી મુશ્કેલ છે.

૪૨. અહો ! આવા ભગવાન ચૈતન્ય સ્વભાવના સ્વીકારમાં કેટલો પુરુષાર્થ છે ! પોતાના મતિ-શ્રુતજ્ઞાનને સ્વભાવમાં એક કરીને સ્વભાવના આશ્રયે હું જ્ઞાતા દૃષ્ટા છું એમ જેણે સ્વીકાર્યું તેની જ્ઞાન ચેતના જાગૃત થઈ, તે આત્મા પોતે જાગૃત થયો, સાધક થયો અને હવે અલ્પ કાળમાં કેવળજ્ઞાન લેવાનો છે તેની આ વાત છે.

૪૩. આ આત્મ કલ્યાણની અપૂર્વ વાત છે. ઝટ ન સમજાય તો અરુચિ કે કંટાળો લાવવો નહિ, પણ વિશેષ અભ્યાસ કરવો. "આ મારા આત્માની અપૂર્વ વાત છે, આ સમજવાથી જ મારું કલ્યાણ થશે" એમ અંતરમાં તેનો મહિમા લાવીને રુચિથી શ્રવણ-મનન કરવું. બધા આત્મામાં આ સમજવાની તાકાત છે. "હું જ્ઞાન સ્વરૂપ ભગવાન આત્મા છું - મને બધું સમજાય એવી મારી તાકાત છે" એમ વિશ્વાસ કરીને સમજવાનો પ્રયત્ન કરવો. રુચિપૂર્વક પ્રયત્ન કરે તેને ન સમજાય એમ બને નહિ. અંતરમાં પોતાના આત્મ સ્વભાવનો ઉત્સાહ લાવી આ વાત સમજવાની છે.

૪૪. સર્વ જીવો પૂર્ણાનંદને પામો.

૧) સર્વ જીવો સાધર્મી છે, કોઈ વિરોધી નથી, સર્વ જીવો પૂર્ણાનંદને પ્રાપ્ત થાવ ! કોઈ જીવો અપૂર્ણ ન રહો, કોઈ જીવો અલ્પજ્ઞ ન રહો, કોઈ જીવો વિરોધી ન રહો, કોઈ જીવો વિપરીત દૃષ્ટિવંત ન રહો. બધા જીવો સત્યના માર્ગે આવી જાવ ! ને સુખી થાવ. કોઈ જીવમાં વિષમતા ન રહો. બધા જીવો પૂર્ણાનંદરૂપ પ્રભુ થઈ જાવ.

સર્વ જીવો આત્મામાં મગ્ન થાવ. જુઓ જ્ઞાનીની ભાવના ! પોતે

પૂર્ણાનંદ સ્વરૂપ આત્મામાં મગ્ન થાય છે એટલે સર્વ જીવો પણ પોતે પૂર્ણાનંદ સ્વરૂપ આત્મામાં મગ્ન થઈ સુખાનુભવ કરો એમ કહે છે.

૨) આ વસ્તુ વ્યવસ્થા અને વિશ્વ વ્યવસ્થતા, જૈન દર્શનના સિદ્ધાંતોને-સત્યને પ્રકાશમાં મૂકતાં અસત્યના આગ્રહવાળાને દુ:ખ થાય, પણ ભાઈ ! શું કરીએ ? અમારો ઉદય એવો છે એથી સત્ય વાત બહાર મૂકવી પડે છે. એથી વિરૂદ્ધ શ્રદ્ધાવાળાને દુ:ખ થાય તો મને માફ કરજો, ભાઈ ! કોઈ જીવને દુ:ખ થાય તો કેમ અનુમોદાય ?

મિથ્યા શ્રદ્ધાનાં દુ:ખ ચાર ગતિના બહુ આકરા છે, એ દુ:ખની અનુમોદના કેમ થાય ? અરે ! દરેક જીવો ભગવાન સ્વરૂપ છે અને તેનો આશ્રય કરી, શ્રદ્ધા કરીને પૂર્ણાનંદરૂપે પરિણમીને ભગવાન થાઓ ! કોઈ જીવ દુ:ખી ન થાઓ !

૩) તારી પર્યાયમાં સિદ્ધોને સ્થાપ્યા છે તેથી તું અલ્પજ્ઞપણે ને રાગપણે હવે રહી શકશે નહિ, હવે સર્વજ્ઞ સ્વભાવમાં જ તું જઈશ અને સર્વજ્ઞ થઈશ-એમ હે શ્રોતા ! તું નિ:સંદેહ જાણ. તું જ્ઞાન સ્વરૂપ ભગવાન આત્મા છે એમ નિર્ણય કર !

૪૫. તુ પરમાત્મા છે.

૧) જેણે સર્વજ્ઞને પોતાની પર્યાયમાં પધરાવ્યા તેને હવે કાંઈ કરવાનું રહ્યું જ નહિ. જેમ સર્વજ્ઞ જાણનાર છે તેમ તેની સ્થાપના જેણે પોતામાં કરી છે તે પણ જે થાય તેનો માત્ર જાણનાર જ છે. ફેરફાર કરવાની વાત જ નથી.

દ્રવ્ય સર્વજ્ઞ સ્વભાવ છે, એ સર્વજ્ઞને જેણે પોતાની પર્યાયમાં સ્થાપ્યા એને સર્વજ્ઞ થવાનો નિર્ણય આવી ગયો. બસ એ 'જ્ઞ' સ્વભાવમાં વિશેષ કરતાં કરતાં પર્યાયમાં સર્વજ્ઞ થઈ જશે. બીજું કાંઈ કરવાનું રહ્યું જ નહિ.

૨) સિદ્ધ છે તે જાણનાર-દેખનાર છે તેમ તું પણ જાણનાર-દેખનાર જ છો. અધૂરા-પૂરાનો પ્રશ્ન જ નથી. જાણનાર-દેખનારથી જરાક ખસ્યો એટલે કર્તૃત્વમાં જ ગયો, એટલે સિદ્ધથી જુદો પડયો. એક ક્ષણ સિદ્ધથી જુદો પડે તે મિથ્યા દષ્ટિ છે તે યથાર્થ વાત છે.

૩) ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ મહા પરમાત્માના અંતર સ્વરૂપે ભરેલો એવો પરમાત્મા જ હું છું અને જે હું છું તે જ પરમાત્મા છે. હું પરમાત્મા અને પરમાત્મા તે હું-અહાહા !! એ કબૂલાત કેવા પુરુષાર્થમાં આવે !

૪) વીતરાગ સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમાત્મા સો ઈન્દ્રોની ઉપસ્થિતિમાં સમવસરણમાં લાખો-કરોડો દેવોની હાજરીમાં એમ ફરમાવતા હતા કે તું પરમાત્મા છો એમ નક્કી કર !

ભગવાન ! તમે પરમાત્મા છો એમ નક્કી કરવા દ્યો ! કે એ નક્કી ક્યારે થશે ? કે જયરે તું પરમાત્મા છો એવો સ્વાનુભવ થશે ત્યારે આ પરમાત્મા છે એવો વ્યવહાર તને નક્કી થશે. નિશ્ચય નક્કી થયા વિના વ્યવહાર નક્કી થશે નહિ. આવું નિશ્ચય અને વ્યવહારનું સ્વરૂપ દરેક ઠેકાણે જાણવું.

બસ તત્ત્વનો યથાર્થ નિર્ણય એ જ પ્રથમ વાત છે.

૪૬. 'બધા જીવો સુખી થાવ'.

૧) અહો ! બધા જીવો વીતરાગમૂર્તિ છે. જેવા છો તેવા થાવ. બીજાને મારવા એ તો કયાંય રહી ગયું ! બીજાનો તિરસ્કાર કરવો એ પણ કયાંય રહી ગયું ! પણ બધા જીવો સુખી થાવ ! અમારી નિંદા-તિરસ્કાર કરીને પણ સુખી થાવ, ગમે તેમ પણ સુખી થાવ ! પ્રભુનો પ્રેમ તો લાવ ભાઈ ! તારે પ્રભુ થવું છે ને !

૨) માર ધડાક પહેલેથી ! તું પામર છો કે પ્રભુ છો ? તારે શું સ્વીકારવું છે ? પામરપણું સ્વીકારે તો પામરપણું કદી ન જાય ! પ્રભુપણે સ્વીકાર્યેથી પામરપણું ઊભું નહિ રહે ! ભગવાન આત્મા-હું પોતે દ્રવ્ય સ્વભાવે પરમેશ્વર સ્વરૂપે જ છું-એમ જ્યાં પરમેશ્વર સ્વરૂપનો વિશ્વાસ આવ્યો તો તું વીતરાગ થયા વિના રહીશ જ નહિ.

૩) અરે જીવ ! એકવાર બીજું બધું ભૂલી જા ને તારી નિજ શક્તિને સંભાળ ! પર્યાયમાં સંસાર છે; વિકાર છે - એ ભૂલી જા. ને નિજ શક્તિની સન્મુખ જો તો તેમાં સંસાર છે જ નહિ. ચૈતન્ય શક્તિમાં સંસાર હતો જ

નહિ, છે જ નહિ અને થશે પણ નહિ. લ્યો આ મોક્ષ ! આવા સ્વભાવની દૃષ્ટિથી આત્મા મુક્ત જ છે. માટે એક વાર બીજું બધું ય લક્ષમાંથી છોડી દે ને આવા ચિદાનંદ સ્વભાવમાં લક્ષને એકાગ્ર કર તો તને મોક્ષની શંકા રહેશે નહિ, અલ્પ કાળમાં અવશ્ય મુક્તિ થઈ જશે.

૪) અહો! હુંજ તીર્થંકર છું, હું જ જિનવર છું, મારામાં જ જિનવર થવાના બીજડા પડ્યા છે. પરમાત્માનો એટલો ઉલ્લાસ કે જાણે પરમાત્માને મળવા જતો હોય!

પરમાત્મા બોલાવતા હોય કે આવો... આવો... ચૈતન્યધામમાં આવો ! અહાહા...! ચૈતન્યનો એટલો આહલાદ્ અને પ્રહલાદ્ હોય. ચૈતન્યમાં એકલો આહલાદ્ જ ભર્યો છે, એનો મહિમા, માહાત્મ્ય, ઉલ્લાસ, ઉમંગ અસંખ્ય પ્રદેશે આવવો જોઈએ.

**૪૭. જૈન તત્ત્વદર્શનના ભાવ સમજવા નિયમો:**

૧) જૈન દર્શન અનેકાંત સ્વરૂપ છે; તે દરેક વસ્તુને અનેકાંત સ્વરૂપમાં બતાવે છે. દરેક તત્ત્વ પોતાના સ્વરૂપમાં અસ્તિરૂપ અને પરના સ્વરૂપથી નાસ્તિરૂપ છે. આ અનેકાંત એ જ વસ્તુનું સ્વરૂપ સમજવાનો ઉપાય છે. તેનાથી જ જૈન દર્શનની મહત્તા છે.

૨) દરેકે દરેક તત્ત્વ સ્વતંત્ર છે, પોતે પોતાથી અસ્તિરૂપ છે અને પરથી નાસ્તિરૂપ છે .જેમાં જેની નાસ્તિ હોય તેમાં તે કાંઈ કરી શકે નહિ, તેથી કોઈ પણ તત્ત્વ બીજા કોઈ તત્ત્વનું કાંઈ પણ કરવા કદી સમર્થ નથી.

૩) દરેક દ્રવ્યો એક બીજાથી જુદા હોવાથી તેમના ગુણો અને પર્યાયો પણ ત્રિકાળ જુદે જુદા જ છે. અને દરેક દ્રવ્યના ગુણ-પર્યાય, પોત પોતાના દ્રવ્યના આધારે જ છે. કોઈ પણ દ્રવ્યના ગુણ-પર્યાય કદી પણ કોઈ બીજા દ્રવ્યના આધારે નથી. (એટલે કે દરેક દ્રવ્ય નિરાવલંબી, નિરપેક્ષ છે.)

૪) જીવ પોતે બીજા અનંત પર પદાર્થોથી ભિન્ન છે, તેથી કોઈ પર પદાર્થો જીવને લાભ-નુકસાન કરી શકે નહિ. જીવનો પુરુષાર્થ સ્વતંત્ર છે. જગતના સર્વ દ્રવ્યો સ્વથી અસ્તિરૂપ અને પરથી નાસ્તિરૂપ એમ અનેકાંત સ્વરૂપ છે. એ અનેકાંત દ્વારા વસ્તુ સ્વરૂપની સ્વતંત્રતા અને પૂર્ણતા છે. આમ ભેદ

કરાવીને, જૈન દર્શન આત્મસ્વભાવ સાથે એકતા કરાવે છે, ને પર સાથેનો સંબંધ તોડાવે છે.

૫) જૈન દર્શનના શાસ્ત્રોનું કોઈપણ કથન હોય, તેનું મૂળ પ્રયોજન 'વીતરાગ ભાવ' પ્રેરવાનું જ હોય છે. એ પ્રયોજનને અખંડ રાખીને જ જૈન શાસ્ત્રોના અર્થ સમજવા.

અસ્તિ-નાસ્તિરૂપ, નિશ્ચય-વ્યવહારરૂપ અનેકાંતના મર્મને સમજીને જો અર્થ કરે તો શાસ્ત્રરૂપી સમુદ્રનો પાર પામી જાય.

૪૮. સ્વતંત્રતા અને સુખ.

હે જીવો ! જો તમે તમારી સ્વતંત્રતા અને સુખ ચાહતા હો તો પરમા આશ્રયે મારું સુખ છે એવી માન્યતા છોડો. પર વસુત પર મારી સત્તા ચાલે છે એવી માન્યતા છોડો... 'મારા સુખનો કોઈ પર સાથે સંબંધ નથી, હું બધાય પર પદાર્થોથી છુટો છું, મારા જ્ઞાન સામ્રાજ્યમાં મને વિઘ્ન કરનાર કોઈ નથી, અને હું મારા જ્ઞાન સામ્રાજ્ય વડે બધા પદાર્થોને જેમ જાણું છું, તેમ જ તેમાં થાય છે.' આવી યર્થાથ ઓળખાણપૂર્વક પરાશ્રય ભાવ છોડીને સ્વાશ્રય ભાવમાં ટકું તે જ સ્વતંત્રતા છે, તેજ સુખ છે.

સ્વતંત્રતા તેને કહેવાય કે જેમાં પોતાના સુખ માટે કોઈ બીજાના આશ્રયની જરૂર ન પડે, પણ પોતે જ સ્વાધીનપણે સુખી હોય, અને પોતાનું સ્વાધીન સુખ એવું હોય કે જેને કોઈ પણ સંયોગો હાનિ ન પહોંચાડી શકે? એવો સ્વાધીન સુખરૂપ તો આત્મસ્વભાવ છે. તે સ્વાધીનતા કોણ મેળવી શકે? અને પરાધીનતાની ગુલામી કોણ તોડી શકે ?

મારું સુખ મારા આત્મામાં છે, કોઈ પણ સંયોગોને આધીન મારું સુખ નથી, પણ મારું જ્ઞાન જ સ્વયમેવ સુખ-શાંતિમય છે એમ જેને પોતાના જ્ઞાન સ્વભાવની ઓળખાણ અને શ્રદ્ધા હોય તે સ્વાધીનતા મેળવી શકે. જેને આવા પોતાના જ્ઞાન સ્વભાવની ઓળખાણ ન હોય તેવા અજ્ઞાની જીવો 'મારું સુખ પર વસ્તુના આધારે છે, અને પર સંયોગો અનુકૂળ હોય તો જ મારું સુખ ટકી શકે' એમ માને છે; એટલે તેઓ સંયોગોના ગુલામ છે, તેઓ સ્વાધીન આત્મ સ્વભાવને નહિ જાણતા હોવાથી કદી પણ સ્વતંત્રતા પામતા નથી. પોતાના સુખ માટે પરાશ્રયપણું માનવું તે જ મહાન ગુલામી છે, અને તેનું જ

અનંત દુઃખ છે. એ ગુલામી જીવ અનાદિથી કરતો આવે છે અને તે જ દુઃખનું કારણ છે.

એ ગુલામી જીવે પોતે પોતાના જ્ઞાન-આનંદ સ્વભાવને ભૂલીને ઊંધી માન્યતાથી સ્વીકારી છે. તેથી જ પોતે જ એવા દ્રવ્ય સ્વભાવની સાચી ઓળખાણથી તે ગુલામીના બંધનને તોડી શકે છે. પણ તેને ગુલામીના બંધનમાંથી મુક્ત કરનાર કોઈ બીજો નથી.

આ સંબંધી શ્રુતજ્ઞાનના અવલંબનથી પોતે જ યથાર્થ તત્વ નિર્ણય કરવાનો છે, એની શ્રદ્ધા કરવાની છે, એમાં રમાણતા, સ્થિરતા કરવાની છે.

**'હું જ્ઞાન-આનંદ સ્વરૂપ ભગવાન આત્મા છું અને સર્વથા સર્વથી ભિન્ન છું'** એ જ યર્થાથ તત્ત્વ નિર્ણય છે. એનો જ અભ્યાસ અને એના જ ઊંડા સંસ્કાર કાર્યકારી છે. સુખનો સાચો ઉપાય આ એક જ છે.

'આત્માનો સ્વભાવ સંપૂર્ણ સ્વતંત્ર, પોતાથી પરિપૂર્ણ સુખરૂપ છે, તેને કોઈ પણ સંયોગોની અપેક્ષા નથી' એમ જ્ઞાનીઓ જાણતા હોવાથી તેઓ કદી પાણ પોતાના સુખ માટે પરાશ્રયની જરૂર માનતા નથી; તેથી એવા જ્ઞાનીઓ જ સ્વાશ્રય સ્વભાવની એકાગ્રતારૂપ એના સ્વભાવના બળે, અહિંસાના જોરે, પરાશ્રયરૂપ ગુલામીના બંધનને સર્વથા છેદીને સંપૂર્ણ સ્વતંત્ર દશામાં સિદ્ધ ભગવાનપણે બિરાજે છે.

**'સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય'** એમ આત્મસિદ્ધિ શાસ્ત્રમાં શ્રીમદ્ રાજચંદ્રે પણ લખ્યું છે. સિદ્ધ દશા એ જ પૂર્ણ સ્વતંત્ર અને સુખની દશા છે અને બધા જ જીવો એ દશાને પ્રાપ્ત થાઓ એજ મંગલ ભાવના છે!

**૪૯. હે ભવ્ય! તું આટલું તો જરૂર કરજે.**

આચાર્યદેવી સમ્યગ્દર્શન ઉપર ખાસ ભાર મૂકીને કહે છે કે, હે ભાઈ ! તારાથી વિશેષ ન થાય તો પણ ઓછામાં ઓછું તુ સમ્યગ્દર્શન તો અવશ્ય રાખજે. જો એનાથી તું ભ્રષ્ટ થઈશ તો કોઈ રીતે તારું કલ્યાણ થવાનું નથી. ચારિત્ર કરતા સમ્યગ્દર્શનમાં અલ્પ પુરુષાર્થ છે, માટે તું એ સમ્યગ્દર્શન તો અવશ્ય કરજે. સમ્યગ્દર્શનનો એવો સ્વભાવ છે કે જે જીવ તેને ધારણ કરે તે જીવ ક્રમે ક્રમે શુદ્ધતા વધારીને અલ્પ કાળે મુક્ત દશા પ્રગટ કરે છે. જીવને તે

લાંબો કાળ સંસારમાં રહેવા દેતું નથી. આત્મ કલ્યાણનું મૂળ કારણ સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતા તે પૂર્ણ મોક્ષમાર્ગ છે.

હે ભાઈ ! જો તારાથી સમ્યગ્દર્શનપૂર્વક રાગ છોડીને, ચારિત્ર દશા પ્રગટ થઈ શકે તો તો તે ઉત્તમ છે, અને એ જ કરવા યોગ્ય છે. પણ જો તારાથી ચારિત્ર દશા પ્રગટ ન થઈ શકે, તો છેવટમાં છેવટ આતમ સ્વભાવની યથાર્થ શ્રદ્ધા તો જરૂર કરજે. એ શ્રદ્ધા માત્રથી પણ તારું અવશ્ય કલ્યાણ થશે.

સમ્યગ્દર્શન માત્રથી પણ તારું આરાધકપણુ ચાલુ રહેશે. વીતરાગ દેવે કહેલા વ્યવહારની લાગણી ઊઠે, તેને પણ બંધન માનજે. પર્યાયમાં રાગ થાય, છતાં એમ પ્રતીત રાખજે કે રાગ મારો સ્વભાવ નથી, અને રાગ વડે મને ધર્મ નથી. આમ રાગ.રહિત સ્વભાવની શ્રદ્ધાપૂર્વક, જો રાગ રહિત ચારિત્ર દશા થઈ શકે તો તો તે પ્રગટ કરીને સ્વરૂપમાં ઠરી જજે; પણ જો તેમ ન થઈ શકે, અને રાગ રહી જાય તો તે રાગને મોક્ષનો હેતુ ન માનીશ. રાગથી ભિન્ન તારા ચૈતન્ય જ્ઞાન સ્વભાવની શ્રદ્ધા રાખજે.

કોઈ એમ માને કે પર્યાયમાં રાગ હોય ત્યાં સુધી રાગ રહિત સ્વભાવની શ્રદ્ધા કેમ થઈ શકે ? પહેલાં રાગ ટળી જાય, પછી રાગ રહિત સ્વભાવની શ્રદ્ધા થાય. એ રીતે જે જીવ રાગને જ પોતાનું સ્વરૂપ માનીને સમ્યક્ શ્રદ્ધા પણ કરતો નથી, તેને આચાર્ય ભગવાન કહે છે કે હે જીવ ! તું પર્યાય દૃષ્ટિથી રાગને તારું સ્વરૂપ માની રહ્યો છે. પણ પર્યાયમાં રાગ હોવા છતાં તું પર્યાયદ્રષ્ટિ છોડીને, સ્વભાવદ્રષ્ટિથી જો, તો તાર રાગ રહિત સ્વરૂપનો તને અનુભવ થાય ! જે વખતે ક્ષણિક પર્યાયમાં રાગ છે, તે જ વખતે રાગ રહિત ત્રિકાળી સ્વભાવ છે; માટે પર્યાય દૃષ્ટિ છોડીને તારા રાગ રહિત સ્વભાવની તું પ્રતીતિ રાખજે. એ પ્રતીતિના જોરે રાગ અલ્પ કાળે ટળી જશે; પણ એ પ્રતીતિ વગર રાગ કદી ટળવાનો નથી.

**'પહેલાં રાગ ટળી જાય, તો હું રાગ રહિત સ્વભાવની શ્રદ્ધા કરું' એમ નહિ, પણ આચાર્ય દેવ કહે છે કે પહેલાં તું રાગ રહિત સ્વભાવની શ્રદ્ધા કરે, તો તે સ્વભાવની એકાગ્રતા વડે રાગ ટળે. 'રાગ ટળે તો શ્રદ્ધા કરું, એટલે પર્યાય સુધરે તો દ્રવ્યને માનું' એવી જેની માન્યતા છે, તે જીવ પર્યાય દૃષ્ટિ છે, પર્યાય મૂઢ છે, તેને સ્વભાવ દૃષ્ટિ નથી, અને તે મોક્ષમાર્ગના ક્રમને જાણતો નથી, કેમ કે તે સમ્યક્ શ્રદ્ધા પહેલાં સમ્યક્ ચારિત્ર ઈચ્છે છે.**

'રાગ રહિત સ્વભાવની પ્રતીતિ કરું તો રાગ ટળે' એવા અભિપ્રાયમાં દ્રવ્ય દષ્ટિ છે. અને દ્રવ્ય દષ્ટિના જોરે પર્યાયમાં નિર્મળતા પ્રગટે છે. મારો સ્વભાવ રાગ રહિત છે, એવા વીતરાગી અભિપ્રાયપૂર્વક (સ્વભાવના લક્ષે અર્થાત્ દ્રવ્ય દષ્ટિથી) જે પરિણમન થયું, તેમાં ક્ષણે ક્ષણે રાગ તૂટતો જાય છે અને રાગનો અલ્પકાળે નાશ થાય છે; એ સમ્યગ્દર્શનનો મહિમા છે. પણ જો પર્યાયદષ્ટિ રાખીને પોતાને રાગવાળો માની લ્યે તો રાગ ટળે કેવી રીતે ? 'હું રાગી છું' એવા રાગીપણાના અભિપ્રાયપૂર્વક (વિકારના લક્ષે અર્થાત્ પર્યાય દષ્ટિથી) જે પરિણમન થાય, તેમાં તો રાગની જ ઉત્પત્તિ થાય છે, થયા કરે પણ રાગ ટળે નહિ. તેથી પર્યાયમાં રાગ હોવા છતાં, તે જ વખતે પર્યાયદષ્ટિ છોડીને, સ્વભાવ દષ્ટિથી રાગ રહિત ચૈતન્ય સ્વભાવની શ્રદ્ધા કરવાનું આચાર્ય ભગવાન જણાવે છે; અને એ જ મોક્ષમાર્ગનો ક્રમ છે.

હે જીવ ! તું તારા સ્વભાવને તો સ્વીકાર, જેવો સ્વભાવ છે તેવો માન તો ખરો. જેણે પૂરા સ્વભાવને સ્વીકારીને સમ્યગ્દર્શન જાળવી રાખ્યું છે તે જીવ અલ્પ કાળે સ્વભાવના જોરે જ સ્થિરતા પ્રગટ કરી મુક્ત થશે.

ખાસ પંચમ કાળના જીવો પ્રત્યે આચાર્ય ભગવાન કરુણાપૂર્વક કહે છે કે આ દગ્ધ પંચમ કાળમાં તું શકિત રહિત હો તો પણ કેવળ શુદ્ધાત્મ સ્વરૂપનું શ્રદ્ધાન તો અવશ્ય કરજે.

આ પંચમ કાળમાં સાક્ષાત્ મુક્તિ નથી, પણ ભવભયનો નાશ કરનાર, એવો પોતાનો દ્રવ્ય સ્વભાવ છે; તેની શ્રદ્ધા કરવી, એ નિર્મળ બુદ્ધિમાન જીવોનું કર્તવ્ય છે. તારા ભવ રહિત સ્વભાવની શ્રદ્ધાથી તું અલ્પ કાળમાં ભવ રહિત થઈ જઈશ.

માટે હે ભાઈ ! પહેલાં તું કોઈ પણ ઉપાયે - પરમ પુરુષાર્થ વડે સમ્યગ્દર્શન પ્રગટ કર ! આ છે "વીતરાગ દર્શન".

### ૫૦. પુરુષાર્થ અને કાળ.

પંચમકાળ કઠણ છે - એમ કહીને અજ્ઞાની જીવો આત્મ સ્વભાવની સમજણનો પુરુષાર્થ જ માંડી વાળે છે. જ્ઞાનીઓ તેને કહે છે કે ભાઈ રે, શું કાળ કે કર્મો કાંઈ તારું કાંડુ પકડીને તને પુરુષાર્થ કરતા રોકે છે ? અર્થાત્ શું તારી સ્વપર્યાયને કાળ કે કર્મો રોકે ? નહિ, એ તો પર દ્રવ્યો છે ને તારી

પર્યાયને રોકવા સમર્થ નથી. માટે હે ભાઈ ! તું પરાધીન દષ્ટિ છોડીને તારા સ્વભાવના લક્ષે પુરુષાર્થ કર. પુરુષાર્થથી અવશ્ય મોક્ષમાર્ગની પ્રાપ્તિ થઈ શકે છે.

આત્માના સ્વતંત્ર પુરુષાર્થને નહિ સ્વીકારનારા જીવો એમ માને છે કે 'પંચમ કાળ છે, માટે જીવોને પુરુષાર્થ ન થઈ શકે' એ પરાધીન દષ્ટિ છે. જેઓ આત્માના સ્વતંત્ર પુરુષાર્થને સ્વીકારે છે અને સ્વાધીન દષ્ટિથી જોનારા છે, તેઓ એમ જાણે છે કે 'અત્યારના જીવો પોતે જ ઓછા પુરુષાર્થની લાયકાતવાળા છે, માટે પંચમ કાળ કહેવાય છે.' આમાં એકની દષ્ટિ કાળ ઉપર છે, બીજાની દષ્ટિ આત્માના પુરુષાર્થ ઉપર છે, એ મોટો દષ્ટિ ભેદ છે.

ખરી રીતે કાળ દ્રવ્યની પર્યાય તો ત્રાણે કાળ એક સરખી જ છે, તેમાં કોઈ ભેદ નથી; અને જીવની પર્યાય તો તે માત્ર નિમિત્ત છે. જીવના ભાવ અનુસાર કાળ દ્રવ્યની પર્યાયમાં ચોથો કાળ કે પંચમ કાળ એમ ઉપચાર કરવામાં આવે છે. પંચમ કાળે ભરતક્ષેત્રમાં જન્મેલા જીવો મુક્તિ ન પામે, એનો ખરો અર્થ એ છે કે તે તે જીવોની વર્તમાન સ્વપર્યાયની લાયકાત જ મુક્તિ પામે એવી નથી અને તેથી જ કાળને તે પ્રકારનું (મુક્તિનું) નિમિત્ત કહેવાતું નથી.

પરંતુ મહાવિદેહ ક્ષેત્રના કોઈ મુનિને ઉપાડીને દેવો અહીં મૂકી જાય, તો તે મુનિ અહીં પણ મોક્ષ પામી શકે છે. આ જ ભરતક્ષેત્ર અને આ જ પંચમ કાળ હોવા છતાં તે જીવની પોતાની સ્વ પર્યાયની લાયકાત વડે મોક્ષ પામી શકે છે. જો જીવની પોતાની સ્વ પર્યાયની લાયકાત મોક્ષ પામવાની હોય તો, તેને આ જ ક્ષેત્ર અને આ જ કાળ મોક્ષનું નિમિત્ત કહી શકાય છે

સિદ્ધાંત એ છે કે ઉપાદાનની સ્વ પર્યાયની લાયકાત મુજબ પર દ્રવ્યમાં આરોપ કરીને તેને નિમિત્ત કહેવાય છે; પરંતુ પર દ્રવ્યને અનુસરીને ઉપાદાનની પર્યાય થતી નથી.

પોતાની દરેક સમયની પર્યાયની લાયકાત જીવ પોતે પોતાના તે સમયના પુરુષાર્થથી કરે છે. એટલે લાયકાતમાં બીજું કોઈ કારણ નથી પણ તે વખતનો પુરુષાર્થ જ લાયકાતનું કારણ છે. જેવો પુરુષાર્થ કરે તેવી લાયકાત તે સમયે થાય છે.

પર્યાય તે તો દ્રવ્યનો સ્વભાવ છે, દરેક દ્રવ્ય પોતાથી સ્વતંત્રપણે પરિણમે છે, અને તે તે સમયની પોતાની લાયકાત અનુસાર પર્યાય થાય છે. જીવ પોતાના પુરુષાર્થથી જે સમયે જેવી લાયકાત કરે તે સમયે તેવી પર્યાય થાય છે. કદી કોઈ પર દ્રવ્ય આત્માની પર્યાયને વશ કરતું નથી, પણ આત્મા પોતે સ્વ લક્ષ ચૂકીને પર લક્ષમાં એકાગ્ર થાય છે, એ જ પરાધીનતા છે. અજ્ઞાનીઓ સ્વ પર્યાયને ન જોતાં પર દ્રવ્યનો દોષ કાઢે છે.

"પર દ્રવ્યો તો સૌ પોતપોતાના ભાવમાં હતાં, પણ તું પોતે શા માટે સ્વભાવની એકાગ્રતાથી છૂટચો?" એમ જ્ઞાનીઓ કહે છે. પર દ્રવ્યોના કારણે દોષ થયો નથી. રસ્તામાં કૂવો હોય અને તેમાં કોઈ માણસ પડે તો કોનો દોષ? શું કૂવો વચ્ચે આવ્યો માટે તે પડ્યો ? તેણે જોઈને સાવધાનીથી ચાલવું હતું; કૂવો તો તેના ઠેકાણે જ પડ્યો હતો. કૂવાએ કાંઈ માણસને પરાણે ખેંચીને પાડ્યો ન હતો. જો માણસ પોતે કૂવાથી જુદા રસ્તે ચાલે તો કૂવો કાંઈ તેને બળજબરીથી પોતા તરફ ખેંચી લાવતો નથી. તેમ કાળ અને કર્મો વગેરે બધા પર દ્રવ્યો પોતપોતાના કારણે આ જીવથી ભિન્નપણે સ્થિત છે, તે કાંઈ આ જીવના પુરુષાર્થને બળજબરીથી રોકતા નથી, જીવ પોતે ઊંધા પુરુષાર્થ વડે પોતાના ઉપયોગને તે તરફ લઈ જઈને વિકારી થાય છે. જો સવળા પુરુષાર્થથી તે તરફના ઉપયોગને ખસેડીને, પોતાના સ્વભાવ તરફ પરિણમન કરે તો કાંઈ તે કાળ કે કર્મ વગેરે પર દ્રવ્યો તેને કાંઈ ઝાલીને ના પાડતા નથી.

માટે જીવોએ પ્રથમ તો પોતાના ચૈતન્ય સ્વભાવને પરથી ભિન્ન જાણીને, ચૈતન્યનો જે ઉપયોગ પર તરફ એકાગ્ર થઈ રહ્યો છે, તે ઉપયોગને પોતાના આત્મા તરફ એકાગ્ર કરવાનો છે, એટલે માત્ર પોતાનો ઉપયોગ બદલવાનો છે, એ જ ખરો મુક્તિનો ઉપાય છે.

'ઉપયોગ સ્વ તરફ એકાગ્ર કરવો' એટલે પોતાના ચૈતન્ય સ્વભાવને જાણવો તેનું નામ છે. 'સમ્યગ્જ્ઞાન' પોતાના ચૈતન્ય સ્વભાવની પ્રતીતિ-શ્રદ્ધા કરવી તેનું નામ છે. 'સમ્યગ્દર્શન' અને પોતાના ચૈતન્ય સ્વભાવમાં રમવું-જામી જવું-લીન થવું-સ્થિર થવું તે છે 'સમ્યક્ચારિત્ર'. આ એક પદમાં સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્ર ત્રણે સમાઈ જાય છે અને આ ત્રણની એકતાને જ મોક્ષમાર્ગ કહેવામાં આવે છે. ત્રણ કાળ ત્રણ લોકમાં આ જ એક મોક્ષમાર્ગ છે. આ જ એક સુખી થવાનો ઉપાય છે. અને તેનો

પુરુષાર્થ એ જ સત્ય પુરુષાર્થ છે. બધા જીવો એ સન્માર્ગને પ્રાપ્ત થાઓ !

## ૫૧. દિવ્ય ધ્વનિનો સાર.

૧) નિગોદથી માંડીને સિદ્ધ સુધીની સર્વ અવસ્થાઓમાં અશુભ, શુભ કે શુદ્ધ વિશેષોમાં રહેલું જે નિત્ય નિરંજન ટંકોત્કીર્ણ શાશ્વત એકરૂપ શુદ્ધ દ્રવ્ય સામાન્ય તે પરમાત્મા તત્ત્વ છે. તે જ શુદ્ધ અંતઃતત્ત્વ, કારણ પરમાત્મા, પરમ પારિણામિક ભાવ વગેરે નામોથી કહેવાય છે.

૨) આ પરમાત્મ તત્ત્વની ઉપલબ્ધિ અનાદિ કાળથી અનંત અનંત દુઃખને અનુભવતા જીવે એક ક્ષણ માત્ર પણ કરી નથી. અને તેથી સુખ માટેના તેના સર્વ ઉપાય સર્વથા વ્યર્થ ગયા છે. બોધનો એકમાત્ર ઉદ્દેશ જીવોને પરમાત્મ તત્ત્વની ઉપલબ્ધિ અથવા આશ્રય કરાવવાનો છે.

૩) "હું ધ્રુવ શુદ્ધ આત્મ દ્રવ્ય સામાન્ય છું" એવી સઅનુભવ શ્રદ્ધા પરિણતિથી માંડીને પરિપૂર્ણ લીનતા સુધીની કોઈ પણ પરિણતિને પરમાત્મતત્ત્વનો આશ્રય, પરમાત્મતત્ત્વનું આલંબન, પરમાત્મતત્ત્વ પ્રત્યે ઝોક, પરમાત્મ તત્ત્વ પ્રત્યે વલણ, પરમાત્મતત્ત્વ પ્રત્યે સન્મુખતા, પરમાત્મતત્ત્વની ઉપલબ્ધિ, પરમાત્મતત્ત્વની ભાવના, પરમાત્મતત્ત્વનું ધ્યાન કહેવાય છે.

૪) હે જગતના જીવો ! તમારા સુખનો એકમાત્ર ઉપાય પરમાત્મ તત્ત્વનો આશ્રય છે. સમ્યગ્દર્શનથી માંડીને સિદ્ધ સુધીની સર્વ ભૂમિકાઓ તેમાં સમાય છે. પરમાત્મ તત્ત્વનો જઘન્ય આશ્રય તે સમ્યગ્દર્શન છે; તે આશ્રય મધ્યમ કોટિની ઉગ્રતા ધારણ કરતાં જીવને દેશચારિત્ર, સકલચારિત્ર વગેરે દશાઓ પ્રગટ થાય છે અને પૂર્ણ આશ્રય થતાં કેવળજ્ઞાન અને સિદ્ધત્વ પામીને જીવ સર્વથા કૃતાર્થ થાય છે. આ રીતે પરમાત્મ તત્ત્વનો આશ્રય જ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે.

૫) પરમાત્મ તત્ત્વનો આશ્રય જ સત્યાર્થ પ્રતિક્રમણ, પ્રત્યાખાન, આલોચના, પ્રાયશ્ચિત, સામાયિક, ભકિત, આવશ્યક, સમિતિ, ગુપ્તિ, સંયમ, તપ, સંવર, નિર્જરા, ધર્મ, શુકલધ્યાન વગેરે બધુંય છે. એવો એક પણ મોક્ષના કારણરૂપ ભાવ નથી જે પરમાત્મ તત્ત્વના આશ્રયથી અન્ય હોય.

૬) પરમાત્મા તત્ત્વથી અન્ય એવા ભાવોને-વ્યવહાર પ્રતિક્રમણ, વ્યવહાર

પ્રત્યાખાન વગેરે શુભ વિકલ્પરૂપ ભાવોને-મોક્ષમાર્ગ કેવળ ઉપચારથી કહેવામાં આવે છે.

૭) પરમાત્મા તત્ત્વના મધ્યમ કોટિના અપરિપકવ આશ્રય વખતે તે અપરિપકવ્યતાને લીધે સાથે સાથે જે અશુદ્ધિરૂપ અંશ વિદ્યમાન હોય છે તે અશુદ્ધિરૂપ અંશ જ વ્યવહાર પ્રતિક્રમણ આદિ અનેક શુભ વિકલ્પાત્મક ભાવોરૂપે દેખાવ દે છે. તે અશુદ્ધિ અંશ ખરેખર મોક્ષમાર્ગ કેમ હોઈ શકે ? તે તો ખરેખર મોક્ષમાર્ગથી વિરુદ્ધ જ ભાવ છે એમ તમે સમજો.

૮) શુભ ભાવો દરેક જીવ અનંત વાર કરી ચૂક્યો છે. પરંતુ તે ભાવો તેને કેવળ પરિભ્રમણનું જ કારણ થયા છે. કારણ કે પરમાત્મા તત્ત્વના આશ્રય વિના આત્માનું સ્વભાવ પરિણમન અંશે પણ નહિ થતું હોવાથી તેને મોક્ષમાર્ગની પ્રાપ્તિ અંશ માત્ર પણ હોતી નથી.

૯) સર્વ જિનેન્દ્રોના દિવ્ય ધ્વનિનો સંક્ષેપ સાર એ છે કે ભયંકર સંસાર રોગનું એક માત્ર ઔષધ પરમાત્મ તત્ત્વનો આશ્રય છે.

"વચનામૃત વીતરાગના પરમ શાંત રસ મૂળ;
ઔષધ એ ભવ રોગના, કાયરને પ્રતિકૂળ"

૧૦)જ્યાં સુધી જીવની દૃષ્ટિ ધ્રુવ અચળ પરમાત્મતત્ત્વ ઉપર ન પડતા ક્ષણિક ભાવો ઉપર રહે છે ત્યાં સુધી અનંત ઉપાયે પણ તેના કૃતક ઔપાધિક ઉછાળા-શુભાશુભ વિકલ્પો શમતા નથી, પરંતુ જ્યાં તે દૃષ્ટિને પરમાત્મ તત્ત્વરૂપ ધ્રુવ આલંબન હાથ લાગે છે ત્યાં તો તે જ ક્ષણે તે જીવ (દૃષ્ટિ અપેક્ષાએ) કૃતકૃત્યતા અનુભવે છે, (દૃષ્ટિ અપેક્ષાએ) વિધિ-નિષેધ વિલય પામે છે, અપૂર્વ સમરસ ભાવનું વેદન થાય છે, નિજ સ્વભાવરૂપ પરિણમનનો પ્રારંભ થાય છે. અને કૃતક ઔપાધિક ઉછાળા ક્રમે ક્રમે વિરામ પામતા જાય છે.

૧૧)આ નિરંજન નિજ પરમાત્મા તત્ત્વના આશ્રયરૂપ માર્ગે જ સર્વ મુમુક્ષુઓ ભૂતકાળે પંચમ ગતિને પામ્યા છે, વર્તમાન કાળે પામે છે અને ભાવી કાળે પામશે.

૧૨)આ પરમાત્મા તત્ત્વ સર્વ તત્ત્વોમાં એક સાર છે, ત્રિકાળ-નિરાવરણ,

નિત્યાનંદ-એક સ્વરૂપ છે, સ્વભાવ-અનંત ચતુષ્ટયથી સનાથ છે, સુખ સાગરનું પૂર છે, ક્લેશોદધિનો કિનારો છે, ચારિત્રનું મૂળ છે, મુક્તિનું કારણ છે, સર્વ ભૂમિકાના સાધકોને તે જ એક ઉપાદેય છે, હે ભવ્ય જીવો ! આ પરમાત્મા તત્ત્વનો આશ્રય કરી તમે શુદ્ધ રત્નત્રય પ્રગટ કરો. એટલું ન કરી શકો તો સમ્યગ્દર્શન તો અવશ્ય કરો જ. એ દશા પણ અભૂતપૂર્વ અને અલૌકિક છે.

૫૨. ભવ્યને ભલામણ:

૧) હે ભવ્ય ! આત્મ કલ્યાણ માટે તું આ ઉપાય કર ! બીજા બધાય ઉપાય છોડીને આ જ કરવાનું છે. હિતનું સાધન બહારમાં લેશમાત્ર નથી. મોક્ષાર્થીએ સત્સમાગમે જ્ઞાનસ્વરૂપ આત્માનો નિશ્ચય કરવો. વાસ્તવિક તત્ત્વની શ્રદ્ધા વગર અંદરમાં વેદનની રમઝટ નહિ જામે.

૨) પ્રથમ અંતરથી સત્‌નો હકાર આપ્યા વગર સત્ સ્વરૂપનું જ્ઞાન થાય નહિ અને સત્ સ્વરૂપના જ્ઞાન વગર ભવ બંધનની બેડી તૂટે નહિ. ભવ બંધનના અંત વગર જીવન શા કામના ?

૩) ભવના અંતની શ્રદ્ધા વગર કદાચ પુણ્ય કરે તો તેનું ફળ રાજપદ કે દેવપદ મળે, પરંતુ આત્માને શું ? આત્માના ભાન વગરના તો એ પુણ્ય અને એ દેવપદ બધાય ધૂળધાણી જ છે, તેમાં આત્માની શાંતિનો અંશ પણ નથી. માટે પહેલાં શ્રુતજ્ઞાન વડે જ્ઞાન સ્વભાવનો દઢ નિશ્ચય કરતાં પ્રતીતમાં ભવની શંકા રહેતી નથી અને જેટલી જ્ઞાનની દઢતા થાય તેટલી શાંતિ વધતી જાય છે.

૪) ભાઈ ! પ્રભુ ! તું કેવો છો, તારી પ્રભુતાનો મહિમાં કેવો છે એ તે જાણ્યું નથી. તારી પ્રભુતાના ભાન વગર તું બહારમાં જેના-તેના ગાણાં ગાયા કરે છે તો તેમાં કાંઈ તને તારી પ્રભુતાનો લાભ નથી. તેં પરના ગાણાં ગાયા પણ પોતાના ગાણાં ગાયા નહિ, અર્થાત્ પોતાના સ્વભાવની મહત્તા જાણી નહિ તો તને શો લાભ ?

૫) ભગવાનની પ્રતિમા સામે કહે છે કે, ‘હે નાથ, હે ભગવાન ! આપ અનંત જ્ઞાનના ધણી છો...’ ત્યાં સામો પણ એવો જ પડઘો પડે છે ‘હે નાથ, હે ભગવાન! આપ અનંત જ્ઞાનના ધણી છો.’ એટલે કે જેવું પરમાત્માનું સ્વરૂપ છે, એવું જ તારું સ્વરૂપ છે, તેને તું ઓળખ; તો તને

તારી પ્રભુતાનો લાભ થાય !

૬) શુદ્ધાત્મ સ્વરૂપનું વેદન કહો, જ્ઞાન કહો, શ્રદ્ધા કહો, ચારિત્ર કહો, અનુભવ કહો કે સાક્ષાત્કાર કહો - જે કહો તે એક આત્મા જ છે. વધારે શું કહેવું ? જે કાંઈ છે તે આ એક આત્મા જ છે, તેને જુદા જુદા નામથી કહેવાય છે. કેવળીપદ, સિદ્ધપદ, સાધુપદ, શ્રાવકપદ એ બધા એક આત્મામાં જ સમાય છે. આરાધના, મોક્ષમાર્ગ એ વગેરે પણ શુદ્ધ આત્મામાં જ સમાય છે.

૭) આવા આત્મસ્વરૂપની સમજણ, જ્ઞાન, શ્રદ્ધા, દર્શન કે અનુભૂતિ એ જ નિશ્ચય સમ્યગ્દર્શન છે. અને એ સમ્યગ્દર્શન જ આત્માના સર્વ ધર્મનું મૂળ છે. સમ્યગ્દર્શનથી જ આત્માના સુખની શરૂઆત થાય છે, ધર્મની શરૂઆત થાય છે. આત્માનું સુખ અંતરમાં છે તે પ્રગટ અનુભવમાં આવે છે, આ અપૂર્વ સુખનો રસ્તો સમ્યગ્દર્શન છે.

૮) અખંડ આત્મ સ્વભાવ તે નિશ્ચય છે. અખંડ વિજ્ઞાનઘન સ્વરૂપ જ્ઞાન સ્વભાવી આત્મા તે નિશ્ચય છે. અને પરિણતિને સ્વભાવ સન્મુખ કરવી તે શુદ્ધ વ્યવહાર છે. મતિ-શ્રુતજ્ઞાનને સ્વ તરફ વાળવાના પુરુષાર્થરૂપી જે પર્યાય તે આત્માનો વ્યવહાર છે.

જ્યારે મતિ-શ્રુતજ્ઞાનને સ્વ તરફ વાળ્યા અને આત્માનો અનુભવ કર્યો તે જ વખતે આત્મા સમ્યક્‌પણે દેખાય છે-શ્રદ્ધાય છે-જણાય છે. આ સમ્યગ્દર્શન પ્રગટવા વખતની વાત છે.

'હું ભગવાન આત્મા સમયસાર છું' એમ જે નિર્વિકલ્પ શાંતરસ અનુભવાય છે તે જ સમયસાર છે અને તે જ સમ્યગ્દર્શન તથા સમ્યગ્જ્ઞાન છે.

૯) જેણે સંયોગને પોતાના માન્યા છે તે કયારેય સંયોગ રહિત થશે નહિ.

૧૦) ભગવાન ! તારી ભૂલ બતાવીએ છીએ, તે ભૂલ ટાળવા માટે બતાવીએ છીએ હો ! તારા અપમાન-અનાદર માટે નહિ.

૧૧) અહા ! બધાય આત્મા પરમાત્મા સ્વરૂપ છે - હું ય પરમાત્મા સ્વરૂપ અને તું ય પરમાત્મા સ્વરૂપ - તે બધાય પર્યાયમાં ભગવાન થાય એવી ભાવના કર !

૧૨) જ્ઞાયક ધ્રુવ સિવાય બીજો કયો પદાર્થ છે કે જેના આશ્રયે મોક્ષમાર્ગ પ્રગટ કરવાનું બળ મળે ? સાધનાનું બળ પ્રગટ થાય ? અહા ? આશ્રય કરે ભલે પર્યાય-પણ આશ્રય તો જ્ઞાયક ભૂમિનો જ છે.

૧૩) તારા સિવાય જો કોઈ પણ પર વસ્તુને અધિક માની અને તને પોતાને હીણો માન્યો તો તું નીચ-હીણો-નાલાયક છો.

૧૪) જેનો આદર કરે તે મળ્યા વિના રહે નહિ. આત્માનો અનાદર કરીને જો સંયોગોનો આદર કર્યો તો તે સંયોગ મળ્યા વિના રહેશે નહિ અને જો સ્વભાવનો આદર કર્યો તો સ્વભાવ મળ્યા વિના રહેશે નહિ.

૧૫) જ્ઞાયકના આશ્રય વિના પર્યાયમાં જે દુકાળ છે તે કેવી રીતે ટળશે ? ધ્રુવ જ્ઞાયકના અવલંબન વિના પર્યાયમાં સુકાળ ક્યાંથી થશે ? માટે-મોટાનો-જ્ઞાયકનો આશ્રય લે.

૧૬) ત્રિકાળને પ્રસિદ્ધ કરનાર ક્ષણીક છે - અનિત્ય, નિત્યનો નિર્ણય કરે છે. દ્રવ્યનો આશ્રય હોય, વેદન ન હોય. જ્યારે પર્યાયનું વેદન હોય, આશ્રય ન હોય. ત્રિકાળી દ્રવ્યનું લક્ષ ને ક્ષણિક પર્યાયનું વેદન.

૫૩. ભલા જીવોને ભલી ભલામણ:

બધાએ જીવનમાં એક ધ્યેય રાખવાનું - જ્ઞાયક આત્મા કેમ ઓળખાય? તે માટે તત્વના અભ્યાસથી (શ્રુતજ્ઞાનના અવલંબનથી) તત્વનો યથાર્થ નિર્ણય કરવાનો છે.

**હું જ્ઞાનાનંદ સ્વભાવી ભગવાન આત્મા છું અને સર્વથા સર્વથી ભિન્ન છું'**

જીવનમાં જે નિર્ણય કર્યો છે તે નિર્ણયની દઢતાથી આગળ જવાનું છે. અંદર પુરુષાર્થ કરવો. ભેદજ્ઞાનનો અભ્યાસ કરવો. ચૈતન્ય ભગવાન આત્મા રાગથી ભિન્ન છે. શુભ ભાવમાં દેવ-શાસ્ત્ર-ગુરુની મહિમા અને અંદરમાં જ્ઞાયક દેવની આરાધના-મહિમા કરવી.

બસ, બીજા બધા વિભાવ ભાવોને ગૌણ કરી દેવા અને જ્ઞાયક દેવને મુખ્ય કરીને જીવન ગાળવું. બસ, તે એક જ ધ્યેય રાખવું. જે ધ્યેય નક્કી કર્યું છે કે આ રીતે જીવન ગાળવું તે એક જ ધ્યેયની દઢતાથી આગળ જવાનું છે.

શાસ્ત્ર-સ્વાધ્યાય, દેવ-શાસ્ત્ર-ગુરુની મહિમા અને અંદરમાં શુદ્ધાત્મા કેમ ઓળખાય તે ધ્યેયની દઢતા રાખવી.

હું તો એક જ કહું છું અને તે એક જ કરવાનું છે કે એક આત્માને ઓળખો. બસ, તેમાં બધું આવી જાય છે. દેવ-શાસ્ત્ર-ગુરુના સાનિધ્ય માં રહીને તેમની અને આત્માની આરાધના કરવી. બસ, આ જ કરવાનું છે.

લૌકિક જીવન જુઓ ને ! કેવાં જાય છે ? સંસાર આખો વિષમ તાપથી સળગી રહ્યો છે. આ જીવન જે આત્મા માટે ગાળ્યું તે યથાર્થ જીવન છે, બાકી સંસારના બધા લૌકિક જીવન નકામા છે. લોકિકમાં તો આખો દિવસ ખાવું પીવું, વ્યવહાર રાખવા તે બધું હોય છે, તે બધું જીવન તે જીવન નથી.

મનુષ્ય જીવનમાં જ્ઞાયકનું ધ્યેય હોય અને દેવ-શાસ્ત્ર-ગુરુનું સાનિધ્ય મળે તેમાં જીવન જાય તો તે સફળ જીવન છે. બાકી તે વિના બધા જીવન સાવ નિષ્ફળ, તુચ્છ અને સૂકા છે. તે જીવન આદરવા યોગ્ય નથી. એક શુદ્ધ આત્મા આદરવા યોગ્ય છે. તેથી જે જીવનમાં આત્માનું કાંઈ કર્યું નહિ, તેની આરાધના કરી નહિ તથા દેવ-શાસ્ત્ર-ગુરુની મહિમા કરી નહિ તે જીવન નકામું છે.

**સાર:**

૧. એક જ ધ્યેય, 'જ્ઞાયક આત્મા કેમ ઓળખાય?'

૨. તત્વનો યથાર્થ નિર્ણય.

૩. અંદર પુરુષાર્થ કરવો, જ્ઞાન, શ્રદ્ધા નિર્મળ કરવા.

૪. ભેદ જ્ઞાનનો અભ્યાસ કરવો.

૫. અંદરમાં જ્ઞાયક દેવની આરાધના.

શુભ ભાવમાં દેવ-શાસ્ત્ર-ગુરુનો મહિમા, તેમના સાન્નિધ્યમાં રહીને આત્માની આરાધના કરવી. આ પાંચમાં જીવન જાય તે સફળ જીવન છે.

**મનુષ્યપણું પામીને જીવન કેમ જીવવા જેવું છે?:**

૧) આત્મા જે સ્વરૂપે છે તેનું સાચું જ્ઞાન અને શ્રદ્ધા કરવા જેવી છે.

૨) પુણ્ય-પાપ રહિત નિર્મળાનંદ આત્મસ્વભાવ ભગવાને કહયો છે તેને જો

જાણે તો મુક્તિ થયા વિના રહે નહિ.

૩) આ દાવ રાગથી ભિન્ન પરિપૂર્ણ આત્મા કેવો છે તેને અનંત કાળમાં એક સેકંડ પણ જાણ્યો નથી. જો જાણે તો મુક્તિ થયા વિના રહે નહિ. માટે આ મનુષ્યપણામાં એ જ કરવા જેવું છે.

૪) આ દાવ ચૂકવા જેવો નથી. જીવે પૂર્વે આત્મસ્વભાવની વાત સાંભળી છે, પણ અંતરમાં તેની રુચિ કરી નથી. મન-વાણી-દેહ રહિત જ્ઞાનમૂર્તિ સ્વભાવ છે, તેની સત્સમાગમે ઓળખાણ કર! મુનુષ્યપણું પામીને આ કરવા જેવું છે.

૫) જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત.....! ભાઈ! આત્માની સમજાણ તેં અનંત કાળમાં નથી કરી, તે અપૂર્વ છે. એવું સ્વરૂપ સમજવા બધાથી ભિન્ન નિજ સ્વરૂપનું ભાન કરવું પડશે.

૫૪. છેલ્લી ભલામણ :

૧) 'હું તો માત્ર જ્ઞાતા-દષ્ટા છું' - એવો વારંવાર અભ્યાસ કરવાથી, અંતરમાં જ્ઞાતા પણું પ્રગટ થતાં આત્મા જાણવામાં આવે છે અને પર તથા રાગનું કર્તાપણું છુટે છે. સમ્યદર્શન કરવાની આ વિધિ છે.

૨) ખરો જિજ્ઞાસુ અને ખરો આત્માર્થી હોય તેને સાચું ન આવે ત્યાં સુધી સંતોષ થાય જ નહિ. તેનો આત્મા જ કહી દે કે આ કાંઈ અંદરથી શાંતિ આવતી નથી, માટે આ યથાર્થ હોય તેને અંદરથી જ શાંતિ આવે. ઉતાવળ કરવાથી ખોટું ગ્રહણ થઈ જાય છે, સુક્ષ્મ રાગ પકડાતો નથી, અને કયાંક ને કયાંક પ્રશસ્ત રાગમાં રોકાઈ જાય છે. સૂક્ષ્મ રાગ પકડાતો નથી, અને અંદર શુભ રાગને છુટો પાડી શકતો નથી કે સુક્ષ્મ થઈને જ્ઞાનને ગ્રહણ કરી શકતો નથી. વારંવાર ભાવનાના વિકલ્પ આવે તેનાથી પણ જ્ઞાયક જુદો છે, તેમ અંદરથી યથાર્થ ગ્રહણ થવું જોઈએ. વિકલ્પ એ પણ રાગ છે અને યથાર્થ નિર્ણય એ જ્ઞાનની પર્યાય છે.

૩) ગમે તે પ્રસંગ હો, આત્માનું જ્ઞાતા-દષ્ટાપણે રહેવું તે જ શાંતિ છે. સંયોગો પ્રતિકૂળ હો કે અનુકૂળ, એ દરેક પ્રસંગમાં 'હુ એક શુદ્ધ ચૈતન્ય આનંદઘન છું એ દષ્ટિ ખસવી ન જોઈએ. મારુ અસ્તિત્વ સહજ એક જ્ઞાયક

ભાવ છે, તેમાં શરીરાદિ, પરનો કે રાગદિ વિભાવનો પ્રવેશ નથી અને મારો જે સ્વભાવ છે તે પરમાં જતો નથી - આવા ભાવ રહેવાથી પરના ગમે તે પ્રસંગમાં જીવને શાંતિ જ રહે, ખેદનો ખદખદાટ ન થાય. અહા! આવી વાત છે ! જ્ઞાનસ્વભાવી ભગવાન આત્માનો નિર્ણય એ જ એક મુખ્ય વાત છે.

૪) 'હુ તો જ્ઞાતા છું.'

અહા! ત્રિકાળી સહજ જ્ઞાન ને આનંદાદિ સ્વરૂપ પોતાના અસ્તિત્વની સ્થિતી, ભગવાન આત્માનું હોવાપણું, કયે પ્રસંગે નથી? જે જે પ્રસંગો અવે ત્યાં પોતાના હોવાપણાને યાદ કરે, વિચારે ને એમાં રહે તો અને અંદરથી શાંતિ મળે. શુભ ભાવનો પ્રસંગ હોય એટલું જ નહિ પણ અશુભ ભાવનો પ્રસંગ આવે તો પણ, તેનાથી ભિન્ન રહીને 'હુ તો જ્ઞાતા છું' એ વાત અંતરથી ખસવી ન જોઈએ; તો જ એને શાંતિ રહે. પરનું કાંઈક કરી દઉં તો મને શાંતિ મળે, પરની કાંઈક સગવડતા મળે તો મને ઠીક પડે-એવો અભિપ્રાય હોય ત્યાં સુધી તો અશાંતિ ને દુઃખ જ રહે.

૫) અનંત જ્ઞાન અને પૂર્ણ આનંદથી ભરેલું આ તત્વ છે. આવો આ આત્મા જગતના જીવોને સાંખ્યો જતો નથી. આવો આ આત્મા ત્રણ કાળમાં કદી પણ જડરૂપે થયો નથી. એણે માન્યું ભલે હોય કે હું કર્મરૂપે થઈ ગયો, રાગરૂપે થઈ ગયો, અલ્પ જ્ઞાનરૂપે થઈ ગયો. પણ એ કદી એ રૂપે થયો નથી. પ્રભુ! આ દેહમાં બિરાજમાન આત્માની વાત ચાલે છે હો! એની માન્યતામાં ભ્રમ છે પણ ભ્રમ ભાંગતા ભગવાન તો જેવો છે તેવો છે. આ વાત અનંત કાળમાં કોઈદિ એણે લક્ષમાં લીધી નથી. 'આવડો મોટો હું!' એ કેમ બેસે ? પામર વૃતિમાં પ્રભુનો સ્વીકાર થતો નથી. કંઈક પાપની વાસનામાં મજા માની લે, કંઈક પુણ્યના ફળોમાં બાદશાહી છે એમ માની લે પણ તેમાં અસલી બાદશાહી લૂંટાઈ જાય છે. પરમાત્મા એટલે પરમ સ્વરૂપ પોતે અકૃત્રિમ, અખંડ, અભેદ વસ્તુ છે એ લક્ષમાં આવવી જોઈએ.

**જો તું શક્તિહીન હો તો નિજ પરમાત્માનું શ્રદ્ધાન કરજે.**

હે મુનિ શાર્દૂલ! સંહનન અને શક્તિ હોય તો નિશ્ચય પ્રતિક્રમણ, નિશ્ચય પ્રત્યાખાન, નિશ્ચય આલોચના, નિશ્ચય સામાયિક વગેરે શુદ્ધ નિશ્ચય ક્રિયાઓ જ કર્તવ્ય છે.

જો આ દગ્ધકાળમાં તું શક્તિહીન હો તો તારે કેવળ નિજ પરમાત્મ તત્ત્વનું શ્રદ્ધાન જ કર્તવ્ય છે. સ્વાભાવિક વસ્તુ સ્વભાવથી જ પ્રગટ થાય એવી શ્રદ્ધા પાકી રાખજે પણ ખોટો બચાવ કરીશ નહિ કે થોડીક ગુરુની સહાય તો હોવી જોઈએ ને! નિમિત્તથી થોડું તો થાય ને! એવી ખોટી શ્રદ્ધા કરીશ નહિ.

કાળ હલકો છે ને શક્તિહીન હોય તો તું એવી ખોટી શ્રદ્ધા કરીશ નહિ. વીતરાગતા ન પ્રગટે તો આડું અવળું ગોટો વાળીશ નહિ. શક્તિહીન હો તો કેવળ નિજ પરમાત્મ તત્ત્વનું શ્રદ્ધાન કરજે. એ જ કર્તવ્ય છે.

શ્રદ્ધામાં ગોટા વાળ્યા તો ૮૪ ના અવતારમાં હાથ નહિ આવે, મરી જઈશ! કેવળ એક નિજ પરમાત્મ તત્ત્વનું શ્રદ્ધાન જ કર્તવ્ય છે.

વસ્તુ તો ત્રિકાળ નિરાવરણ છે, તેના અવલંબને જ મુકિતની અને મુક્તિના માર્ગની ઉત્પત્તિ છે, બીજો કોઈ રસ્તો છે નહિ. દર્શન પાહુડમાં કહ્યું છે કે શ્રદ્ધા ભ્રષ્ટ નહિ હોય ને ચારિત્ર ભ્રષ્ટ હશે તો તેની મુક્તિ થવાની જ. કેમ કે તેને ખ્યાલ છે કે આ દોષ છે તેથી તે દોષ ટાળશે ને મુક્તિ પામશે. માટે નિજ ભગવાનને પકડી રાખજે, તેની શ્રદ્ધાન રાખજે, એ જ કર્તવ્ય છે.

## વિદ્યમાન મહાપ્રભુને તું જાણ!

ભુતકાળની અનંતી પર્યાયો અને ભવિષ્યકાળની અનંતી પર્યાયો કે જે થઈ ગઈ છે અને જે હજુ થઈ નથી તે પર્યાયો ખરેખર પ્રગટ નથી, વિદ્યમાન નથી, અવિદ્યમાન છે. છતાં જ્ઞાન તેને પ્રત્યક્ષ જાણતું હોવાથી તે પર્યાયો વિદ્યમાન છે, ભૂતાર્થ છે, એમ જાણે છે. અહાહા....! ભૂત-ભાવી પર્યાયો અવિદ્યમાન હોવા છતાં જ્ઞાનમાં સીધા જણાતા હોવાથી જ્ઞાનમાં વિદ્યમાન જ છે, ભૂતાર્થ છે એમ જાણે છે-એ જ્ઞાનની દિવ્યતા છે! એ જ્ઞાનસ્વભાવની અચિંત્યતા છે!

જે પર્યાયો વિદ્યમાન નથી છતાં જ્ઞાન તેને વિદ્યમાનપણે જાણે છે તો ચૈતન્ય મહા પ્રભુ તે વિદ્યમાન જ છે, ભૂતાર્થ જ છે તેને જ્ઞાન વિદ્યમાનરૂપે કેમ ન જાણે? વસ્તુ સત્ છે ને! વિદ્યમાન છે ને! તો એ મહાપ્રભુને તું વિદ્યમાનરૂપે જાણને!

આહાહા.....! જેની હયાતી નથી તેને હયાત જાણે! તે પૂર્ણાનંદનો

નાથ પ્રભુ વર્તમાન વિદ્યમાન જ છે, હયાત જ છે તેને જાણ ને! ભાઈ! તારી નજરની આળસે વિદ્યમાન પ્રભુને દેખવો રહી ગયો. જેમાં જ્ઞાન, આનંદ આદિ ગુણોની અનંતતાનો અંત નથી એવો સચ્ચિદાનંદ પ્રભુ વિદ્યમાન જ છે તેને જાણ!

એક આત્માને જાણતાં સર્વ જાણી શકાય છે. કેમ કે આત્માનો સર્વને જાણવાનો સ્વભાવ છે. આત્મનો સ્વ-પર પ્રકાશક સ્વભાવ હોવાથી સ્વને જાણતા પર જણાઈ જાય છે.

**એક અખંડ આત્મા જ્ઞાયક:**

આત્મા તો સર્વજ્ઞ સ્વભાવી છે. સર્વજ્ઞ સ્વભાવ એટલે પોતાના અનંત ગુણો, તેની અનંત પર્યાયો અને લોકાલોકને જાણે એવી એની શક્તિ છે. એવી સર્વજ્ઞ શક્તિ જેમને પ્રગટ થઈ છે એવા સર્વજ્ઞ ભગવાને જેવો પૂર્ણ આત્મા જોયો તેવા પૂર્ણ આત્માનું સ્વરૂપ તેમની ૐકાર દિવ્યધ્વનિમાં આવ્યું તે આત્મા કેવો છે? તો પૂર્ણ જ્ઞાનઘન છે. અહીં પૂર્ણ શબ્દ સૂચક છે. પૂર્ણ એટલે ત્રણ કાળ ત્રણ લોકના દ્રવ્ય-ગુણ-પર્યાયો જાણવાનો એનો સ્વભાવ છે. એવું જે શરીરાદિથી ભિન્ન પૂર્ણ જ્ઞાનઘન આત્માનું સ્વરૂપ છે તેની દૃષ્ટિપૂર્વક શ્રદ્ધાન થતાં સમ્યગ્દર્શન થાય છે.

ભગવાન આત્માનું કોઈ અદ્ભૂત સ્વરૂપ છે. તેનું પૂર્ણ જ્ઞાન, પૂર્ણ આનંદ; પૂર્ણ ઐશ્વર્ય, પૂર્ણ સ્વચ્છતા, પૂર્ણ પ્રકાશ આદિ અનેક (અનંત) પૂર્ણ શક્તિઓથી ભરેલું ચમત્કારિક પરિપૂર્ણ સ્વરૂપ છે. એની શાંતિની પર્યાયને કરે એવા કર્તા ગુણથી પૂર્ણ છે, એનું જે કાર્ય આનંદ આદિ થાય એવી કર્મ શક્તિથી પૂર્ણ છે, જે સાધન થઈને નિર્મળ દશા પ્રગટ થાય એવા સાધન ગુણથી પૂર્ણ છે, જે નિર્મળતા આદિ પ્રગટે તે પોતે રાખે એવી સંપ્રદાન શક્તિથી પૂર્ણ છે, ઈત્યાદિ. સર્વજ્ઞ ભગવાનની વાણીમાં આત્માનું આવું પરિપૂર્ણ ચૈતન્યઘન સ્વરૂપ કહ્યુ છે. એનું યથાર્થ શ્રદ્ધાન થવાથી જ સમ્યગ્દર્શન થાય છે, ત્યારે જ ધર્મના પંથની ઓળખાણ થાય છે.

આત્માના પૂર્ણ સ્વરૂપને જોનારી જે દૃષ્ટિ તેને આધીન ભગવાન આત્મા

પ્રગટ થાય છે. શુદ્ધ નયને આધીન ભગવાન આત્મા પ્રગટ થાય છે. સમસ્ત પર દ્રવ્યોથી ભિન્ન, ઝળહળ આત્મજ્યોતી સ્વરૂપ છે, તે પ્રગટ થાય છે. શુદ્ધ નયને આધીન ભિન્ન આત્મજ્યોતિ અનુભવમાં આવે છે.

**સેવન એકનું જ (આત્માનું) કરવું.**

આ જ્ઞાન સ્વરૂપ આત્મા છે તે સ્વરૂપની પ્રાપ્તિના ઈચ્છક પુરુષોએ સાધ્ય-સાધક ભાવના ભેદથી બે પ્રકારે, એક જ નિત્ય સેવવા યોગ્ય છે, તેનું સેવન કરો.

આત્મા તો જ્ઞાન સ્વરૂપ એક જ છે. પરંતુ એનું પૂર્ણ રૂપ સાધ્યભાવ છે અને અપૂર્ણ રૂપ સાધકભાવ છે; એવા ભાવ ભેદથી બે પ્રકારે એક ને જ સેવવો.

આ ભગવાન આત્મા અંદરમાં જ્ઞાનઘન છે. તેમાં શરીર, વાણી કે કર્મ તો પ્રવેશી શકતા નથી. પરંતુ દયા, દાન આદિના વિકલ્પો કે વર્તમાન પર્યાય પણ એમાં પ્રવેશ પામતી નથી. આવા જ્ઞાન સ્વરૂપ આત્માને સ્વરૂપની પ્રાપ્તિની ઈચ્છક પુરુષોએ સાધ્ય સાધક ભાવના ભેદથી બે પ્રકારે એક જ નિત્ય સેવવા યોગ્ય છે. તેનું સેવન કરો.

જ્ઞાન સ્વરૂપ ભગવાન આત્માની પૂર્ણ સિદ્ધ પર્યાય એ સાધ્ય છે અને વર્તમાન સ્વભાવની પ્રતીતિ, જ્ઞાન અને રમણતા એ સાધક છે.

જ્ઞાયક ભાવની બે ભેદજ્ઞાનની પૂર્ણતાનો ભાવ એ સાધ્ય અને અપૂર્ણ સમ્યગ્જ્ઞાનરૂપ પરિણતિ એ સાધક. વચમાં દયા, દાન આદિ વિકલ્પો થાય એ કાંઈ સાધક નથી તથા તેનાથી મુક્તિ પણ પ્રાપ્ત થતી નથી.

પ્રકાશનો પુંજ જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા પોતે જ સાધક ભાવરૂપ થઈને પોતે જ સાધ્ય થાય છે, વચમાં કોઈ રાગાદિની વ્યવહાર રત્નત્રયના પરિણામની એને મદદ નથી. સાધક ભાવ અને સાધ્ય ભાવ એ બંનેમાં એકલો જ આત્મા જ્ઞાનરૂપે પરિણમે છે. વચમાં જે વ્યવહાર રત્નત્રય આવે છે તે સહાય કરે તેમ નથી.

**સ્વભાવનું સામાર્થ્ય :**

૧) અલ્પજ્ઞતામાં સર્વજ્ઞતાનો નિર્ણય સર્વજ્ઞ સ્વભાવને સામે રાખીને જ થઈ શકે છે. પર્યાયમાં તો સર્વજ્ઞતા છે નહિ અને બીજા સર્વજ્ઞ તો પર છે. તેથી તેને સામે રાખીને નિર્ણય થઈ શકે નહિ પણ પોતાના સર્વજ્ઞ સ્વભાવને સામે રાખીને અલ્પજ્ઞતામાં સર્વજ્ઞતાનો નિર્ણય થાય છે.

૨) દેવ-ગુરુ-શાસ્ત્ર કહે છે કે અમે તારી જ્ઞાનની પર્યાયમાં જ્ઞેય છીએ માટે તું જ્ઞેય નિષ્ટતાથી હટી જા. અમારી વાણી પણ જ્ઞેય છે અને જ્ઞેયની તત્પરતા એ સંસાર છે, જ્ઞાયક ઉપર તત્પર થા અને અમારા ઉપરથી તત્પરતા હટાવી દે.

૩) ચૈતન્યનું લક્ષણ બંધાણું છે એટલે એનું જોર ચૈતન્ય તરફ વળી રહ્યું છે. આ જ સ્વભાવ છે... આ જ સ્વભાવ છે-એમ સ્વભાવમાં જ જોર હોવાથી અમે તેને ઓછી ઋદ્ધિવાળો કેમ દેખીએ? મિથ્યાંદષ્ટિ હોવા છતાં તે સમ્યક્ સન્મુષ થઈ ગયો છે, તે સમ્યક્ લેવાનો જ છે.

૪) વાત ઈ છે કે બહિર્મુખ લક્ષ છે તે અંતર્મુખ કરવાની વાત છે. "લાખ વાતની વાત છે નિશ્ચય ઉર આણો" અંતર્મુખ થવું એ વાત છે. આત્માને ઉરમાં લાવો એ એક જ વાત છે.

૫) કાં તો ઈ થાય એના ભગવાનનો ને કાં તો થાય રાગનો! ત્રીજી કોઈ ચીજ એની નથી. કાં થાય રાગનો કાં વીતરાગ સ્વભાવનો, ત્રીજાનો ઈ થતો જ નથી. આમ વાત છે.

૬) પહેલું સ્વજ્ઞાન ચૈતન્યમૂર્તિને જ્ઞેય કરીને કરો. બીજું બધું જ્ઞાન તેમાં આવી જાય છે.

૭) તારામાં તું સમા, ગુરુની પ્રથમ આ આજ્ઞા છે. પ્રથમ દષ્ટિ વીતરાગ, જ્ઞાન વીતરાગ, સ્થિરતા વીતરાગ. આ જ ત્રણ કાળના તીર્થંકરોનો હુકમ છે.

૫૫. નિશ્ચયદષ્ટિથી દરેક જીવ પરમાત્મસ્વરૂપ જ છે. જિનવર ને જીવમાં ફેર નથી. ભલેને એકેન્દ્રિયનો જીવ હોય કે સ્વર્ગનો જીવ હોય. એ બધું તો પર્યાયમાં છે. વસ્તુ સ્વરૂપે તો પરમાત્મા જ છે. પર્યાય ઉપરથી જેની દષ્ટિ ખસીને સ્વરૂપ ઉપર દષ્ટિ થઈ છે એ તો પોતાને પણ પરમાત્મા સ્વરૂપ દેખે છે ને દરેક જીવને પણ પરમાત્મા સ્વરૂપ દેખે છે. સમ્યક્દષ્ટિ બધા જીવોને જિનવર જાણે છે અને જિનવરને જીવ જાણે છે. અહા! કેટલી વિશાળ દષ્ટિ! અરે, આ વાત બેસે તો કલ્યાણ થઈ જાય, પણ આવી કબૂલાતને રોકનારા માન્યતારૂપી ગઢનો પાર ન મળે! અહીં તો કહે છે કે ૧૨ અંગનો સાર એ છે કે જિનવર સમાન આત્માને દષ્ટિમાં લેવો કેમ કે આત્માનું સ્વરૂપ પરમાત્મસ્વરૂપ જ છે.

**(ગાથા ૨૫)**

૫૬. જેને સુખી થવું હોય તેને કહે છે કે શુદ્ધ ચૈતન્યવસ્તુ છે તે સર્વાંગ જ્ઞાનથી ભરેલી છે. તેની સન્મુખ થવું તે સુખી થવાનો માર્ગ છે, તે ધર્મ છે. સર્વાંગ જ્ઞાનથી ભરેલી ચૈતન્યવસ્તુમાં રહેતાં શુદ્ધતા થાય છે અને અશુદ્ધતા નાશ થાય છે તેનું નામ પોતાનું હિત એટલે કે કલ્યાણ છે.

(ગાથા ૭૭)

૫૭. નિશ્ચય મોક્ષમાર્ગ છે તે નિર્વિકલ્પ સમાધિ છે. તેનાથી ઉત્પન્ન થયેલ અતીન્દ્રિય આનંદનો અનુભવ જેનું લક્ષણ છે એવું સ્વ સંવેદનજ્ઞાન તે જ્ઞાન છે. શાસ્ત્ર ભણતર તે જ્ઞાન નથી. પણ નિર્વિકલ્પ-સ્વ સંવેદન-લક્ષણ તે જ્ઞાન છે. સુખાનુભૂતિમાત્ર લક્ષણ સ્વસંવેદન જ્ઞાનથી આત્મા જણાય તેવો છે, તે સિવાય જણાય તેવો નથી. નિર્વિકારી-સ્વસંવેદન જ્ઞાનથી જણાય તેવો છે પણ ભગવાનની વાણીથી જણાય તેવો નથી. આનંદની અનુભૂતિના સ્વસંવેદન જ્ઞાનથી જણાય એવો હું છું અને બધા આત્માઓ પણ એના સ્વસંવેદન જ્ઞાનથી એને જણાય એવા છે.

(ગાથા ૧૨૦)

૫૮. જેને આત્મા જણાયો છે એવો ધ્યાતા પુરુષ, ધર્મી જીવ કે જેને સ્વસંવેદના આનંદની અનુભૂતિ સહિતનું જ્ઞાન એક અંશે પ્રગટયું છે, તે પ્રગટેલી દશાનું ધ્યાન ધ્યાની-જ્ઞાની કરતો નથી. અનુભવની જે પર્યાય છે તે એકદેશ પ્રગટ પર્યાયરૂપ છે, છતાં ધ્યાતા પુરુષ, ધ્યેયનું ધ્યાન કરનારો પુરુષ, તે પ્રગટ પ્રર્યાયનું ધ્યાન કરતો નથી. ધર્મી કોનું ધ્યાન કરે છે? ધર્મી જીવને સમ્યગ્દર્શનની પર્યાય પ્રગટ છે છતાં પ્રગટેલાનું ધ્યાન કરતો નથી, તો કોનું ધ્યાન કરે છે?-કે એક સમયની પર્યાય પાછળ બિરાજમાન જે સકળ નિરાવરણ-અખંડ-એક-પ્રત્યક્ષ પ્રતિભાસમય-અવિનશ્વર-શુદ્ધ-પારિણામિકભાવ લક્ષણ-નિજ પરમાત્મ દ્રવ્યનું ધ્યાન કરે છે. સમ્યગ્દષ્ટિનું ધ્યેય શું છે? સમ્યક્દષ્ટિ ધર્મીનો વિષય શું?-કે ત્રિકાળી-આત્મા તે એનો વિષય છે કે જે સકળ-નિરાવરણ-એક અખંડ વસ્તુ છે.

(ગાથા ૧૨૨)

૫૯. દષ્ટિનું પરિણમન સ્વભાવમાં થયું તે થયું, પછી એને સંભારવું છે ક્યાં? એ તો રુચિનું પરિણમન થયું તે થયું તે સદાય રહ્યાં જ કરે છે, નિઃશંક છે

એમ સંભારવું પડતું નથી અને શુભાશુભમાં હોય કે આત્માના અનુભવમાં હોય તો પણ સમ્યક્નું પરિણમન તો જે છે તે જ છે.

(ગાથા ૨૧૨)

૬૦. હે ભગવાન! આપે જે ચૈતન્યનો ભંડાર ખોલી દીધો છે તેની પાસે કોણ એવો હોય કે જેને ચક્રવર્તીનો વૈભવ પણ તરણા જેવો ન લાગે? અહા ! અંતર અવલોકનમાં અમૃતરસ ઝરે છે અને બહારના અવલોકનમાં તો ઝેર અનુભવાય છે.

(ગાથા ૨૪૪)

૬૧. ભાઈ તારા માહાત્મ્યની શી વાત! જેનું સ્મરણ થતાં જ આનંદ આવે એના અનુભવના આનંદની શી વાત! અહો! મારી તાકાત તે કેટલી? જેમા નજરું નાખતાં નિધાન ખુલી જાય એ તે વસ્તુ કેવી? રાગને રાખવાનો તો મારો સ્વભાવ નહિ પણ અલ્પજ્ઞતાને પણ હું રાખી શકું નહિ-એમ પોતાને પ્રતીતિ આવતાં હું સર્વજ્ઞ થઈશ ને અલ્પજ્ઞ નહિ રહી શકું એમ ભરોસો આવી જાય છે.

(ગાથા ૩૦૩)

૬૨. જેમ રાગની મંદતા તે મોક્ષમાર્ગ નથી, જેમ વ્યવહાર સમ્યક્દર્શન તે મોક્ષમાર્ગ નથી કે મોક્ષનું કારણ નથી તેમ તેની સાથે રહેલું પરસત્તાવલંબી જ્ઞાન પણ મોક્ષમાર્ગ નથી કે મોક્ષનું કારણ નથી. સ્વસત્તાને પકડવાની લાયકાતવાળું જ્ઞાન જ મોક્ષનું કારણ છે. જ્ઞાનાનુભૂતિ- આત્માનુભૂતિ એ જ મોક્ષનું કારણ છે

(ગાથા ૩૨૭)

૬૩. અરે ભાઈ! તું રાગાદિથી નિર્લેપસ્વરૂપ છો! કષાય આવે તો તેને જાણવો તે તારી પ્રભુતા છે. કષાયને મારા માનવા તે તારી પ્રભુતા નથી. તું નિર્લેપ વસ્તુ છો. તને કષાયનો લેપ લાગ્યો જ નથી. આત્મા તો સદાય કષાયોથી નિર્લેપ તરતો ને તરતો જ છે. જેમ સ્ફટિકમણિમાં પરનું પ્રતિબિંબ પડે છે તેમ ક્ષાય ભાવો - વિભાવો જ્ઞાનમાં જણાય છે તે તારામાં પેઠા નથી. તું નિર્લેપ છો. વ્રતાદિના વિકલ્પ આવે તે સંયોગીભાવ જ્ઞાયકથી ભિન્ન છે.

જ્ઞાયકની જાતના નથી તેથી કજાત છે. પરજાત છે, પરજ્ઞેય છે. સ્વજાત - સ્વજ્ઞેય નથી. તું જ્ઞાયકસ્વરૂપ નિર્લેપ પ્રભુ છો. એ પ્રભુતાનો અંતરથી વિશ્વાસ કરતાં પર્યાયમાં પ્રભુતા પ્રગટે છે.

**(ગાથા ૩૭૪)**

૬૪. જાણનાર... જાણનાર... જાણનાર તે માત્ર વર્તમાન પુરતું સત્ નથી. જાણનાર તત્ત્વ તે પોતાનું ત્રિકાળી સત્ બતાવી રહ્યું છે. જાણનારની પ્રસિદ્ધિ તે વર્તમાન પુરતી નથી પણ વર્તમાન છે તે ત્રિકાળીને પ્રસિદ્ધ કરી રહ્યું છે. વર્તમાન જાણનાર અસ્તિ તે ત્રિકાળી અસ્તિ-સત્‌ને બતાવે છે.

**(ગાથા ૪૧૮)**

૬૫. દરેક જીવ સુખ ઇચ્છે છે અને દુઃખથી ડરે છે. સુખ જીવનો સ્વભાવ છે. આત્મા અનંત સુખનું ધામ છે. એ સુખ પ્રગટ કરવા અરિહંત ભગવંતોએ મોક્ષમાર્ગ બતાવ્યો છે. મોક્ષશાસ્ત્રમાં શ્રી ઉમાસ્વામી આચાર્યે પ્રથમ જ સૂત્રમાં કહ્યું છેઃ '**सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः** સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ત્રણે મળીને મોક્ષનો માર્ગ છે અર્થાત્ મોક્ષની પ્રાપ્તિનો ઉપાય છે.

નિયમસાર ગાથા ૨ ની ટીકામાં લખ્યું છે કેઃ-

નિજ પરમાત્મા તત્ત્વના સમ્યક્ શ્રદ્ધાન-જ્ઞાન-અનુષ્ઠાનરૂપ રત્નત્રયાત્મક માર્ગ પરમ નિરપેક્ષ હોવાથી મોક્ષમાર્ગ છે અને તે શુદ્ધ રત્નત્રયનું ફળ નિજ શુદ્ધાત્મની પ્રાપ્તિ છે.

અજ્ઞાનદશામાં જીવો દુઃખ ભોગવી રહ્યા છે તેનું કારણ એ છે કે તેઓને પોતાના સ્વરૂપની ભ્રમણા છે. આત્મસિદ્ધિ શાસ્ત્રમાં શ્રીમદ્ રાજચંદ્રે પ્રથમ જ ગાથામાં લખ્યું છે, '**જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત...**'

આ સ્વરૂપ સંબંધી ભ્રમણાને 'મિથ્યાદર્શન' કહેવામાં આવે છે. મિથ્યાદર્શનનો અર્થ ખોટી માન્યતા છે. પોતાના સ્વરૂપની ખોટી માન્યતા હોય ત્યાં પોતાના સ્વરૂપનું જ્ઞાન જીવને ખોટું જ હોય; ખોટા જ્ઞાનને 'મિથ્યાજ્ઞાન' કહેવામાં આવે છે. જ્યાં સ્વરૂપની ખોટી માન્યતા અને ખોટું જ્ઞાન હોય ત્યાં ચારિત્ર પણ ખોટું હોય; આ ખોટા ચારિત્રને 'મિથ્યાચારિત્ર' કહેવામાં આવે

છે. અનાદિથી જીવોને 'મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્ર' ચાલ્યા આવે છે તેથી જીવો અનાદિથી દુઃખ ભોગવી રહ્યા છે.

પોતાની આ દશા જીવ પોતે કરતો હોવાથી પોતે તેને ટાળી શકે. એ ટાળવાનો ઉપાય 'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર' જ છે, બીજો કોઈ નથી. તે ઉપરથી સિદ્ધ થાય છે કે બીજા જે ઉપાયો જીવ સતત કર્યા કરે છે તે બધા ખોટા છે.

જીવ ધર્મ કરવા માંગે છે પણ સાચા ઉપાયની ખબર નહિ હોવાથી તે ખોટા ઉપાયો કર્યા વિના રહે નહિ, માટે જીવોએ આ મહાન ભૂલ ટાળવા માટે પ્રથમ 'સમ્યગ્દર્શન' પ્રગટ કરવું જોઈએ. તે વિના ધર્મની શરૂઆત કદી કોઈ જીવને થાય જ નહિ. ધર્મનું મૂળ 'સમ્યગ્દર્શન' છે. તે પ્રાપ્ત કરવા માટે ઘણા બધા જુદા જુદા પ્રયોજનભૂત વિષયોનું જ્ઞાન અત્યંત આવશ્યક છે. મોક્ષશાસ્ત્રમાં સમ્યગ્દર્શનનું લક્ષણ આ પ્રમાણે બતાવવામાં આવ્યું છે. **'तत्वार्थ श्रद्धानम् सम्यग्दर्शनम्'** તત્વના સ્વરૂપ સહિત જીવાદિ પદાર્થોની શ્રદ્ધા કરવી તે સમ્યગ્દર્શન છે.

જે જીવ પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયાત્મક નિજ આત્માને જાણીને પોતાના અખંડ-અભેદ-શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય સામાન્યનો અંતરમાં આશ્રય કરે છે તેનો મિથ્યાત્વ મોહ નાશ પામે છે અને તેને મોક્ષસુખના બીજરૂપ સમ્યગ્દર્શન ને સ્વાનુભૂતિ પ્રગટ થાય છે.

મોક્ષમાર્ગમાં પ્રવર્તતા પાત્ર જીવોને યોગ્ય માર્ગદર્શન મળી રહે એ હેતુથી આ પ્રતમાં જુદા જાદા વિષયોનું સંકલન કરવાનો નમ્ર પ્રયત્ન કરેલ છે. બધા જ ભવ્ય પાત્ર જીવો આ વિષયોનો ધીરજપૂર્વક અને ગંભીરતાથી અભ્યાસ કરી સમ્યગ્દર્શન અને પરંપરાએ મોક્ષ પામે એ જ વિનમ્ર ભાવના!

૬૬. પુજ્ય ગુરુદેવશ્રીના મંગલ આર્શીવાદ :

સમ્યદર્શન પામશે... પામશે... પામશે જ ! શાસ્ત્રવાંચન, વિચાર, શ્રવણ મનન કરીને સંસ્કાર દઢ કરતા મુમુક્ષુ સમ્યગ્દર્શન પામશે જ !

મીઠાં મધુરાં આવા શાસ્ત્રો છે, એને વાંચવાને વખત લ્યે, એને વાંચે, વિચારે અને સંસ્કાર તો નાખે! ભલે આ ભવે સમ્યગ્દર્શન ન થાય, પણ એના

સંસ્કાર નાખીને પુણ્યબંધ કરે તો પણ એ સ્વર્ગમાં કે સારા મનુષ્યપણામાં જાય. બે-ચાર-પાંચ કલાક વાંચન-વિચાર-મંથન કરે કે રાગથી ભિન્ન આત્મતત્ત્વ શું ચીજ છે? એમ રાગથી ભિન્ન પડવાના સમ્યક્ સંસ્કાર નાખે અને ભિન્ન પડવાના ભવમાં પુણ્ય પણ સાથે છે. તેથી તે જીવ ભલે આ ભવમાં સમ્યગ્દર્શન ન પામે તો પણ એ સ્વર્ગમાં કે સારા મનુષ્યભવમાં જઈને ત્યા સમ્યગ્દર્શન પામશે, પામશે જ - એમ અહીં વાત છે, ન પામે એ વાત છે જ નહિ. અહિં તો પામશે જ- એ એક વાત છે. અપ્રતિહતની વાત છે, કેમ કે દરરોજ બે ચાર કલાક આવી વાત સાંભળીને-વાંચીને એણે અંદર એવા સંસ્કાર નાખ્યા છે કે આ રાગ તે હું નહિ, પણ અંદર ચિદાનંદ ભગવાન તે હું - એમ સંસ્કાર નાખ્યા છે; જેમ માટીનું નવું માટલું હોય તેમાં પાણીનું ટીપું પડે તો ચૂસાઈ જાય પણ ચૂસાઈ જવા છતાં વધતાં વધતાં ઉપર આવે છે, તેમ ત્રણે કાળે અને ત્રણે લોકમાં હું રાગથી ભિન્ન છું, પુણ્ય પરિણામને ને મારે કાંઈ સંબંધ નથી એવા જ્ઞાનના આત્મામાં સંસ્કાર પાડે તો પણ એ આગળ વધીને કાં તો સ્વર્ગમાં જઈને કાં તો મહાવિદેહમાં પરમાત્મા બીરાજે છે ત્યાં મનુષ્યપણે જન્મીને પોતાના આત્મકલ્યાણને-સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરી લેશે જ !

આવા માર્ગના જેને અંદરમાં સંસ્કાર બેસશે તેને પુણ્ય પણ ઘણું થઈ જાય, એવા જીવોને કાં તો સારું મનુષ્યપણું મળે જ્યાં - મહાવિદેહમાં - ભગવાનનો યોગ હોય ને કાં તો સ્વર્ગમાં જાય ને પછી ભગવાન પાસે જાય. માટે શાસ્ત્રવાંચન - વિચાર-શ્રવણ-મનન કરવું ને આ સંસ્કાર નાખવા.

તું સત્‌ની ઉંડી જિજ્ઞાસા કર, જેથી તારો પ્રયત્ન બરાબર ચાલશે. તારી મતિ સરળ ને સવળી થઈ આત્મામાં પરિણમી જશે. સત્‌ના સંસ્કાર ઊંડા નાખ્યા હશે તો છેવટે બીજી ગતિમાં પણ સત્ પ્રગટશે. માટે સત્‌ના ઊંડા સંસ્કાર રેડ. મહેનત ફોગટ નહિ જાય.

જીવ એકલો આવ્યો, એકલો રહે છે અને એકલો જ જાય છે તે એકલો જ છે, તેને જગત સાથે શો સંબંધ છે? ભાઈ! આ શરીરના રજકણ અહીં જ પડ્યા રહેશે અને આ મકાન-મહેલ પણ બધાં પડયા જ રહેશે. એમાંની કોઈ ચીજ તારા સ્વરૂપમાં નથી, એ બધી જીવ સ્વરૂપથી ભિન્ન છે. તું તો જ્ઞાનાનંદ સ્વરૂપ ભગવાન આત્મા છો ને !

પ્રભુ! તું તેમના મોહપાશમાંથી નીકળી જા. હવે લુંટાવાનું રહેવા દે. તું તારા એકત્વ - વિભક્તપણાને (પોતાથી એકત્વ અને પરથી વિભક્ત) પામી એકલો નિજાનંદને ભોગવ.

**૬૭. 'જો ઇચ્છો પરમાર્થ તો કરો સત્ય પુરુષાર્થ' :**

સ્વભાવની અનુભૂતિ કરવી તે પોતાના હાથની-પુરુષાર્થની વાત છે. 'મૂળ તત્ત્વ શુદ્ધાત્મા છે તેને જો' તે શુદ્ધાત્મા જ્ઞાનસ્વરૂપી જ્ઞાનથી વણાયેલો છે, તેમાં અધૂરૂં જ્ઞાન નથી. અધૂરૂં દર્શન નથી, પણ તે પરિપૂર્ણ જ્ઞાન, દર્શન ને સંયમની - ચારિત્રની મૂર્તિ છે.

ચૈતન્ય દ્રવ્ય મિથ્યાત્વને લઇને વિપરીત પરિણમ્યું છે, પણ સ્વભાવે દર્શન-જ્ઞાન-સંયમની મૂર્તિ છે; તે પોતાનું આચરણ છોડીને વસ્તુતઃ પરમાં ગયું નથી, સંયમમય તેનો સ્વભાવ છે. પર્યાયમાં ઊંધું થઇ ગયું છે તો પણ તે છે તો જ્ઞાનમૂર્તિ, દર્શનમૂર્તિ, સંયમમૂર્તિ, જ્યાં વિકલ્પોની આકુળતા નથી, એવી નિરાકુળ આનંદમૂર્તિ ચૈતન્ય-જ્ઞાનની મુદ્રા, સંયમની મુદ્રા આનંદની મુદ્રા એવી આશ્ચર્યકારી અનુપમ મુદ્રાવાળું ચૈતન્ય-અનાદિકાળથી બહારમાં અટવાઇ ગયેલ છે.

જ્ઞાનીઓ કહે છે 'હે ભાઇ! તું પાછો વળ, પાછો વળ; તારા ઘરમાં જા, તારા ઘરમાં જા, તારા ઘરમાં જ બધી રિદ્ધિ સિદ્ધિ ભરેલી છે. બહારમાં ક્યાં ગોતે છે? જ્યાં અનંત ગુણોથી ભરપુર ચૈતન્ય પ્રભુનો દરબાર છે ત્યાં - તારા ઘરમાં જા ને!' તે ગુણમૂર્તિ ચૈતન્યપ્રભુને જે ઓળખે છે તે ધન્ય છે!

ચૈતન્ય દ્રવ્ય પર દૃષ્ટિ કરે તો બધી પર્યાયો (યથા સંભવ) શુદ્ધ પરિણમે, આખી દિશા બદલાઇ જાય, વિભાવની દશા પર તરફ છે, દ્રવ્યસ્વભાવ તરફ દૃષ્ટિ જતાં પર્યાયમાં આખી દિશા બદલાય છે. શુદ્ધતારૂપ પરિણમન થાય છે.

જેમ પશ્ચિમમાંથી પૂર્વ તરફ મુખ ફેરવે તેમ દ્રવ્ય તરફ મુખ ફેરવતાં પર્યાયને પીઠ દેવાણી, દૃષ્ટિ ગઇ ભગવાન તરફ, નયન ભગવાનને નિરખવા લાગ્યા, હાથ તે તરફ જોડાવા માંડ્યા, સાધકના પગલાં તે તરફ ભરાવા માંડ્યાં. એવા મંગલમય ભગવાનના દર્શનથી પર્યાયમાં મંગલ પ્રભા પ્રસરી, અંતરમાં એવા જ્ઞાયકદેવનો સ્વીકાર કરતાં પર્યાયમાં એ જ્ઞાયકના દર્શન થાય છે. એ જ

સમ્યગ્દર્શન છે, એ જ સ્વાનુભૂતિ-આત્માનુભૂતિ છે. એ જ સત્ય પુરુષાર્થનું પરિણામ છે!

**૬૮. સમ્યક્ત્વને નમસ્કાર !**

હે સર્વોત્કૃષ્ટ સુખના હેતુભૂત સમ્યગ્દર્શન! તને અત્યંત ભક્તિથી નમસ્કાર હો! આ અનાદિ અનંત સંસારમાં અનંત જીવો તારા આશ્રય વિના અનંત અનંત દુ:ખને અનુભવે છે.

તારા પરમ અનુગ્રહથી સ્વ સ્વરૂપમાં રુચિ થઈ, પરમ વીતરાગ સ્વભાવ પ્રત્યે પરમ નિશ્ચય આવ્યો. કૃતકૃત્ય થવાનો માર્ગ ગ્રહણ થયો.

હે જિન વીતરાગ ! તમને અત્યંત ભક્તિથી નમસ્કાર કરું છું. તમે આ પામર પ્રત્યે અનંત અનંત ઉપકાર કર્યો છે.

હે કુંદકુંદાદિ આચાર્યો ! તમારા વચનો પણ સ્વરૂપ અનુસંધાનને વિષે આ પામરને પરમ ઉપકારભૂત થયા છે. તે માટે હું તમને અતિશય ભક્તિથી નમસ્કાર કરું છું.

**૬૯. ધર્મ શું છે? :**

આત્માનો સ્વભાવ ત્રિકાળી છે, તેમાં જે એક સમય પૂરતી વિકારી પર્યાય તેનું લક્ષ ગૌણ કરીને અખંડ-પરિપૂર્ણ સ્વભાવનું દર્શન કરાવવું તે જૈન ધર્મ છે.

**૭૦. ધર્મનું સ્વરૂપ શું છે? :**

ધર્મની વ્યાખ્યા મુખ્ય રીતે ચાર પ્રકારે વિસ્તારથી કહેલ છે.

(૧) વસ્તુ સ્વભાવરૂપ ધર્મ.

(૨) સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ત્રિરત્ની ધર્મ.

(૩) ઉત્તમ ક્ષમાદિ દશ લક્ષણરૂપ ધર્મ.

(૪) અહિંસા પરમો ધર્મ.

આ બધામાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પ્રધાનતા છે. એ નિશ્ચય રત્નત્રયી જ મોક્ષમાર્ગ છે. નિશ્ચયથી સાધવામાં આવે તો ધર્મનો એક જ

પ્રકાર છે અને તે ધર્મની શરૂઆત શુદ્ધાત્માના અનુભવરૂપ સમ્યગ્દર્શનપૂર્વક જ થાય છે. સમ્યગ્દર્શન વિના બધી જ ક્રિયાઓ શૂન્ય છે, એકડાં વિનાના મીંડા છે. ધર્મની શરૂઆત જ ત્યાંથી થાય છે.

**૭૧. ધર્મનો આધાર કોના ઉપર છે ? :**

એક કરફ સંયોગ છે અને બીજી તરફ સ્વભાવ; બન્ને એક સમયે છે. ત્યાં વર્તમાન જ્ઞાનની પર્યાયની દષ્ટિ કોના પર છે તેના પર ધર્મનો આધાર છે. સંયોગ પર દષ્ટિ છે તો અધર્મ થાય છે અને જો સ્વભાવ પર દષ્ટિ એક સમયમાત્ર સ્થિર રહે તો સમ્યગ્દર્શન પર્યાયમાં પ્રગટ થાય છે. સ્વદ્રવ્ય (આત્મા) સ્વભાવ છે અને બધા જ પરદ્રવ્યો સંયોગ છે.

**૭૨. જૈન ધર્મ આત્મધર્મ છે.**

વસ્તુના સ્વભાવને ધર્મ કહે છે. જે વસ્તુનો સ્વભાવ છે તે જ તેનો ધર્મ છે. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય, અનંત સુખ વગેરે અનંત ગુણોનો પિંડ જે આત્મા છે, તેઓ જ આત્માને ધારણ કરે છે તેથી તે જ આત્મધર્મ છે.

વસ્તુનો ત્રિકાળી સ્વભાવ તો હંમેશા વિદ્યમાન છે. એને શું છોડવો? શું પ્રાપ્ત કરવો? એને તો જાણવો છે, સમજવો છે, માનવો છે, શ્રદ્ધવો છે, અનુભવવો છે. એમાં જ લીનતા, રમણતા કરવી તે આત્મધર્મ છે.

આત્માનો સ્વભાવ મૂળથી આત્મધર્મ છે. એની સન્મુખ થઈ, એનો આશ્રય કરી, એને જાણી એની શ્રદ્ધા કરી, એમાં જ રમી જવું, જામી જવું, સમાઈ જવું એ સ્વભાવ પર્યાયરૂપ ધર્મ છે. જેને મુક્તિનો માર્ગ ત્રિરત્ની ધર્મ કહે છે. સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન સમ્યગ્ચારિત્ર એ ત્રણેની એકતારૂપ ધર્મ જ મુક્તિનો માર્ગ છે. આ જ એક કર્તવ્ય છે. તે જ પ્રાપ્ત કરવો યોગ્ય ધર્મ છે.

આત્માને સુખ-શાંતિ પ્રાપ્ત કરાવવાવાળા ધર્મની જ જિનેશ્વરોએ પ્રરૂપણા કરી છે, તે ધર્મ આત્મધર્મ છે, કે જે મોક્ષમાર્ગ છે, દુઃખ મુક્તિનો ઉપાય છે. શુદ્ધાત્માનો અનુભવ તે જ સાચો મોક્ષમાર્ગ છે.

**अनुभव चिंतामनि रतन, अनुभव है रसकूप ।**

**अनुभव मारग मोखकौ, अनुभव मोख सरूप ।**

वस्तु विचारत ध्यावतैं, मन पावै विश्राम ।

रस स्वादत सुख ऊपजै, अनुभौ याकौ नाम ।

૭૩. ધર્મ શું છે ?

૧) દરેક જીવ સુખ ઇચ્છે છે, દુઃખથી ડરે છે. સુખ જીવનો સ્વભાવ છે. અનાદિકાળથી જીવને સુખનું અને પોતાના સાચા સ્વરૂપનું ભાન ન હોવાથી, તે સુખ પ્રાપ્તિના ખોટા ઉપાય કરે છે અને પરિણામે દુઃખ ભોગવે છે. **'જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત'....!**

૨) સુખ એ કોઇ વસ્તુ નથી કે જે બહારથી પ્રાપ્ત થાય અને તેને ભોગવી શકાય. સુખ એ માત્ર અનુભૂતિનો વિષય છે. પોતાના સ્વસંવેદન જ્ઞાન દ્વારા એનો અનુભવ થઇ શકે છે.

૩) અનુભવ એ એક ધ્યાનની અવસ્થા છે, સ્થિતિ છે. ધ્યાનની સાદી વ્યાખ્યા આ મુજબ છે. 'જ્ઞાન' એટલે જાણવું અને આંતરો પાડ્યા વગર સતત પોતાને જાણતાં રહેવું એને ધ્યાન કહેવામાં આવે છે.

૪) ધ્યાનના મુખ્ય ચાર પ્રકાર છે :

૧. આર્ત ધ્યાન ૨. રૌદ્ર ધ્યાન ૩. ધર્મ ધ્યાન ૪. શુકલ ધ્યાન..

૫) હવે ધ્યાનમાં ત્રણ વસ્તુ હોય છેઃ

૧. જેનું ધ્યાન કરવામાં આવ તે ધ્યેય... !

૨. જે ધ્યાન કરે તે ધ્યાતા.

૩. ધ્યાનની પ્રક્રિયા. ધ્યેય અને ધ્યાતા એ બન્ને આત્માના જ બે પડખાં છે.

(૧)નિત્ય - ધ્રુવ પડખું (૨) અનિત્ય - સમયે સમયે બદલાતું પડખું.

(૧)નિત્ય - ધ્રુવ - અખંડ - અભેદ જ્ઞાયકસ્વભાવ તે ધ્યેય છે.

(૨)અનિત્ય-સમયે સમયે પલટાતી વર્તમાન જ્ઞાનની પર્યાય ધ્યાતા છે.

૬) આવું બે પડખાંવાળું આત્માનું સ્વરૂપ સમજવાની જરૂર છે. દરેક દ્રવ્ય

ઉત્પાદ - વ્યય-ધ્રૌવ્યાત્મક છે અથવા તો દ્રવ્ય-ગુણ-પર્યાયાત્મક છે. દરેકની વ્યાખ્યા જોઈએ.

દ્રવ્ય : ગુણોના સમુહને દ્રવ્ય કહેવામાં આવે છે.

ગુણ : દ્રવ્યના પુરા ભાગમાં હોય અને તેની દરેક અવસ્થામાં હોય તેને ગુણ કહેવામાં આવે છે..

પર્યાય :ગુણોની બદલાતી અવસ્થાને પર્યાય કહેવામાં આવે છે.

દ્રવ્યનું એવું સ્વરૂપ છે કે તે હંમેશા પોતાના ગુણોને ટકાવી (ધ્રુવ રાખી), સમયે સમયે ગુણોની અવસ્થા બદલાય (ઉત્પાદ-વ્યયરૂપ) જેને પર્યાય કહેવામાં આવે છે.

હવે, આત્મા પણ એક દ્રવ્ય છે. અનંતગુણોનો સમુહ છે. તેના મુખ્ય ગુણ અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય અને અનંત સુખ છે. તે ગુણોની અવસ્થા સમયે સમયે પલટાયા કરે છે. આવું આત્માનું સ્વરૂપ સમજવાથી ધ્યાનની પ્રક્રિયા સમજાય છે. જે નિત્ય પડખું-ધ્રુવ પડખું તે ધ્યાનનો વિષય ધ્યેય છે અને વર્તમાન જ્ઞાનની એક સમયની પર્યાય તે ધ્યાતા છે. હવે પ્રશ્ન એ છે કે વર્તમાન જ્ઞાનની પર્યાય કોને પોતાની દૃષ્ટિનો વિષય બનાવે છે.

૭. આ લોકમાં છ દ્રવ્ય છે.

૧) જીવ ૨) પુદ્‌ગલ ૩) ધર્માસ્તિકાય ૪) અધર્માસ્તિકાય

૫) આકાશ ૬) કાળ.

નિજ ભગવાન આત્મા સ્વદ્રવ્ય છે અને બીજા બધા પરદ્રવ્ય છે.

૮. જ્યારે જ્ઞાનની પર્યાય પરનું લક્ષ કરે છે ત્યારે અજ્ઞાન અવસ્થામાં નિયમથી રાગ-દ્વેષના પરિણામ થાય છે. જેને આર્તધ્યાન અથવા રૌદ્રધ્યાનનું સ્વરૂપ બતાવવામાં આવ્યું છે. જેનાથી જીવ અનાદિકાળથી પરિચિત છે અને જેના પરિણામમાં દુઃખની અનુભૂતિ થાય છે.

૯. હવે એ જ જ્ઞાનની પર્યાય જો પોતાના સ્વભાવ સન્મુખ થાય, તેને ધ્યેય બનાવી તેનો આશ્રય કરે, તેની તરફ લીન થાય, અને તેમાં જો અભેદરૂપે એક સમય માટે પરિણમી જાય તો એ સ્થિતિને ધર્મ ધ્યાન કહેવામાં આવે છે. એ આત્માના અનુભવની દશામાં પ્રથમ સુખનો અનુભવ થાય છે. તે જ

આત્માનુભૂતિને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. ત્યાંથી જીવની ધર્મની શરૂઆત થાય છે. ગુણસ્થાનકથી વિચારીએ તો જીવ પ્રથમ ગુણસ્થાનકથી આગળ વધીને ચોથા ગુણસ્થાને આવ્યો એમ કહેવામાં આવે છે. તેને જ સમકિત કહે છે.

૧૦) હવે એ પર્યાયની જેમ જેમ આત્મામાં એકાગ્રતા વધતી જાય છે તેમ તેમ જીવ આગળના ગુણસ્થાને ચડે છે. શ્રાવકનું પાંચમું ગુણસ્થાન અને મુનિનું છઠ્ઠું ગુણસ્થાનક છે. ધર્મ ધ્યાન વખતના જ્ઞાનના ઉપયોગને શુદ્ધોપયોગ કહેવામાં આવે છે. શુદ્ધોપયોગની તીવ્રતા પ્રમાણે ગુણસ્થાનથી આગળ વધે છે. એ જ જ્ઞાનની પર્યાય જો નિજ સ્વભાવમાં અખંડ બે ઘડી સ્થિર થઈ જાય તો જીવને કેવળજ્ઞાન-પૂર્ણ દશા પ્રાપ્ત થાય છે. અને એ ધર્મની પૂર્ણતામાં અનંત-અક્ષય સુખ હોય છે. આ રીતે ધર્મની સ્થિતિએ શુદ્ધોપયોગમાં ચોથાથી બારમા ગુણસ્થાનની અવસ્થામાં છે. તે સિવાય બાકીના ભાવો શુભ-અશુભ ઉપયોગ છે જે ધર્મનું સ્વરૂપ નથી.

૧૧) સાત તત્વોનું સ્વરૂપ પણ આમાં સમજાય છે. જીવ તત્વ જ્યારે અજીવનું લક્ષ કરે તે અધર્મ છે તેમાં આસ્રવ-બંધ થાય છે. જ્યારે નિજ સ્વભાવનું લક્ષ કરતાં અનુભવ થાય છે તે સંવર છે. શુદ્ધિની વૃદ્ધિને નિર્જરા કહેવામાં આવે છે. સર્વ કર્મોના ક્ષયને મોક્ષ કહેવામાં આવે છે. (પૂર્ણ શુદ્ધતા એ મોક્ષ અવસ્થા છે)

૧૨) આવી રીતે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતાને મોક્ષમાર્ગ કહે છે. આ મોક્ષમાર્ગ ત્રણ કાળ ત્રણ લોકમાં એક જ છે. અને તેનું નિરૂપણ નિશ્ચય અને વ્યવહારથી એમ બે પ્રકારે કરવામાં આવ્યું છે. આ રીતે આપણા જ્ઞાન અને શ્રદ્ધામાં ધર્મનું સાચું સ્વરૂપ સમજાવું જોઈએ.

૭૪. સિદ્ધાંત : લોકમાં અનંત જીવો, અનંતાનંત પુદ્‌ગલ પરમાણુઓ, એકધારા પ્રવાહરૂપે, સર્વ પોતપોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં રહીને પોતપોતાના ગુણોને અર્થાત્ અસ્તિત્ત્વને ટકાવીને નિરંતર (સતત) બીજા કોઈની પણ અપેક્ષા, મદદ, પ્રેરણા કે અસર વગર (૧) સ્વતંત્ર (૨) ક્રમબદ્ધ (૩) ઉપાદાનની યોગ્યતા પ્રમાણે પરિણમી રહ્યા છે.

અનાદિકાળથી આ વિશ્વ વ્યવસ્થા અને વસ્તુ વ્યવસ્થતા અખંડ

અસ્ખલિત પ્રવાહરૂપે વ્યવસ્થિત જ ચાલી રહી છે અને ચાલતી જ રહેશે. એ સંપૂર્ણ સ્વયં સંચાલિત વ્યવસ્થા છે અનો કોઈ હર્તા-કર્તા-ધર્તા નથી અને સંપૂર્ણ સ્વતંત્ર છે.

આ વ્યવસ્થાના ભાગરૂપે 'હું પણ એક જીવ દ્રવ્ય, ચૈતન્ય સ્વભાવી અનંત ગુણોનો (અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય, અનંત સુખ એવા અનંત) ધારક અનાદિકાળથી સતત મારા અસ્તિત્વને ટકાવીને નિરંતર પરિણમી રહ્યો છું અને મને પણ એ જ વ્યવસ્થાનો સિદ્ધાંત લાગુ પડે છે કે મારું પરિણમન પણ (૧) સ્વતંત્ર (૨) ક્રમબદ્ધ (૩) ઉપાદાનની યોગ્યતા પ્રમાણે છે. તે સમયે નિમિત્તની હાજરી હોય છે પણ નિમિત્ત કાંઈ કરતું નથી.'

આ મારા સ્વતંત્ર પરિણમનમાં બીજા કોઈ પરદ્રવ્યની દખલગીરી કરવાની યોગ્યતા નથી અને કરી શકે એવી કોઈ વ્યવસ્થા પણ નથી, કારણ કે એ બધા જ પરદ્રવ્યો પોતપોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાંથી બહાર નીકળી પોતાનું કાર્ય છોડી મારું કાર્ય કરવા તત્પર થાય એમ તો છે નહિ. અને આ બાજુ હું પણ મારા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની મર્યાદામાંથી બહાર નીકળી એમનું કાંઈ કાર્ય કરી શકું એવી મારી પણ યોગ્યતા નથી અને એવી કોઈ વ્યવસ્થા નથી.

આ છે મારું સાચું સ્વરૂપ અને એને જેમ છે તેમ, અને આ છે વિશ્વના બીજા પદાર્થોનું સ્વરૂપ, એને પણ જેમ છે તેમ જાણવું, એનું શ્રદ્ધાન કરવું અને એમાં જ રમણતા કરવી, સ્થિરતા કરવી એ જ મારો સ્વભાવ છે, એ જ મારો ધર્મ છે. વસ્તુનો સ્વભાવ એ જ એનો ધર્મ છે.

આવી સુંદર વિશ્વ વ્યવસ્થા હોવા છતાં અનંતકાળથી આ જીવ શું કામ ચાર ગતિમાં પરિભ્રમણ કરી દુઃખી થઈ રહ્યો છે ? એની શું મૂળમાં ભૂલ છે? એ ભૂલ માટે કોણ જવાબદાર છે ? એ ભૂલ ટાળવાનો સાચો ઉપાય શું છે? અત્યાર સુધી જે ઉપાય કર્યા એનું પરિણામ કેમ આવતું નથી? એવા કોના આશ્રયથી આ ભૂલ ટળી શકે ? આ બધા પ્રશ્ન છે.

આ વાત આત્મસિદ્ધિની પ્રથમ ગાથામાં બતાવવામાં આવી છે.

"જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત;<br>
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્‌ગુરુ ભગવંત."

અમૂલ્ય તત્વ વિચારમાં શ્રીમદ્દ્ કહ્યું છે :-

"હું કોણ છું ? ક્યાંથી થયો ? શું સ્વરૂપ છે મારું ખરું ?

કોના સંબંધે વળગણા છે ? રાખું કે એ પરિહરું ?

એના વિચાર વિવેકપૂર્વક, શાંત ભાવે જો કર્યા,

તો સર્વ આત્મિક જ્ઞાનના સિદ્ધાંત તત્ત્વ અનુભવ્યા."

છ ઢાળામાં આ વાત આવી રીતે કરી છે :-

"લાખ બાતકી બાત યહૈં, નિશ્ચય ઉર લાઓ,

તોરિ સકલ જગ-દંદફંદ, નિત આતમ ધ્યાઓ."

"મુનિવ્રત ધાર અનંતવાર ગ્રીવક ઉપજાયૌ,

પૈ નિજ આતમજ્ઞાન વિના, સુખ લેશ ન પાયૌ."

ત્રણ લોકનો નાથ જે સિદ્ધ સ્વરૂપી ભગવાન આત્મા એનું જ્ઞાન, શ્રદ્ધાન થાય અને એમાં જ્યારે ઠરે એ જ્ઞાયકસ્વરૂપ આનંદઘન ભગવાન આત્મામાં ચરવું, રમવું, લીન થવું, સ્થિરતા કરવી એ અનુભવ એ ચારિત્ર છે.

**अनुभव चिंतामनि रतन, अनुभव है रसकूप ।**

**अनुभव मारग मोखकौ अनुभव मोख सरुप ।।**

જૈન ધર્મ એ કાંઈ કોઈએ બાંધેલો વાડો નથી. એ કોઈ એકાંતિક ક્રિયાકાંડમાં જ સમાઈ જતો એવો ધર્મ નથી. જૈન ધર્મ તો શ્રી તીર્થંકર પરમાત્માએ પ્રરૂપેલો વસ્તુસ્વભાવ છે. વસ્તુસ્વભાવને યથાર્થ જાણે તે જૈન છે.

અનાદિકાળથી અંનત દ્રવ્યોનું ભ્રમથી કર્તૃત્વ પોતાના માથે લઈને કલ્પિત બોજાથી ત્રાસેલા આ આત્માને જ્યારે પોતાના અકર્તા અર્થાત્ જ્ઞાતા સ્વભાવનું ભાન થાય છે તે સમયે કર્તાબુદ્ધિની આકુળતા દૂર થઈ અનાકુળ આનંદનો તેને અનુભવ થાય છે. એ અનુભવને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે-ત્યાંથી ધર્મની

શરૂઆત થાય છે.

પરિવર્તનશીલ સંસારમાં અપરિવર્તનશીલ જ્ઞાયક સ્વભાવનું અપૂર્વ માહાત્મ્ય આવતાં ભવ્ય જીવો એનો આશ્રય કરી, દ્રવ્યદષ્ટિ કરી વીતરાગી માર્ગના નિર્મલપંથે વિચરતા સિદ્ધપદને પ્રાપ્ત થાય છે.

અનંતગુણ સંપન્ન આત્મા, તેના એકરૂપ સ્વરૂપને દષ્ટિમાં લઈ તેને એકને જ ધ્યેય બનાવી તેમાં એકાગ્રતા કરવી એ જ પહેલામાં પહેલો શાંતિ-સુખનો સાચો ઉપાય છે. એ જ ધર્મનો મર્મ છે.

૭૫. નવ બોલ : આ વાત આગમમાં નવ બોલથી કહેવામાં આવી છે.

| | |
|---|---|
| ૧. આત્મા છે. | (ચૈતન્ય અસ્તિત્ત્વનો સ્વીકાર) |
| ૨. આત્માનું પરિણમન છે. | (દ્રવ્ય-ગુણ-પર્યાયાત્મક સ્વરૂપ) |
| ૩. પરિણમનમાં ભૂલ છે. | (જ્ઞાન-અજ્ઞાનરૂપે, શ્રદ્ધા-મિથ્યા માન્યતારૂપે, ચારિત્ર-રાગ સહિત છે.) |
| ૪. ભૂલમાં કર્મ નિમિત્ત છે. | (આઠ પ્રકારના દ્રવ્યકર્મ, રાગાદિના પરિણામરૂપ ભાવકર્મ, ભૂલ જીવ પોતે કરે છે, કર્મ કરાવતા નથી) |
| ૫. પરિણમનમાં ભૂલ છે તે ક્ષણિક છે. | (પર્યાયનું આયુષ્ય એક સમયનું છે.) |
| ૬. આત્માનો ત્રિકાળ સ્વભાવ શુદ્ધ-પરિપૂર્ણ છે. | (અનંત શક્તિઓનો પિંડજ્ઞાનાનંદ સ્વરૂપ આત્મામાં કોઈ ભૂલ નથી.) |
| ૭. તે સ્વભાવના આશ્રયથી ભૂલ ટળી શકે એમ છે. | (સ્વભાવનો આશ્રય વર્તમાન પર્યાય કરે છે) |
| ૮. તે ભૂલ નિજ પુરુષાર્થથી ટળે છે . પૂર્ણ સ્વભાવની પ્રાપ્તિ થાય છે. અનંત અક્ષય સુખ પ્રાપ્ત થાય છે. આ છે મોક્ષ દશા. | (ત્યારે સર્વ કર્મનો સંયોગ સ્વયં ટળી જાય છે. પરિભ્રમણ સમાપ્ત થાય છે.) |

## ૭૬. સ્વતંત્રતાનો ઢંઢેરો :

૧) **સિદ્ધાંત** : 'બાહ્ય પદાર્થો - શબ્દ, રૂપ, ગંધ, રસ, સ્પર્શ તથા ગુણ અને દ્રવ્ય' આત્માને સ્વજ્ઞાનમાં (બાહ્ય પદાર્થોને જાણવાના કાર્યમાં) જોડાતા નથી કે, 'તું મને સાંભળ, તું મને જો, તું મને સૂંઘ, તું મને ચાખ, તું મને સ્પર્શ, તું મને જાણ' અને આત્મા પણ લોહચુંબક-પાષાણથી ખેંચાયેલી સોયની જેમ પોતાના સ્થાનથી ચ્યુત થઈને તેમને (બાહ્ય પદાર્થોને) જાણવા જતો નથી.

૨) બન્ને તદ્દન સ્વતંત્રપણે પોતપોતાના સ્વભાવથી જ પરિણમે છે. આમ આત્મા પર પ્રત્યે ઉદાસીન (સંબંધ વિનાનો, તટસ્થ ) છે, તો પણ અજ્ઞાની જીવ સ્પર્શાદિકને સારા-નરસા માનીને રાગી-દ્વેષી થાય છે તે તેનું અજ્ઞાન છે.

૩) દરેક દ્રવ્ય સ્વતંત્ર છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકે તેમ છે જ નહિ. અન્ય દ્રવ્ય અન્ય દ્રવ્યના ગુણ ઉપજાવી શકતું નથી અર્થાત્ અન્ય દ્રવ્ય જીવને રાગાદિક ઉપજાવી શકતું નથી. અન્ય દ્રવ્ય વડે અન્ય દ્રવ્યના ગુણ ઉત્પાદ કરવાની અયોગ્યતા છે કેમ કે સર્વ દ્રવ્યોનો સ્વભાવથી જ ઉત્પાદ થાય છે.

૪) તારી રાગ-દ્વેષની પર્યાય સ્વભાવની યોગ્યતાથી જ તે કાળે ઉત્પન્ન થાય છે, તેમાં પરદ્રવ્ય બીલકુલ કારણ નથી. આવી વાત, ભાઈ! તારી ઊંધી માન્યતાનું આખું ચક્ર ફેરવી નાંખ-જો તને ખરેખર ધર્મ કરવો હોય તો ! જો તને સુખી થવું હોય તો!

૫) કર્મને લઈને વિકાર થાય છે અને શુભભાવથી ધર્મ થાય-એમ બે મહાશલ્ય એને અંદર રહ્યા છે. પરંતુ પરથી વિકાર નહિ ને શુભ રાગથી ધર્મ નહિ-એમ નિર્ણય કરીને પરથી અને રાગથી ખસી શુદ્ધ ચૈતન્ય ચિદાનંદઘન પ્રભુની દૃષ્ટિ કરે ત્યારે સમ્યગ્દર્શન થાય છે અને તે પ્રથમ ધર્મ છે. અરે! લોકોને ધર્મ શું ચીજ છે ને કેમ થાય તેની ખબર નથી. આવું સત્ય તત્ત્વ સમજવાના ટાણાં આવ્યા છે ને એને વખત નથી. શું થાય પ્રભુ?

૬) પરથી - કર્મથી વિકાર થાય એ તો ભગવાન ! તને ભ્રમ થઈ ગયો છે; એ તો મૂળમાં ભૂલ છે ભાઈ! પરદ્રવ્ય માટે પ્રત્યેક અન્ય દ્રવ્ય પાંગળુ છે.

પરનું કાંઈ કરે એવી એનામાં યોગ્યતા નથી. આ નિશ્ચયની વાત છે એટલે સત્ય છે. ત્રણ કાળ લોકના પદાર્થોની સત્યાર્થ સ્થિતિની આ વાત છે. અહીં ભગવાન ફરમાવે છે કે પરદ્રવ્ય - કર્મ જીવને વિકાર કરાવે છે અને પરદ્રવ્યની પર્યાયને જીવ ઉપજાવે છે એમ શંકા ન કર; કેમ કે સર્વ દ્રવ્યોનો સ્વભાવથી જ ઉત્પાદ થાય છે. વિકાર થાય એ પણ પર્યાયનો સ્વભાવ છે. તે તે સમયની યોગ્યતા છે.

૭) પ્રત્યેક દ્રવ્ય પોતાના સ્વભાવથી જ તે તે કાળે તે તે પર્યાયરૂપે પરિણમી જાય છે. એવી જ દ્રવ્યની યોગ્યતા છે, એમાં પરદ્રવ્યનું કાંઈ કર્તવ્ય નથી; તે તે પર્યાય પરદ્રવ્યથી ઉપજે એમ ત્રણ કાળમાં બનતું નથી. જો પરથી તે તે પર્યાય થાય તો તે દ્રવ્યે તે સમયે પોતે શું કર્યું ? દ્રવ્ય છે તેની તે તે કાળે પર્યાય તો હોવી જોઈએ ને ? પર્યાય વિનાનું શું દ્રવ્ય હોય છે ? નથી હોતું.

૮) અરે ! દુનિયા તો અજ્ઞાનમાં પડી છે. તેને આગમની ખબર નથી. આગમનું પ્રયોજન તો આ છે કે- 'પરથી કોઈનું કાર્ય થાય એમ કદીયે બનવું સંભવિત નથી' અહાહા ! પોતે એક જ્ઞાયકભાવ માત્ર, ચૈતન્ય જ્ઞાનાનંદ પ્રભુ છે, તે એકના આશ્રયથી જ સમ્યગ્દર્શન પ્રગટ થાય છે, આ આગમ છે. આપ્ત પુરુષોએ આ પ્રમાણે દિવ્યધ્વનિમાં કહ્યું છે અને જ્ઞાની ગુરુઓએ તેનો મર્મ સમજાવ્યો છે. આ આગમ છે.

૯) દરેક દ્રવ્યની સમયે સમયે જે જે પર્યાય પ્રગટ થાય છે તે તો જન્મકાળ છે, જન્મક્ષણ છે; અર્થાત્ તે તે સમયે તે સહજ જ પોતાથી થાય છે કોઈ અન્ય નિમિત્તથી નહિ. (જો નિમિત્તથી થાય તો જન્મક્ષણ સિદ્ધ ન થાય.)

૧૦) શરીર ભિન્ન છે અને આત્મા ભિન્ન છે. ભગવાન આત્મા ભિન્ન છે ને કર્મ ભિન્ન છે. નિશ્ચયથી જ્ઞાયકપ્રભુ આત્મા અને રાગ ભિન્ન છે. કોઈ કોઈને અડ્યા જ નથી. આવી વાત છે.

૧૧) ભાઈ ! આવું યથાર્થ જ્ઞાન અને શ્રદ્ધાન કર્યા વિના મિથ્યા શ્રદ્ધાનવશ જીવ ચાર ગતિમાં રખડે છે. ખરેખર તો મિથ્યા શ્રદ્ધાનને કારણે એને નિગોદની ગતિ જ છે. જેવી વસ્તુ છે તેવી ન માને-અન્યથા માને-તે સત્યાર્થ વસ્તુને આળ આપે છે. કર્મથી વિકાર થાય એમ માનનારે કર્મને આળ આપ્યું. શુભ રાગથી ધર્મ થાય એમ માનનારે ભગવાન ચૈતન્ય સ્વભાવ એક આત્માને

આળ આપ્યું. આ આળ અથવા મિથ્યા શ્રદ્ધાનના કારણે જીવ નિગોદમાં ચાલ્યો જાય છે અને અનંત સંસાર દુઃખ ભોગવે છે.

૧૨)લસણની એક કટકીમાં અસંખ્ય ઔદારિક શરીર છે, અને તે એક શરીરમાં અનંતગુણા નિગોદિયા જીવ છે. તે એક જીવનો શ્વાસ તે અનંત જીવોવો શ્વાસ છે. અહા! તેના તેજસ, કાર્મણ શરીરમાં અનંત રજકણો છે. અહીં કહે છે - તે એક રજકણ બીજા રજકણને અડતું નથી, અને તે રજકણો આત્માને અડતાં નથી. વીતરાગનું તત્ત્વ બહુ ઝીણું છે ભાઇ ! નિગોદના જીવમાં અક્ષરનાં અનંતમાં ભાગે જ્ઞાનની પર્યાયનો વિકાસ છે. જ્ઞાનની હિનાધિક દશા તે, તે સમયની તેની યોગ્યતા છે, ભાઈ! એ દશા જ્ઞાનાવરણીય કર્મના ઉદયને લીધે નથી. ત્યાં નિમિત્ત તરીકે કર્મની હાજરી છે તેનું જ્ઞાન કરાવવા આવા વ્યવહાર કથનો આવે ખરા, પણ તેને સત્ય-નિશ્ચયના કથન માનવા નહિ.

૧૩)એક દ્રવ્યની પર્યાય બીજા દ્રવ્યથી ઉત્પન્ન થાય એમ સર્વજ્ઞ દેખતા નથી. ભગવાન કેવળીએ કેવળજ્ઞાનમાં જગતના સર્વ અનંતા તત્વોને સ્વતંત્ર સ્વસહાય જોયા છે, પ્રત્યેક દ્રવ્ય પોતાની પર્યાયથી પોતે સ્વતંત્ર જ પરિણમે છે. અહા ! દ્રવ્યના દ્રવ્ય-ગુણ તો ત્રિકાળ નિત્ય સ્વસહાય છે. તેની એક સમયની પર્યાય પણ સ્વસહાય છે, સ્વતંત્ર દ્રવ્યના સ્વભાવથી જ ઉત્પન્ન થાય છે, બીજા દ્રવ્યથી નહિ. આ મહા સિદ્ધાંત છે. પૂર્વના ભાગ્ય હોય તો કાને પડે એવી આ વાત છે. અને આને સમજવા માટે મહા પુરુષાર્થ જોઇએ ! અહા ! પરનો-રાગનો- હુ અકર્તા છું એમ જ્યાં માન્યતા થઈ ત્યાં હું શુદ્ધ એક જ્ઞાયકમાત્ર છું એમ દષ્ટિ થાય છે અને એનું નામ સમ્યગ્દર્શન છે.

૧૪) દરેક રજકણ અને દરેક આત્મા પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી ભિન્ન છે.

દ્રવ્ય - એટલે ત્રિકાળી વસ્તુ - અનંત ગુણવાળો સ્વભાવનો પિંડ.

ક્ષેત્ર - એટલે એના પ્રદેશો - અસંખ્ય પ્રદેશો

કાળ - એટલે વર્તમાન કાળ

ભાવ - એટલે ત્રિકાળી શક્તિ

આ પ્રમાણે દરેક દ્રવ્ય પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં છે, અને પરના

દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં નથી. આવું વસ્તુસ્વરૂપ હોવાથી એક દ્રવ્યનું કાર્ય બીજા દ્રવ્યથી થાય તેમ બનતું નથી. જો નિમિત્તભૂત અન્ય દ્રવ્યના સ્વભાવથી કાર્ય ઉપજતું હોય તો નિમિત્તભૂત અન્ય દ્રવ્યના આકારે તેના પરિણામ થવા જોઈએ; પરંતુ એમ થતું નથી. આ સિદ્ધાંત છે ભાઈ! પ્રત્યેક પદાર્થ પોતાનું કાર્ય કરવા સમર્થ છે અને પરના કાર્ય માટે તદ્દન પાંગળો છે, અકિંચિત્કર છે. આવી દ્રવ્યની સ્વતંત્રતાનો ઢંઢેરો અનંત તીર્થંકરોએ પીટયો છે.

૧૫)અહા ! આત્મા જ્ઞાનાનંદની લક્ષ્મીથી ભરેલો ભગવાન છે. તેનો આશ્રય કરવાથી એક સમયમાં અનંત ગુણોની અનંત પૂર્ણ પર્યાયો પ્રગટ થાય છે. તેમાં કેવળજ્ઞાન ની પર્યાય પ્રગટ થાય છે તે પાતની થાય છે. તેમાં સંઘયણ અને મનુષ્યપણું નિમિત્ત હો, પણ એનાથી કેવળજ્ઞાન થતું નથી. કેવળજ્ઞાનની પર્યાયો અનંતકાળ સુંધી પ્રગટયા કરે છતાં દ્રવ્ય તો ત્રિકાળ એવું ને એવું અનંત ગુણ રસથી ભરેલું છે. અહા! આવા નિજરસથી - ચૈતન્યરસથી ભરેલા ભગવાન આત્માને ઓળખી તેનો અનુભવ કરવો એનું નામ સમ્યગ્દર્શન છે- એનું નામ ધર્મ છે. અને તે એકજ આ ભવમાં કરવા જેવું છે. બાકી બધું ધૂળધાણી ને વા-પાણી છે.

ભાઈ! જેને આ વાત અંતરમાં બેસી જાય તેનું પરાધીનપણું નાશ પામી જાય છે. નિમિત્તાધીન દ્રષ્ટિ ઉડી જાય છે અને સ્વાધીનતાના-સ્વસન્મુખતાનો પુરુષાર્થ પ્રગટ થાય છે; અને આ મનુષ્યભવમાં આ જ કર્તવ્ય છે.

૧૬) આત્મા જ્ઞાનસ્વરૂપ છે, પોતે જ્ઞાન જ છે; તે જ્ઞાન સિવાય બીજુ શું કરે? આત્મા પરભવનો કર્તા છે એમ માનવું તથા કહેવું તે વ્યવહારી જીવોનો મોહ (અજ્ઞાન) છે.

૧૭) આત્મચિંતનપૂર્વક લખેલા પાંચ બોલ :

૧) પરમ પારીણામિકભાવ છું.

૨) કારણ પરમાત્મા છું.

૩) કારણ જીવ છું.

૪) શુદ્ધ ઉપયોગોહં.

૫) નિર્વિકલ્પોહં.

આવા આત્માને જે દેખે છે તે સર્વ જીનશાસનને દેખે છે.

૧૮)સિદ્ધ છે તે જાણનાર દેખનાર છે. તેમ તું પણ જાણનાર દેખનાર જ છો. અધૂરા-પૂરાનો પ્રશ્ન જ નથી . જાણનાર-દેખનારથી જરાક ખસ્યો

એટલે કર્તૃત્વમાં જ ગયો એટલે સિદ્ધથી જુદો પડયો. એક ક્ષણ સિદ્ધથી જુદો પડયો તે મિથ્યાદ્રષ્ટિ છે તો યથાર્થ વાત છે.

જે પર્યાય થવા વાળી છે તેને કરવું શું ? અને જે નહિ થવાવાળી છે તેને પણ કરવું શું ? એવો નિશ્ચય કરતાં જ કર્તુત્વબુદ્ધિ તૂટીને સ્વભાવ સન્મુખ થઈ જાય છે. ત્રિકાળીને સર્વજ્ઞ જાણનાર-દેખનાર છે એમ હું પણ ત્રિકાળીને જાણવા દેખવાવાળો છું, એવા ત્રિકાળી જ્ઞાયક સ્વભાવનો નિશ્ચય કરવો એ જ સમ્યગ્દર્શન છે.

૧૯) આબાળ ગોપાળ સૌ ખરેખર જાણનારને જાણે છે, પણ એને જાણનારનું જોર દેખાતું નથી તેથી આ રાગ છે, આ પુસ્તક છે, આ વાણી છે માટે જ્ઞાન થાય છે એમ એનુ જોર પરમાં જ જાય છે. એની શ્રદ્ધામાં પોતાના સામર્થ્યનો વિશ્વાસ જ આવતો નથી તેથી જાણનારો જણાય છે તે બેસતું નથી. અરે ભાઈ ! તું વિચાર તો કર તું કોણ છો? તું જ્ઞાયક સ્વરૂપ છો તું કરનાર નહિ જાણનાર છો-આ શ્રદ્ધાનું નામ જ સમ્યગ્દર્શન છે.

૨૦) સર્વ જીવો સાધર્મી છે, કોઈ વિરોધી નથી. સર્વ જીવો પૂર્ણાનંદને પ્રાપ્ત થાવ ! કોઈ જીવો અપૂર્ણ ન રહો, કોઈ જીવો અલ્પજ્ઞ ન રહો, કોઈ જીવો વિરોધી ન રહો, કોઈ જીવો વિપરીત દષ્ટિવંત ન રહો. બધા જીવો સત્યના માર્ગે આવી જાય ! અને સુખી થાય ! કોઈ જીવમાં વિષમતા ન રહો. બધા જીવો જેવો સ્વભાવમાં પૂર્ણાનંદરૂપ પ્રભુ છે તેવી શ્રદ્ધા કરીને પૂર્ણાનંદરૂપ પ્રભુ થઈ જાવ !

૭૭. ભલી ભલામણ :

મુમુક્ષુઓએ તત્ત્વોનો સૂક્ષ્મદષ્ટિથી અને મધ્યસ્થપણે અભ્યાસ કરવો. સત્ય શાસ્ત્રનો ધર્મબુધ્ધિ વડે અભ્યાસ કરવો તે સમ્યગ્દર્શનનું કારણ છે. શાસ્ત્ર અભ્યાસમાં લક્ષમાં રાખવા જેવી આ બાબતો છે.

૧) ધર્મની શરૂઆત સમ્યગ્દર્શનથી જ થાય છે. આત્માજ્ઞાન વગર સુખની શરૂઆત જીવને ન થાય .

૨) સમ્યગ્દર્શન પ્રગટ કર્યા સિવાય કોઈપણ જીવને સાચા વ્રત, સામાયિક, પ્રતિક્રમણ, તપ, પ્રત્યાખ્યાન વગેરે ક્રિયાઓ હોય નહિ, કેમ કે તે ક્રિયાઓ પ્રથમ પાંચમાં ગુણસ્થાને શુભ ભાવરૂપે હોય છે.

૩) શુભભાવ જ્ઞાની ને અજ્ઞાની બંનેને થાય છે, પણ અજ્ઞાની જીવ એમ માને છે કે તેનાથી ધર્મ થશે પણ જ્ઞાનીઓને તે હેય બુધ્ધિએ હોવાથી, તેનાથી ધર્મ થશે તેમ તેઓ કદી માનતા નથી.

૪) આ ઉપરથી શુભભાવ કરવાની ના પાડવામાં આવે છે એમ સમજવું નહિ, પણ તે શુભભાવને ધર્મ માનવો નહિ. તેમજ તેનાથી, ક્રમે ક્રમે ધર્મ થશે એમ માનવું નહિ, કેમ કે તે વિકાર હોવાથી અનંત વીતરાગ દેવોએ તેને બંધનું કારણ કહ્યું છે. ભાવો તો ભૂમિકા અનુસાર દરેક જીવને આવે છે. આત્મધર્મ તો ફકત શુધ્ધ ભાવથી જ થાય છે. ત્રણ કાળમાં મોક્ષમાર્ગ એક જ છે, તેની પ્રરૂપણા બે રીતે નિશ્ચય અને વ્યવહારથી હોય છે.

૫) જિનમતમાં તો એવી પરિપાટી છે કે પહેલાં સમ્યક્ત્વ હોય પછી વ્રત હોય, હવે સમ્યક્ત્વ તો સ્વ-પરનું શ્રધ્ધાન થતાં થાય છે, માટે યથાર્થ શ્રધ્ધાન કરી સમ્યગ્દ્રષ્ટિ થવું.

૬) પહેલા ગુણસ્થાને જીવોને જ્ઞાની પુરૂષના ધર્મોપદેશનું શ્રવણ, નિરંતર તેમનો સમાગમ, સત્‌શાસ્ત્રોનો અભ્યાસ, વાંચન-મનન, દેવદર્શન, પૂજા, ભક્તિ દાન વગેરે શુભભાવો હોય છે પરંતુ પહેલા ગુણસ્થાને સાચા વ્રત, તપ વગેરે હોતા નથી. આત્માજ્ઞાન વગર મુનિ દીક્ષા પણ સંભવીત નથી.

૭) હવે વસ્તુની સ્વતંત્રતાનો સિધ્ધાંત આ પ્રમાણે છે. દરેક વસ્તુ દ્રવ્ય-ગુણ-પર્યાયથી સ્વતંત્ર છે, એક વસ્તુ બીજી વસ્તુનું કાંઈ કરી શકે નહિ, પરિણમાવી શકે નહિ, પ્રેરણા કરી શકે નહિ, અસર-મદદ કે ઉપકાર કરી શકે નહિ, લાભ-નુકશાન કરી શકે નહિ, મારી-જીવાડી શકે નહિ, સુખ-દુઃખ આપી શકે નહિ, એવી દરેક દ્રવ્ય- ગુણ-પર્યાયની સ્વતંત્રતા અનંત જ્ઞાનીઓએ પોકારી પોકારીને કહી છે.

વધારામાં બધી પર્યાયો ક્રમ નિયમિત છે.

તે પર્યાયો ઉપાદાનની યોગ્યતા પ્રમાણે ગોઠવાયેલી છે અને તે વખતે નિમિત્તની હાજરી હોય છે પણ નિમિત્ત કાંઈ કરતું નથી.

આ વસ્તુ વ્યવસ્થા અને સુનિયત વ્યવસ્થિત વિશ્વ વ્યવસ્થાના સિધ્ધાંતો છે.

## ૭૮. મિથ્યાત્વને પાપનો બાપ કેમ કહે છે?

(૧) 'હું પર દ્રવ્યનું કાંઈ કરી શકું' એટલે જગતમાં અનંત પરદ્રવ્ય છે તે સર્વેને પરાધીન માન્યાં અને 'પર મારૂં કાંઈ કરી શકે' એટલે પોતાના સ્વભાવને પરાધીન માન્યો-આ માન્યતામાં જગતના અનંત પદાર્થો અને પોતાના અનંત સામર્થ્યવાન સ્વભાવની સ્વાધીનતાનું ખૂન કર્યું, તેથી તેમાં અનંતી હિંસાનું મહાન પાપ આવ્યું.

(૨) જગતમાં બધા પદાર્થો સ્વાધીન છે તેને બદલે પરાધીન-વિપરીત સ્વરૂપે માન્યા તથા જે પોતાનું સ્વરૂપ નથી તેને પોતાનું સ્વરૂપ માન્યું-એ માન્યતામાં અનંત અસત્ સેવનનું મહાપાપ આવ્યું. સત્‌ને અસ્‌ત અને અસત્‌ને સત્ માન્યું એ વિપરીતતા છે.

(૩) પુણ્યનો એક વિકલ્પ કે કોઈપણ પર વસ્તુને જેણે પોતાની માની તેણે ત્રણ કાળની પર વસ્તુને અને વિકારી ભાવોને પોતાનું સ્વરૂપ માનીને અનંતી ચોરીનું મહાન પાપ કર્યું છે.

(૪) એક દ્રવ્ય બીજાનું કાંઈપણ કરી શકે એમ માનનારે સ્વદ્રવ્ય-પરદ્રવ્યને ભિન્ન ન રાખતા તે બે વચ્ચે વ્યભિચાર કરી બેમાં એકપણું માન્યું, અને એવા અનંત પરદ્રવ્યો સાથે એકતારૂપ વ્યભિચાર કર્યો તે જ અનંત મૈથૂન સેવનનું મહાપાપ છે.

(૫) એક રજકણ પણ પોતાનું નથી છતાં હું તેનું કરી શકું એમ જે માને છે તે પોતાનું માને છે. ત્રણે જગતના જે પણ પદાર્થો છે તે સર્વેને પોતાના માને છે એટલે આ માન્યતામાં અનંત પરિગ્રહનું મહાપાપ આવ્યું.

આ રીતે જગતના સર્વે મહાપાપો એક મિથ્યાત્વમાં જ સમાઈ જાય છે. તેથી જગતનું સૌથી મહાન પાપ મિથ્યાત્વ જ છે અને સમ્યગ્દર્શન થતાં ઉપરના સર્વે મહાપાપોનો અભાવ જ હોય છે. તેથી જગતનો સૌથી પ્રથમ ધર્મ સમ્યક્ત્વ જ છે.

માટે હે જગતના જીવો ! જો તમે મહાપાપથી બચવા માગતા હો તો મિથ્યાત્વ છોડો, સમ્યક્ત્વ પ્રગટ કરો... તેથી તમારા આત્માનું મહાન કલ્યાણ થશે અને અપૂર્વ એવા સુખની પ્રાપ્તિ થશે.

૭૯. ક્રોધાદિ કષાયની નિશ્ચય વ્યાખ્યા :

(૧) **ક્રોધ** : આત્મા શુદ્ધ ચિદાનંદમય અખંડ એકરૂપ વસ્તુ છે. તેનો જેને પ્રેમ નથી, રૂચિ નથી તેને પોતાના આત્મા પ્રત્યે ક્રોધ છે.

પુણ્ય-પાપના ભાવો અને દેવ-ગુરૂ-શાસ્ત્ર ઈત્યાદિ પર પદાર્થોની રૂચિ અને સ્વ- સ્વરૂપની અરૂચિ તે આત્મા પ્રત્યેનો દ્વેષ છે. તે અનંતાનુબંધી ક્રોધ છે.

(૨) **માન**: પુણ્ય-પાપ આદિ પર પદાર્થોમાં અહંબુદ્ધિ થવી તેના સ્વામી થવું એ અનંતાનુબુંધી માન છે.

(૩) **માયા** : પુણ્ય-પુણ્ય આદિ પદાર્થોના પ્રેમની આડમાં ચૈતન્ય સ્વભાવમય નિજ આત્માનો અનાદાર ઈન્કાર કરવો તે અનંતાનુબંધી માયા છે.

(૪) **લોભ** : આવા શુદ્ધ ચિદાનંદ સ્વભાવને ભૂલીને પુણ્ય-પાપ આદિ પરપદાર્થોની અભિલાષા-વાંછા-ઈચ્છા કરવી તે અનંતાનુબંધી લોભ છે.

હવે : (૧) આ શરીર, મન, વાણી, ઈન્દ્રિય ઈત્યાદિ પરપદાર્થોની અવસ્થા તે મારા કાર્ય નથી.

(૨) મારી પર્યાયમાં જે પુણ્ય-પાપના શુભાશુભ ભાવ (વિકારી ભાવ) થાય છે તે પણ મારું કાર્ય-કર્તવ્ય નથી.

(૩) એમ સર્વ પરભાવોથી ભિન્ન પડી જ્યાં નિર્દોષ, પવિત્ર ચૈતન્ય સ્વભાવમાં એકાગ્ર થયો ત્યાં કર્તા-કર્મની પ્રવૃત્તિને મટાડતી જ્ઞાન જ્યોતિ પ્રગટ થાય છે. સ્વભાવની દષ્ટિમાં સર્વ શુભાશુભ વિકલ્પોનું સ્વામીત્વ સહજ છૂટી જાય છે.

પરની દયા પાળવાનો રાગ ઉઠે તે હિંસા છે અને તેને પોતાનો માનવો તે મહાહિંસા (મિથ્યાત્ત્વ) છે.

રાગથી ભિન્ન પડી જ્ઞાયકના આશ્રયે વીતરાગી અવસ્થા થાય તે અહિંસા છે. તેથી આત્મા જાણાય છે, અનુભવમાં આવે છે. આનું નામ ધર્મ છે.

૮૦. પંચ મહારત્નો :

(૧) દરેક દ્રવ્ય સ્વતંત્ર છે. આ દ્રવ્યની સ્વતંત્રતાનો સિધ્ધાંત છે. એક દ્રવ્ય

બીજા દ્રવ્યનું કાંઈપણ કરી શકતું નથી.

(૨) જે દ્રવ્યની જે પર્યાય, જે સમયે, જે ક્ષેત્રે, જે વિધિથી, જેવી થવાની, તે જ પર્યાય તે જ સમયે, તે જ ક્ષેત્રે, તે જ વિધિથી, તેવી જ થાય છે. તેમાં ઈન્દ્ર, નરેંદ્ર કે જિનેન્દ્ર પણ ફેરફાર કરી શકવાને સમર્થ નથી. આને ક્રમબદ્ધ પર્યાયનો સિદ્ધાંત કહેવાય છે.

(૩) ઉત્પાદ, વ્યય અને ધ્રુવ ત્રણેય સ્વતંત્ર છે. દ્રવ્ય-ગુણ-પર્યાય સ્વતંત્ર છે.

(૪) દરેક સમયની પર્યાય તેની તે સમયની ઉપાદનની યોગ્યતાથી જ થાય છે. ત્યારે નિમિત્તની હાજરી હોય છે, પણ નિમિત્ત કાંઈ પણ કરી શક્તું નથી. આ ઉપાદાન નિમિત્તનો સિધ્ધાંત છે.

(૫) આમાં ધર્મ ક્યાં આવ્યો?

જે પરિણામ સ્વતંત્રપણે પર તરફ ઝુકે છે, તે પરિણામ જો સ્વતંત્રપણે સ્વ તરફ ઝુકે તો ધર્મની દશા પ્રગટ થાય. સુખની પ્રાપ્તિ થાય.

કોઇપણ કાર્ય વખતે પાંચ સમવાય સાથે જ હોય છે.

(૧) સ્વભાવ, (૨) નિયતિ, (૩) કાળલબ્ધિ, (૪) નિમિત્ત, (૫) પુરૂષાર્થ.

સર્વજ્ઞ ભગવાનના સર્વ સિધ્ધાંતોનો સાર આ પાંચ બોલમાં આવી જાય છે. આનો આગમના અભ્યાસથી વિસ્તારપૂર્વક વિચારતાં બધો જ સંશય દૂર થાય છે અને મોક્ષની પ્રાપ્તિ થાય છે.

**૮૧ ત્રણ પ્રકારની ક્રિયા :**

૧. શરીર, મન, વાણી, ધનાદિ જે જડ પર દ્રવ્ય છે તેની ક્રિયા તે જડની ક્રિયા.

૨. પર દ્રવ્યના લક્ષે ઉત્પન્ન વિકારી ભાવોની ક્રિયા તે વિભાવરૂપ ક્રિયા.

૩. સ્વરૂપના લક્ષે ઉત્પન્ન જ્ઞાનની ક્રિયા તે સ્વભાવરૂપ ક્રિયા.

૧. જડની ક્રિયા આત્મા ત્રણ કાળમાં કરતો નથી, કરી શકતો નથી.

૨. આત્માની પર્યાયમાં જે વિકારી ભાવો થાય છે તે (ક્રોધ, માન, માયા,

લોભ-(રાગ, દ્વેષ)-મોહ) પર દ્રવ્યના લક્ષે થાય છે. માટે પુદ્ગલના છે.

૩. જ્ઞાન તે આત્મા-એમ સ્વભાવ સન્મુખ થઈ સ્વાનુભવ કરતાં તે જ્ઞાનક્રિયા કરે છે. જ્ઞાન-જ્ઞાનમાં-ત્રિકાળી આત્મામાં એકાગ્ર થયું તે જ્ઞાનની ક્રિયા છે. પર્યાય સ્વદ્રવ્ય તરફ ઢળતાં જે જ્ઞાનની ક્રિયા થઈ તે ધર્મ-ક્રિયા છે.

આમાં દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે સિધ્ધ થાય છે. આ જાણવું-જાણવું એવો જેનો સ્વભાવ છે તે દ્રવ્ય આત્મા, જાણવું જે સ્વભાવ છે તે ગુણ.

ગુણ અને ગુણી બે એક અભિન્ન છે-એમ જે સ્વલક્ષે પરિણમન થયું તે જ્ઞાનક્રિયા-પર્યાય-આ જ્ઞાનક્રિયા તે ધર્મ છે, મોક્ષમાર્ગ છે. જ્ઞાન તે આત્મા-એમ સ્વ તરફ ઢળતાં જે સ્વાત્મપ્રતીતિ થઈ તે શ્રદ્ધાન, આત્માજ્ઞાન થયું તે જ્ઞાન અને આત્મ સ્થિરતા થઈ તે ચારિત્ર. આ શ્રદ્ધાન-જ્ઞાન-ચારિત્રની એકરૂપ પરિણતિ તે મોક્ષમાર્ગ છે.

૮૨.ત્રણ પ્રકારના સંબંધ

૧. શરીર, મન, વાણી, દ્રવ્યકર્મ ને આત્માનો પરસ્પર સંબંધ તે અવગાહ સિધ્ધ સંબધ છે. એક ક્ષેત્રાવગાહ સંબંધ છે. પરસ્પર એક ક્ષેત્રમાં વ્યાપીને સંનિકટ રહે એવા સંબંધરૂપ બંધ છે.

કર્તા-કર્મ સંબંધ નથી. કેમકે પરદ્રવ્ય ભિન્ન સ્વતંત્ર વસ્તુ છે.

૨. રાગ અને આત્માનો સંયોગ સિધ્ધ સંબંધ છે. પર્યાયમાં એવા વિકારી ભાવો થવાની યોગ્યતા હોય ત્યારે થાય છે અને એ સંયોગનો વિયોગ થઈ જાય છે. એક સમયનો સંબંધ છે.

૩. જ્ઞાન અને આત્માનો તાદાત્મ્ય સિધ્ધ સંબંધ. વસ્તુનો સ્વભાવ જ્ઞાન અને વસ્તુ ધ્રુવ આત્મા. એ બેનો તાદાત્મ્યસિધ્ધ સંબંધ છે અને તેમાં અભેદભાવે પરિણમવું તે ધર્મ છે. અનાદિ અજ્ઞાનથી કર્તાકર્મની પ્રવૃત્તિ છે. કર્તા કર્મની પ્રવૃત્તિથી બંધ થાય છે. તે બંધના નિમિત્તથી અજ્ઞાન છે.

આત્મા વસ્તુ જ્ઞાન સ્વભાવી ત્રિકાળ ધ્રુવ સહજ શુધ્ધ દ્રવ્ય છે. એમાં રાગ નથી, પુણ્ય નથી, પાપ નથી, વિકાર નથી કે અલ્પજ્ઞતા નથી. એ તો અનંત શક્તિઓનો પિંડ પરિપૂર્ણ ચૈતન્ય ભગવાન છે. એમાં જ્યાં દૃષ્ટિ એકાગ્ર થઈ ત્યાં પરિણમન નિર્મળ થયું. એ નિર્મળ પરિણમન આત્માની સ્વભાવભૂત

ધાર્મિક ક્રિયા છે. તે જ મોક્ષમાર્ગ છે.

વસ્તુ તે સ્વભાવ જ છે. 'સ્વ' નું ભવન તે સ્વભાવ છે. પોતાનું જે થવું-પરિણમવું તે સ્વભાવ છે. નિશ્ચયથી જ્ઞાનનું થવું-પરિણમવું તે આત્મા છે.

૮૩. દ્રવ્ય-ગુણ-પર્યાય :

આ લોકમાં છ દ્રવ્ય છે (૧) જીવ, (૨) પુદ્‌ગલ, (૩) ધર્માસ્તિકાય, (૪) અધર્માસ્તિકાય, (૫) આકાશ અને (૬) કાળ.

બધા જ દ્રવ્યો ઉત્પાદ-વ્યય-ધ્રોવ્યાત્મક છે. દ્રવ્ય-ગુણ-પર્યાયત્મક છે.

**દ્રવ્ય** : ગુણોના સમુહને દ્રવ્ય કહે છે.

**ગુણ** : દ્રવ્યના પૂરા ભાગમાં અને તેની સર્વ હાલતોમાં (અવસ્થામાં) હોય તેને ગુણ કહે છે.

**પર્યાય** : ગુણોની બદલાતી અવસ્થાને પર્યાય કહે છે.

ગુણોના વિશેષ કાર્યને (પરિણમનને) પર્યાય કહે છે. ગુણના કેટલા ભેદ છે? ગુણના બે ભેદ છે. (૧) સામાન્ય, (૨) વિશેષ

**સામાન્ય ગુણ** : જે સર્વ દ્રવ્યોમાં વ્યાપે તેને સામાન્ય ગુણ કહે છે. સામાન્ય ગુણ અનેક છે પણ તેમાં છ ગુણ મુખ્ય છે.

(૧) અસ્તિત્ત્વ, (૨) વસ્તુત્ત્વ, (૩) દ્રવ્યત્ત્વ, (૪) પ્રમેયત્ત્વ,

(૫) અગુરૂલઘુત્ત્વ, અને (૬) પ્રદેશત્ત્વ.

(૧) અસ્તિત્ત્વ ગુણઃ જે શક્તિના કારણે દ્રવ્યનો કદી નાશ ન થાય, તેને અસ્તિત્ત્વ ગુણ કહે છે.

(૨) વસ્તુત્ત્વ ગુણઃ જે શક્તિના કારણથી દ્રવ્યમાં અર્થક્રિયા હોય તેને વસ્તુત્ત્વ ગુણ કહે છે. જેમકે ધડાની અર્થક્રિયા જલધારણ છે.

(૩) દ્રવ્યત્ત્વ ગુણઃ જે શક્તિના કારણથી દ્રવ્ય સદા એક સરખા ન રહે અને જેની પર્યાયો (હાલતો) હંમેશાં બદલતી રહે.

(૪) પ્રમેયત્ત્વ ગુણ: જે શક્તિના કારણથી દ્રવ્ય કોઈને કોઈ જ્ઞાનનો વિષય હોય તેને પ્રમેયત્ત્વ ગુણ કહે છે.

(૫)અગુરૂલઘુત્ત્વ ગુણ: જે શક્તિના કારણથી દ્રવ્યની દ્રવ્યતા કાયમ રહે, અર્થાત્ એક દ્રવ્ય બીજા દ્રવ્ય રૂપે ન પરિણમે અથવા એક ગુણ બીજા ગુણરૂપે ન પરિણમે તથા એક દ્રવ્યના અનેક અથવા અનંતગુણ વિખરાઈને જુદા જુદા ન થઈ જાય તેને અગુરૂલઘુત્ત્વ ગુણ કહે છે.

(૬) પ્રદેશત્ત્વ ગુણ : જે શક્તિના કારણથી દ્રવ્યનો કોઈપણ આકાર અવશ્ય હોય.

વિશેષ ગુણ : જે સર્વ દ્રવ્યોમાં ન વ્યાપે તે વિશેષ ગુણ કહે છે.

જીવ દ્રવ્યમાં : ચેતના, સમ્યકત્ત્વ, ચારિત્ર, ક્રિયાવર્તી શક્તિ.

પુદ્ગલ દ્રવ્યમાં : સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, ક્રિયાવર્તી શક્તિ ઈત્યાદિ

ધર્મ દ્રવ્યમાં : ગતિ હેતુત્ત્વ વગેરે...

અધર્મ દ્રવ્યમાં : સ્થિતિ હેતુત્ત્વ વગેરે...

આકાશ દ્રવ્યમાં : અવગાહન હેતુત્ત્વ વગેરે...

કાળ દ્રવ્યમાં : પરિણમન હેતુત્ત્વ વગેરે...

**ચાર અભાવ**

હવે અભાવનું સ્વરૂપ જાણવું જરૂરી છે.

એક પદાર્થનું બીજા પદાર્થમાં નહિ હોવાપણું તેને અભાવ કહે છે.

અભાવના ચાર ભેદ છે: (૧) પ્રાગભાવ, (૨) પ્રધ્વંસભાવ, (૩) અન્યોન્યાભાવ અને (૪) અત્યન્તાભાવ.

(૧) પ્રાગભાવ : વર્તમાન પર્યાયનો પૂર્વ પર્યાયમાં જે અભાવ તેને પ્રાગભાવ કહે છે.

(૨) પ્રધ્વંસભાવ : આગામી પર્યાયમાં વર્તમાન પર્યાયના અભાવને

પ્રધ્વંસભાવ કહે છે.

(૩) અન્યોન્યાભાવ : પુદ્ગલ દ્રવ્યના એક વર્તમાન પર્યાયમાં બીજા પુદ્ગલના વર્તમાન પર્યાયના અભાવને અન્યોન્યાભાવ કહે છે.

(૪) અત્યન્તાભાવ : એક દ્રવ્યમાં બીજા દ્રવ્યના અભાવને અત્યન્તાભાવ કહે છે.

વિશેષ : જીવ અને પુદ્ગલમાં, પોતે પોતાની, ક્રિયાવતી નામની ખાસ એક શક્તિ છે કે જેના કારણે તે પોત-પોતાની લાયકાત અનુસાર ગમન કરે છે અને સ્થિર થાય છે. કોઈ દ્રવ્ય (જીવ કે પુદ્ગલ) એક બીજાને ગમન કે સ્થિર કરાવતું નથી. તે બન્ને દ્રવ્યો પોતાની ક્રિયાવતી શક્તિથી તે સમયની પર્યાયની લાયકાત અનુસાર ગમન કરે છે અને સ્થિર થાય છે

૮૪.યથાર્થ સમજણ :

'ઠીક શું અને અઠીક શું ?' તેના ચાર ભંગ છે.

(૧) પર વસ્તુને ઠીક કે અઠીક માને તે અજ્ઞાની-મિથ્યાદષ્ટિ છે, કેમ કે કોઈ પદાર્થ ઈષ્ટ કે અનિષ્ટ છે જ નહીં. જે પરમાં ઠીક માને તેને ગ્રહણ કરવા માંગે અને પરને અઠીક માને તેને ત્યાગવા માંડે, પણ પર પદાર્થની ક્રિયા તો સ્વતંત્ર છે, તેનો આત્મા ગ્રહણ કે ત્યાગ કરી શકતો જ નથી. જે પદાર્થની ક્રિયા પોતાને (આત્માને) આધીન નથી તેમાં ઠીક-અઠીકપણું માનવું અને તેના ગ્રહણ તે ત્યાગની ઈચ્છા કરવી તે મિથ્યાદષ્ટિપણું છે. કોઈપણ પર પદાર્થ ઈષ્ટ તે અનિષ્ટ નથી.

(૨) હું આત્મા ઠીક અને પરપદાર્થ અઠીક ' એમ માનવું તે પણ અજ્ઞાન છે, કેમ કે એમ માનનાર જીવ પરને અઠીક માનતો હોવાથી તે પરને છોડવા માંગે છે, પરંતુ પરનું ગ્રહણ કે ત્યાગ આત્મા કરી જ શકતો નથી. ગ્રહણ કે ત્યાગ પોતાના ભાવમાં થઈ શકે છે. જે પરને અઠીક માને છે, અને ' હું પરને છોડી શકું કે ગ્રહી શકું' એમ માને છે તે મિથ્યાદષ્ટિ છે.

(૩) મારો પૂર્ણાનંદ સ્વભાવ ઠીક અને આ વિકારી ભાવ અઠીક ' એમ માને છે, ત્યાં દષ્ટિ તો સાચી છે. પરંતુ ચારિત્રની અસ્થિરતા છે. વિકારી ભાવને

અઠીક માને છે ત્યાં વિકારીભાવ છોડી શકે છે અને શુધ્ધતા-પૂર્ણાનંદ પ્રગટાવી શકે છે, તેથી તેની દષ્ટિ સાચી છે. જેને ઠીક-અઠીક માને છે, તેમાં ઠીકનું ગ્રહણ અને અઠીકના ત્યાગ કરી શકે છે તેની દ્રષ્ટિ સાચી છે, છતાં ત્યાંપણ ઠીકનું ગ્રહણ કરવાનો અને અઠીકનું ત્યાગ કરવાનો વિકલ્પ વર્તે છે. તેથી ત્યાં રાગ-દ્વેષનો અંશ છે, માટે ત્યાં ચારિત્રની અસ્થિરતા છે. છતાંપણ ત્યાં માન્યતાનો દોષ નથી. દષ્ટિ સમ્યગ છે.

(૪) 'મારો સ્વભાવ ઠીક અને વિકારી અવસ્થા અઠીક ' એવા વિકલ્પ પણ છુટીને જ્ઞાયક સ્વભાવમાં સ્થિર થઈ જાય. પર્યાયમાં વીતરાગતા પ્રગટ થઈ જાય. ત્યાં દષ્ટિ અને ચારિત્ર બન્ને પૂર્ણ છે. ગ્રહણ-ત્યાગનો વિકલ્પ જ છુટી જતાં પૂર્ણાનંદ સ્વભાવ પ્રગટી ગયો તે જ ઉત્તમ છે.

સારભૂત :

(૧) પરદ્રવ્યમાં તો ઠીક-અઠીકપણું છે જ નહીં અને સ્વદ્રવ્યમાં પણ ઠીક-અઠીકપણાની અપેક્ષા નથી. દ્રવ્ય ઠીક-અઠીકપણાની અપેક્ષાઓથી અતિક્રાંત છે. ઠીક-અઠીકના વિકલ્પ દ્વારા લક્ષમાં આવી શકતું નથી.

(૨) પરવસ્તુ જીવને ઈષ્ટ કે અનિષ્ટ છે ' એમ માનવું તે મિથ્યાભાવ છે, મહાભૂલ છે, મહાપાપ છે.

(૩) ' જીવ પોતે ઈષ્ટ અને પરવસ્તુ અનિષ્ટ ' એમ માનવું તે મિથ્યાભાવ, મહાભૂલ, મહાપાપ છે.

(૪) 'પોતાનો શુધ્ધ સ્વભાવ ઈષ્ટ અને વિકારી અવસ્થા અનિષ્ટ ' એમ માનવું-જાણવું તે સાધક દશા છે.

'પોતામાં થતાં વિકારી ભાવો અનિષ્ટ અને ત્રિકાળ શુધ્ધ ચૈતન્ય સ્વભાવ તથા તેમાં આશ્રયે પ્રગટતી શુધ્ધ દશા તે ઈષ્ટ છે ' એમ જાણવું-માનવું તે યથાર્થ છે. જીવ પોતાનું સ્વરૂપ યથાર્થ જાણે અને પોતે ગ્રહણ-ત્યાગ કોનું કરી શકે છે એ જાણે તો જ દોષ ટાળી શકે છે, માટે આ તે સાચી માન્યતા છે પણ તેમાં ગ્રહણ ત્યાગનો વિકલ્પ હોવાથી તે રાગ છે. અસ્થિરતા છે.

(૫) 'પોતાનો શુધ્ધ સ્વંભાવ ઈષ્ટ અને વિકારી અવસ્થા અનિષ્ટ' એવાં વિકલ્પ ટાળી સ્વરૂપમાં સ્થિર થવું તે વીતરીગી ભાવ છે.

(સાધક અવસ્થા યોગ્ય) સાચી માન્યતા કર્યા પછી, વિકલ્પ ટાળી સ્વરૂપમાં સ્થિર થવું તે વીતરાગ દશા છે તે ઉત્તમ છે.

**૮૫.જ્ઞાન લક્ષણથી આત્મા સર્વ પરદ્રવ્યોથી ભિન્ન અનુભવ ગોચર થાય છે.**

પોતામાં અનાદિ અજ્ઞાનથી થતી શુભાશુભ ઉપયોગ રૂપ પરસમયની પ્રવૃત્તિને દૂર કરીને, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં પરિણમન સ્વરૂપ મોક્ષ માર્ગમાં પોતે પરિણમાવીને , સંપુર્ણ વિજ્ઞાનઘન સ્વભાવને પામ્યું છે, અને જેમાં કોઈ ગ્રહણ-ત્યાગ નથી, એવા સાક્ષાત્ સમયસાર સ્વરૂપ, પરમાર્થભૂત, નિશ્ચલ રહેલા, શુધ્ધ, પૂર્ણ જ્ઞાનને (પૂર્ણ આત્મદ્રવ્યને) દેખવું. ત્યાં 'દેખવું' ત્રણે પ્રકારે સમજવું.

(૧) શુધ્ધ નયનું જ્ઞાન કરીને પૂર્ણ જ્ઞાનનું શ્રધ્ધાન કરવું તે પહેલા પ્રકારનું દેખવું છે. તે અવિરત આદિ અવસ્થામાં પણ હોય છે. અશ્રધ્ધાનનો દોષ દૂર થાય છે.

(૨) જ્ઞાન-ગ્રહણ થયા પછી બાહ્ય સર્વ પરિગ્રહનો ત્યાગ કરી તેનો (પૂર્ણ જ્ઞાનનો) અભ્યાસ કરવો, ઉપયોગને જ્ઞાનમાં જ થંભાવવો, જેવું શુધ્ધનયથી પોતાના સ્વરૂપને સિધ્ધ સમાન જાણ્યું-શ્રધ્ધાયું હતું તેવું જ ધ્યાનમાં લઈને ચિત્તને એકાગ્ર - સ્થિર કરવું, ફરી ફરી તેનો જ અભ્યાસ કરવો, તે બીજા પ્રકારનું દેખવું છે. આ દેખવું અપ્રમત દશામાં હોય છે.

જ્યાં સુધી એવા અભ્યાસથી કેવળજ્ઞાન ન ઉપજે ત્યાં સુધી તે અભ્યાસ નિરંતર રહે. આ દેખવાનો બીજો પ્રકાર છે. અહી સુધી તો પૂર્ણ જ્ઞાનનું શુધ્ધ નયના આશ્રયે પરોક્ષ દેખવું છે. અંશે સ્થિરતા થાય છે.

(૩) કેવળજ્ઞાન ઉપજે ત્યારે સાક્ષાત દેખવું થાય છે. આ ત્રીજા પ્રકારનું દેખવું છે. તે સ્થિતિમાં જ્ઞાન સર્વ વિભાવોથી રહિત થયું થકું દેખનાર-જાણનાર છે, તેથી આ ત્રીજા પ્રકારનું દેખવું તે પૂર્ણ જ્ઞાનનું પ્રત્યક્ષ દેખવું છે. પૂર્ણ સ્થિરતા થાય છે.

## ૮૬. પરથી ભિન્ન શુધ્ધ જ્ઞાનના અનુભવનું કાવ્ય :

**શ્લોક :**

અન્ય દ્રવ્યોથી ભિન્ન, પોતામાં જ નિયત, પૃથક વસ્તુપણાને ધારતું (વસ્તુનું સ્વરૂપ સામાન્ય વિશેષાત્મક હોવાથી પોતે પણ સામાન્ય વિશેષપણાને ધારણ કરતું), ગ્રહણ ત્યાગ રહિત, આ અમલ (રાગાદિક મળથી રહિત) જ્ઞાન એ પોતે અવસ્થિત (નિશ્ચળ રહેલું) અનુભવાય છે કે જેવી રીતે આદિ-મધ્ય-અંત-રૂપ વિભાગોથી રહિત એવી સહજ ફેલાયેલી સ્વભાવ વડે દેદીપ્યમાન એવો એનો શુધ્ધધાન ધનરૂપ મહિમા નિત્ય ઉદિત રહે (શુદ્ધ જ્ઞાનના પુંજરૂપ મહિમા સદા ઉદયમાન રહે).

**ભાવાર્થ :** જ્ઞાનનું પૂર્ણ રૂપ સર્વને જાણવું તે છે. તે જ્યારે પ્રગટ થાય છે ત્યારે સર્વ વિશેષણો સહિત પ્રગટ થાય છે. તેથી તેના મહિમાને કોઈ બગાડી શક્તું નથી. સદા ઉદયમાન રહે છે.

કૃતકૃત્યતા :

પૂર્ણ જ્ઞાન સ્વરૂપ, સર્વ શક્તિઓના સમૂહરૂપ જે આત્મા તેને આત્મામાં ધારણ કરી રાખવો તે જ ત્યાગવા યોગ્ય જે કાંઈ હતું તે બધું ય ત્યાગ્યું અને ગ્રહણ કરવા યોગ્ય જે કાંઈ હતું તે બધું ય ગ્રહણ કર્યું, એ જ કૃતકૃત્યપણું છે.

બીજી રીતે,

જેણે સર્વ શક્તિઓ સમેટી છે (પોતામાં લીન કરી છે) એવા પૂર્ણ આત્માનું આત્મામાં ધારણ કરવું તે જ છોડવા યોગ્ય બધું છોડયું અને ગ્રહવા યોગ્ય બધું ગ્રહ્યું.

## ૮૭. સ્વાનુભૂતિ :

(૧) સ્વાનુભૂતિ કરનારો ભાવ, જેનો સ્વાનુભવ કરવાનો છે એના જેવો જ શુધ્ધ થાય, એક જાતના થઈને બન્ને તદ્રુપ થાય-તો જ સ્વાનુભૂતિ થઈ શકે.

શુધ્ધાત્માની વીતરાગી અનુભૂતિ રાગભાવ વડે થઈ શકે નહિ. શુધ્ધાત્માની અનુભૂતિ કરનારો ભાવ રાગરૂપ ન હોય. શુધ્ધાત્માની અનુભૂતિ

કરનારો ભાવ શુધ્ધાત્માની જાતનો વીતરાગી જ હોય. રાગભાવમાં વીતરાગભાવની અનુભૂતિ ન હોય.

(૨) શુધ્ધ વસ્તુ સ્વરૂપને અનુભવનારો ભાવ તે વસ્તુમાં લીન થયેલો છે; વસ્તુથી બહાર રહેલો કોઈ ભાવ વસ્તુને અનુભવી શકતો નથી. શુધ્ધ વસ્તુની અનુભૂતિ નિર્વિકલ્પ છે, વિકલ્પ એનાથી બહાર છે.

(૩) સ્વાનુભૂતિ તે જ્ઞાનની સ્વઉપયોગરૂપ પર્યાય છે.

(૪) નિરાવરણ જ્ઞાનદર્શન લક્ષણથી લક્ષિત પોતે નિરાવરણ પોતે ત્રિકાળ છે, એથી એના સ્વભાવમાં નિરાવરણપણું જે લક્ષણ જે પર્યાયમાં છે એનાથી તે લક્ષિત થઈ શકે છે. એનામાં જે 'ભાવ' છે એના લક્ષણથી તે લક્ષ્ય થઈ શકે છે. એની જાતની, જે પર્યાય નિર્મળ-એના સ્વભાવની જાતની પર્યાય, એથી તે લક્ષિત છે. જ્ઞાયક દેવ, ચેતન ભગવાન આત્મા ત્રિકાળ નિરૂપાધિક સ્વરૂપ છે. એ નિરૂપાધિક લક્ષણથી જાણાય એવો છે.

(૫) સ્વ-પરનું યથાર્થ ભેદજ્ઞાન કરો, વિપરીત અભિનિવેશ રહિત તત્વાર્થ શ્રધ્ધાન કરો, ભૂતાર્થનો આશ્રય કરો, શુધ્ધનય કરો, શુધ્ધોપયોગ કહો કે શુધ્ધાત્મશ્રધ્ધાન કહો તે નિશ્ચય સમ્યકત્વ છે. સ્વ-પરના યથાર્થ ભેદજ્ઞાનપૂર્વક તત્વાર્થ શ્રધ્ધાન કરીને સ્વાનુભવસહિત શુધ્ધાત્મ શ્રધ્ધાન કરવું, તે જ નિશ્ચય સમ્યકત્વ છે, તે જ મોક્ષમાર્ગનું પહેલું રત્ન છે, ને તે જ પહેલો ધર્મ છે. સ્વાનુભવ તે મૂળ વસ્તુ છે.

# છ દ્રવ્ય સ્વરૂપ લોક

## છ દ્રવ્ય સ્વરૂપ લોક : (૧) જીવ,

**વસ્તુ સ્વરૂપ (દ્રવ્ય સ્વરૂપ)**

**દ્રવ્ય-ગુણ-પર્યાય**
**ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક**
**આત્મા (જીવ) ચૈતન્ય લક્ષણ સ્વરૂપ**
**વિશેષ મુખ્ય ગુણ : અનંતજ્ઞાન, અનંત દર્શન, અનંતવીર્ય, અનંત સુખ**

### દ્રવ્ય સ્વભાવ (ત્રિકાળ)

**પરમ પારિણામિક ભાવ**
જ્ઞાયક ભાવ
વીતરાગ સ્વરૂપ
જ્ઞાન-દર્શન લક્ષણ યુક્ત
એકરૂપ ભાવ-અખંડ
ધ્રુવ (અચળ)
ત્રિકાળ નિરાવરણ સ્વભાવ
નિરાવલંબ-સહજ
અનંત શક્તિનો પિંડ
ચૈતન્ય ઘન પિંડ
આશ્રય કરવાયુક્ત ભાવ
નિર્વિકાર સ્વરૂપ
પૂર્ણ સુખસ્વરૂપ
સર્વજ્ઞ સ્વભાવ
શુધ્ધ-ત્રિકાળ શુધ્ધ...
કારણ પરમાત્મા
આનંદ કંદ (સચ્ચિદાનંદ)
પરમભાવ સ્વરૂપ નિર્વિકલ્પ ભાવ
અતીન્દ્રિય સ્વભાવવાળો

### પર્યાય સ્વભાવ (એક સમય માત્ર)

| સ્વભાવરૂપ પરિણમન | વિભાગ રૂપ પરિણમન |
|---|---|
| (રત્નત્રય)<br>૧ સમ્યકદર્શન<br>૨ સમ્યગ્જ્ઞાન<br>૩ સમ્યક્ચારિત્ર<br><br>સુખરૂપ પરિણમન<br>શુધ્ધ ભાવરૂપ<br>પરિણમન<br><br>શુધ્ધોપયોગ<br>(નિર્મળ પર્યાય) | ૧ મિથ્યાત્વ<br>(મોહ)<br>૨ અજ્ઞાન<br>૩ અસંયમ<br>કષાયભાવ<br>ક્રોધ, માન,<br>માયા, લોભ<br>(રાગ-દ્વેષ)<br>દુઃખરૂપ<br>પરિણમન<br>(ભાવકર્મ)<br>(શુભાશુભ ભાવ) |

**સાધન**
**વર્તમાન જ્ઞાન પર્યાય**

લક્ષ

(સ્વ) ←→ (પર)

| (સ્વ) | (પર) |
|---|---|
| (ધર્મ રૂપ પરિણમન<br>સ્વભાવરૂપ પરિણમન<br>સુખરૂપ પરિણમન) | અધર્મરૂપ પરિણમન<br>વિભાવરૂપ પરિણમન<br>અનંત દુઃખરૂપ પરિણમન |

(૧) (હું જ્ઞાન આનંદ સ્વરૂપ ભગવાન આત્મા છું)
(૨) સર્વથા
સર્વથી
ભિન્ન છું.

(૨) પુદ્‌ગલ, (૩) ધર્મદ્રવ્ય, (૪) અધર્મદ્રવ્ય, (૫) આકાશ, (૬) કાળ...

**સામાન્ય ગુણઃ**

૧. અસ્તિત્વ, ૨. વસ્તુત્વ, ૩. દ્રવ્યત્વ ૪. પ્રમેયત્વ, ૫. અગુરૂલઘુત્વ, ૬. પ્રદેશત્વ

**પુદ્‌ગલ (અજીવ) - જડ લક્ષણ સ્વરૂપ**

(વિશેષ મુખ્ય ગુણઃ રસ, રંગ, ગંધ અને સ્પર્શ)

| કર્મ | શરીર | પ્રાપ્ત સંયોગ | નિમિત્ત |
|---|---|---|---|
| (અનંત)<br>૧ જ્ઞાનાવરણીય<br>૨ દર્શનાવરણીય<br>૩ મોહનીય<br>૪ અંતરાય<br>૫ નામ<br>૬ ગૌત્ર<br>૭ આયુષ્ય<br>૮ વેદનીય<br>(મુખ્ય)<br>(દ્રવ્ય કર્મ) | તેજસ<br>ઔદારીક<br>વૈક્રિય<br>આહરક<br>યોગ → મન, વચન, ઈન્દ્રિયો (કાય)<br>ચાર ગતિ<br>૧ મનુષ્ય<br>૨ દેવ<br>૩ નારકી<br>૪ તિર્યંચ<br>(સંસાર પરિભ્રમણ)<br>(નો કર્મ) | સંબંધે જોડાયેલ વ્યકિતઓ (ચેતન દ્રવ્યો)<br>પ્રાપ્ત થયેલ સામગ્રી<br>(રોટી)<br>(કપડા)<br>(મકાન)<br>વિસ્તાર | (વીતરાગ સ્વરૂપ)<br>૧ દેવ<br>૨ ગુરૂ<br>૩ શાસ્ત્ર<br>(બોધ)<br>(જિનવાણી) |

**સાત તત્વનું સ્વરૂપ**

(૧) જીવ (૨) અજીવ (૩) આસ્રવ

(૪) બંધ (૫)સંવર (૬) નિર્જરા (૭) મોક્ષ

**વસ્તુ સ્વરૂપના મહાન સિધ્ધાંત**

(૧) દરેક દ્રવ્ય સ્વતંત્ર છે

(૨) દરેક દ્રવ્યનું ક્રમબદ્ધ પરિણમન છે

(૩) પરિણમન ઉપાદાનની યોગ્યતા પ્રમાણે હોય છે. નિમિત્તની હાજરી હોય છે.
પણ નિમિત્ત કાંઈ કરતું નથી.

**પાંચ સમવાય :** (૧) સ્વભાવ (૨) નિયતિ (૩) નિમિત્ત, (૪) કાળલબ્ધિ (૫) પુરૂષાર્થ

## ૮૮. સંપુર્ણ સાધનાનું પ્રયોજન એક માત્ર-સુખની પ્રાપ્તિ-મોક્ષ-દુઃખમાંથી છુટકારો.

લોકમાં અનાદિ - અનંત જે વિશ્વ-વ્યવસ્થા અને વસ્તુ-વ્યવસ્થા ચાલી રહી છે, તે પૂર્ણ વસ્તુસ્વરૂપને યથાર્થ બતાવનાર દર્શન-જૈન દર્શન-જૈન ધર્મ-એક માત્ર જ છે.

ધર્મનું સ્વરૂપ તીર્થંકર ભગવંતો-સર્વજ્ઞ દ્વારા મુખ્ય ચાર રીતે સમજાવવામાં આવ્યું છે અને એ જ વાત આચાર્ય ભગવંતોએ પોતાના નિજ વૈભવથી-અનુભવથી પ્રમાણ કરીને શાસ્ત્રોમાં કહી છે.

(૧)વસ્તુના સ્વભાવને ધર્મ કહેવામાં આવે છે.

(૨)સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતાને મોક્ષમાર્ગ કહેવામાં આવ્યો છે.

(૩)ઉત્તમ ક્ષમાદિ-ધર્મના દશ લક્ષણો બતાવીને ધર્મનું સ્વરૂપ સમજાવવામાં આવ્યું છે.

(૪)અહિંસા પરમોધર્મ-એ રીતે અહિંસાની મુખ્યતાથી ધર્મ સમજાવવામાં આવ્યું છે.

આ વસ્તુસ્વરૂપ પરમ-આગમોમાં ચાર અનુયોગ દ્વારા રજૂ કરવામાં આવ્યું છે. (૧) દ્રવ્યાનુયોગ, (૨) કરણાનુયોગ, (૩) ચરણાનુયોગ, (૪) પ્રથમાનુયોગ આ બધા શાસ્ત્રોનું તાત્પર્ય 'વીતરાગતા' છે.

આત્મા અનંતશક્તિઓનો પિંડ-ચિદાનંદ ભગવાન-જેના દ્રવ્ય સ્વભાવમાં જ ''વીતરાગતા'' શક્તિરૂપે પડી છે તે પર્યાયમાં પ્રગટ (વ્યક્ત) કેમ થાય-અને જીવને સુખની પ્રાપ્તિ કેમ થાય એ વાત આચાર્ય ભગવંતોએ જુદા-જુદા શાસ્ત્રોમાં વિસ્તારથી કરી છે. ભવ્ય આત્માઓ એનું નિમિત્ત પામીને નિજ પુરૂષાર્થથી મોક્ષની પ્રાપ્તિ કરે છે.

## ૮૯. હવે વર્તમાનમાં ચાર ગતિમાં સંસાર પરિભ્રમણ કરતા જીવોની વસ્તુસ્થિતિ શું છે અને દુઃખમાંથી છુટવાનો ઉપાય શું છે? આ વાત વિચારવા જેવી છે.

આ સ્વરૂપના સમજણની વાત વર્તમાન ગૃહસ્થ અવસ્થામાં શરૂ થઈ શકે છે અને શરૂઆતથી જ એના ફળરૂપે સામાન્ય જીવનમાં આકુળતા-વ્યાકુળતા

ઓછી કેમ થાય એ જ સાધનાનું પ્રયોજન છે.

જીવની અનાદિની મૂળ ભૂલ છે – 'સ્વરૂપની વિપરીત માન્યતા' શ્રીમદ્ રાજચંદ્રે આ વાત આત્મસિધ્ધિ શાસ્ત્રની પ્રથમ જ લીટીમાં કરી છે, 'જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત...' જીવની આ સૌથી મોટી ભૂલ-મિથ્યાત્વ-વિપરીત માન્યતા-એ મિથ્યાત્વને જૈનદર્શનમાં મોટામાં મોટું પાપ ગણવામાં આવ્યું છે જે પાપનું ફળ અનંત દુઃખ છે.

આત્મજ્ઞાની ગુરૂદેવે એ જ વાતને કરૂણાથી રજૂ કરી છે. 'બધા ભૂલેલા ભગવાન છે, પોતે એ ભૂલી ગયા છે કે સ્વભાવથી બધા જ સ્વયં ભગવાન જ છે'. બધા જીવો ભગવાન આત્મા જ છે. સિધ્ધનું સ્વરૂપ અને જીવનું સ્વરૂપ એક જ સરખું છે. આ વાત સમજવા જેવી છે અને સમજવાથી પર્યાયમાં એ જ સ્વરૂપ પ્રગટ થાય છે એની વાત છે.

હવે ભાવોની અપેક્ષાથી એ જ વાતનો જો વિચાર કરવામાં આવે તો જુદા-જુદા ભાવો જે જણાય છે તેનાથી પણ સ્થિતિ સાગરના એક જળબિંદુના દૃષ્ટાંતથી સમજાવવામાં આવી છે.

(૧) **અશુભ ભાવ** : હિંસા, ચોરી, અસત્ય, પરિગ્રહ, અબ્રહ્મચર્ય એ બધા જ આત્માની પર્યાયમાં થતા અશુભભાવો છે. જેનું ફળ તિર્યંચ અને નારકી ગતિ-જે દુઃખ ભોગવવાના સ્થાનો છે. દૃષ્ટાંતથી-પાણીના બિંદુને જો સહરાના રણની ગરમીમાં લઈ જવામાં આવે તો તરત જ બાષ્પીભવન થઈ પાણીના બિંદુનો નાશ થાય છે. એવી જ રીતે અશુભભાવોથી જીવના જ્ઞાનાનંદ સ્વભાવનો નાશ થાય છે.

(૨) **શુભભાવ** : દયા, દાન, વ્રત, તપ, પૂજા, ભક્તિ આદિ ભાવો એ શુભભાવ છે. એના ફળરૂપે પુણ્ય પ્રકૃતિ બંધાય છે જેના ફળમાં સ્વર્ગાદિ ગતિ અને અનુકુળ સંયોગો પ્રાપ્ત થાય છે, થોડોક સમય માટે. પાણીનું બિંદુ-એક ઝાકળના બિંદુ રૂપે પાંદડા પર પડે તો થોડોક સમય ચમકે છે પણ પ્રકાશ - તડકો આવતા તેનો નાશ થાય છે.

(૩) **વિકલ્પાત્મક ચિંતન** : સત્સંગ, સ્વાધ્યાય, સ્વરૂપનો વિચાર, તત્ત્વનો અભ્યાસ, ચિંતન, મનન અને તત્વનો યથાર્થ નિર્ણય આ પણ એક શુભભાવ જ છે-જેમ પાણીનું બિંદુ જો કાલુ નામની માછલીના મોઢામાં પડે તો

મોતીબિંદુમાં તેનું રૂપાંતર થઈ જાય છે.

(૪) શુદ્ધભાવ : સ્વરૂપની સાચી સમજાણ થતાં, જે નિર્વિકલ્પ દશા, આત્માનુભૂતિ, સ્વાનુભૂતિ, સુખાનુભૂતિ પ્રગટ થાય છે તે શુદ્ધભાવ છે. પાણીનું બિંદુ-સાગરનો સ્વીકાર કરી, સાગરને સમર્પિત થઈ જાય તો એ જ બિંદુને સાગર નામ પ્રાપ્ત થાય છે અને સાગરનું સામર્થ્ય એને પ્રાપ્ત થાય છે.

આ વસ્તુનો સાર સિધ્ધાંતો દ્વારા સમજાવવામાં આવ્યો છે. 'દરેક જીવની જેવી ઉપાદનની યોગ્યતા (ત્રિકાળી ઉપાદાન અને ક્ષણિક ઉપાદાન-તત્ સમયની યોગ્યતા) એ જ પ્રમાણે દરેક જીવનું સ્વતંત્રપણે ક્રમબદ્ધ પરિણમન થાય છે અને તે વખતે નિમિત્તની હાજરી હોય છે પણ નિમિત્ત કાંઈ કરતું નથી.' આ સિધ્ધાંતોના આધાર પર ચાલતી સંપૂર્ણ વિશ્વ વ્યવસ્થા નિયમિત-નિયત-ન્યાયી-ભલી બતાડવામાં આવી છે. જેને વીતરાગવિજ્ઞાન પણ કહેવામાં આવે છે. આ સિધ્ધાંતો સમજવા જેવા છે.

(૧) દ્રવ્યની સંપૂર્ણ સ્વતંત્રતા (દ્રવ્ય-ગુણ-પર્યાયની સ્વતંત્રતા)

(૨) દ્રવ્યનું ક્રમબદ્ધ પરિણમન

(૩) ઉપાદાન-નિમિત્તની સ્વતંત્રતા અને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ

(૪)પાંચ સમવાય : સ્વભાવ, નિયતિ, કાળલબ્ધિ, નિમિત્ત અને પુરૂષાર્થ

૯૦. હવે મોક્ષમાર્ગ અથવા સુખ પ્રાપ્ત કરવાની વિધિ સમજીએ.

(૧) ''જો ઈચ્છો પરમાર્થ તો કરો સત્ય પુરૂષાર્થ'

(૨) ''મત, દર્શન, આગ્રહ ત્યજી વર્તે સદ્‌ગુરૂ લક્ષ...

લહે શુદ્ધ સમકિત તે જેમાં ભેદ ન પક્ષ. ''

આ વાતનો સંક્ષિપ્તમાં ક્રમ આ પ્રમાણે છે.

(૧) પાત્રતા : મોક્ષમાર્ગમાં પ્રવેશ માટે અચુક પ્રકારની યોગ્યતા

(૨) **અભ્યાસ : નિયમિત સત્સંગ, સ્વાધ્યાય, ચિંતન, મનન... વગેરે**

(૩) **યથાર્થ નિર્ણય** : તત્ત્વનો (સ્વરૂપનો) યથાર્થ નિર્ણય...

'હું જ્ઞાનઆનંદ સ્વરૂપ ભગવાન આત્મા છું.

(૪) ભેદજ્ઞાન : દરેક ઉદય પ્રસંગે ભેદજ્ઞાનનો અભ્યાસ...

(અ) આત્મા અને દેહાદિ સંયોગો ભિન્ન છે સે સ્થૂળ ભેદજ્ઞાન

(બ) જ્ઞાન અને રાગાદિ (વિકારી ભાવો) ભિન્ન છે એ સૂક્ષ્મ ભેદજ્ઞાન

'હું સર્વથા સર્વથી ભિન્ન છું' એવું સંયોગો અને વિકારી ભાવોથી ભિન્ન પોતાના સ્વભાવ સામર્થ્યનું માહાત્મ્ય આવવું જોઈએ. પોતાના સ્વભાવના સામર્થ્યનો મહિમા આવતાં વર્તમાન જ્ઞાનની પર્યાય-સંયોગો તેમજ સંયોગીભાવોથી ભિન્ન પડી-ત્યાંથી લક્ષ હટાવી-સ્વભાવ તરફ દૃષ્ટિ કરતાં, ત્યાં એક સમય માટે એકાગ્ર થતાં જીવને અપુર્વ સુખની અનુભૂતિ થાય છે અને મોક્ષ માર્ગની શરૂઆત થઈ જાય છે. સંપૂર્ણ સાધનાનું ધ્યેય સુખની પ્રાપ્તિ જ છે. આનો જ વિસ્તાર જુદા-જુદા શાસ્ત્રોમાં જોવામાં આવે છે. આ સંપૂર્ણ કાર્ય સહજ જ છે.

**૯૧. આ વાતની દૃઢતા માટે વિશેષ અભ્યાસમાં નીચેની બાબતો ખાસ ધ્યાન રાખવા જેવી છે.**

(૧) આત્માનુભૂતિ એ જ સુખ પ્રાપ્ત કરવાનો એક જ સાચો ઉપાય છે.

(૨) મોક્ષમાર્ગ અનાદિ-અનંત ત્રણ લોકમાં એક જ છે. તેની પ્રરૂપણા નિશ્ચય અને વ્યવહાર એમ બે પ્રકારે કરવામાં આવી છે.

(૩) અખંડ આત્મસ્વભાવના અવલંબને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતારૂપ મોક્ષમાર્ગ પ્રગટ થાય છે.

(૪) ફક્ત જ્ઞાનથી જ મોક્ષની પ્રાપ્તિ થાય છે. જ્ઞાન અને આનંદ એક સાથે જ હોય છે અને જ્ઞાનસહિતનું વૈરાગ્ય કાર્યકારી છે.

(૫) સમ્યગ્દર્શન-જ્ઞાન-ચરિત્રની વ્યાખ્યા અભ્યાસ કરવા જેવી છે. સમ્યગ્દર્શન તો જીવાદિ પદાર્થોના શ્રદ્ધાન સ્વભાવે જ્ઞાનનું પરિણમવું તે છે. જીવદિ પદાર્થોના જ્ઞાન સ્વભાવે જ્ઞાનનું પરિણમવું તે સમ્યગ્જ્ઞાન છે અને

રાગાદિના ત્યાગસ્વભાવે જ્ઞાનનું પરિણમવું તે સમ્યક્ચારિત્ર છે. બધી વીતરાગી પર્યાય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન- ચારિત્ર ત્રણે એકલું જ્ઞાનનું પરિણમન જ છે. માટે જ્ઞાન જ પરમાર્થ મોક્ષકારણ છે.

(૬) વીતરાગી-નિર્વિકલ્પ દશા-આત્માનુભૂતિ એ નિશ્ચયમોક્ષમાર્ગ છે અને તે વખતે દે રાગ-વિકલ્પ સાધકદશામાં છે તે મોક્ષમાર્ગ નથી પણ સહચારી દેખીને તેને ઉપચારથી વ્યવહાર મોક્ષમાર્ગ કહેવામાં આવે છે.

(૭) જ્ઞાની એક સ્વભાવનું જ સાધન સાધે છે. બીજું ખરેખર સાધન નથી. નિશ્ચય મોક્ષમાર્ગ એક જ છે એમ જ્ઞાની માને છે અને ઉપદેશે છે. શુભરાગ મોક્ષમાર્ગ નથી. પરંતુ નિશ્ચય અને વ્યવહાર સાધકદશામાં સાથે જ હોય છે એવી નિશ્ચય-વ્યવહારની સંધિ છે.

(૮) નિશ્ચયનો પક્ષ બંધાણો તે પુરૂષને ભલે હજી અનુભવ નથી. તો પણ એનું જોર ચૈતન્યસ્વભાવ તરફ વળી રહ્યું છે. આ મારો આત્મસ્વભાવ નિશ્ચયથી જ પરમાત્મા છે એવા લક્ષવાળાને પર્યાયમાં પરમાત્મા પ્રગટ થાય છે.

(૯) સંપૂર્ણ સાધના ધ્યાનની જ છે. એક સમયના ધર્મધ્યાનથી શરૂઆત થઈ બે ઘડીની શુક્લધ્યાનમાં સાધના પૂર્ણ થાય છે. સંપૂર્ણ ધ્યાનનો જ વિષય છે.

(૧૦)આવા અલૌકિક માર્ગમાં છેવટ સુધી સાચા-દેવ-ગુરૂ-શાસ્ત્ર જ નિમિત્ત છે.

આવી સંપૂર્ણ સુખ પ્રાપ્ત કરવાની વિધિ સંક્ષિપ્તમાં-મુમુક્ષુજીવોને માટે રજૂ કરવામાં આવી છે.

**૯૨. સંપૂર્ણ જૈનદર્શનનો સાર.**

(૧) સાધનાનું પ્રયોજન શું છે ? સુખની પ્રાપ્તિ-મોક્ષ-ચાર ગતિના પરિભ્રમણમાંથી-દુઃખમાંથી છુટકારો.

(૨) આત્માનુભૂતિ-સુખાનુભૂતિ - એ જ સુખ પ્રાપ્ત કરવાનો એક સાચો ઉપાય છે. સુખ-મોક્ષ પ્રાપ્ત કરવાની વિધિ એક જ છે. પંચમ ગતિ - સિધ્ધ ગતિની વાત જૈન શાસન સિવાય બીજે ક્યાંય નથી. જેવું આત્માનું શુદ્ધ-પૂર્ણ વિતરાગ-સુખ સ્વરૂપ છે તેવું જ પર્યાયમાં પ્રગટ થાય એ વિધિ વીતરાગી

તીર્થંકર ભગવંતોનો ઉપદેશ છે. જેવું વસ્તુસ્વરૂપ છે એવું દર્શાવવું એ જૈન ધર્મ છે.

મોક્ષ-માર્ગ અનાદિ-અનંત એક જ છે. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી ખંડિત થતો નથી. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતારૂપ જે મોક્ષ માર્ગની વ્યાખ્યા કરવામાં આવી છે તે એક જ છે. એવા મોક્ષમાર્ગની પ્રરૂપણા (વ્યાખ્યા) નિશ્ચય અને વ્યવહાર બે પ્રકારે કરવામાં આવી છે. એમાં વીતરાગી નિર્વિકલ્પ દશા તે નિશ્ચય મોક્ષમાર્ગ છે અને સાધક અવસ્થામાં જે સાથે રાગ-વ્રતાદિની દશા તે વ્યવહાર મોક્ષમાર્ગ છે. એક સાચો મોક્ષમાર્ગ છે અને બીજો ખોટો મોક્ષમાર્ગ છે.

(૩) અખંડ આત્મસ્વભાવના અવલંબને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગ પ્રગટ્યો તે સાચો-અનુપચાર-શુદ્ધ-ઉપાદાન અને યથાર્થ મોક્ષમાર્ગ કહેલ છે. તે વખતે રાગ-વિકલ્પ છે તે મોક્ષમાર્ગ નથી પણ સહકારી દેખીને ઉપચારથી મોક્ષમાર્ગ કહેલ છે એટલે કે નિમિત્ત, સહચાર, ઉપચાર અને વ્યવહાર એમ ચાર પ્રકારે વ્યવહાર મોક્ષમાર્ગનું નિરૂપણ કહેલ છે.

(૪) જ્ઞાની એક સ્વભાવનું જ સાધન સાધે છે. બીજું ખરેખર સાધન નથી. નિશ્ચય મોક્ષમાર્ગ એક જ છે એમ જ્ઞાની માને છે. ઉપદેશે છે. શુભરાગ મોક્ષમાર્ગ નથી. વીતરાગમાર્ગ નથી પણ મોક્ષમાર્ગમાં નિમિત્ત છે, સહચારી છે તેથી જેને નિશ્ચય મોક્ષમાર્ગ પ્રગટયો છે એના મંદકષાયને ઉપચારથી મોક્ષમાર્ગ કહેલ છે, વ્યવહાર મોક્ષમાર્ગ કહેલ છે. માત્ર કહેવામાં આવ્યું છે. ખરેખર નિશ્ચય અને વ્યવહાર સાધક દશામાં બન્ને સાથે હોય છે. જેને નિશ્ચય પ્રગટ્યો છે તેને જ વ્યવહાર હોય છે. આવી રીતે નિશ્ચય અને વ્યવહારના સ્વરૂપની સંધિ છે.

(૫) જેને જન્મ-મરણના ફેરા મટાડવા હોય-ખરોખર દુઃખમાંથી મુક્તિ જોઈએ છે, તેને વસ્તુ સ્વરૂપ-યથાર્થ વસ્તુસ્વરૂપ (દ્રવ્ય-ગુણ-પર્યાયત્મક) જેવું વીતરાગી પ્રભુએ બતાવ્યું છે એવું આત્મસ્વરૂપ (દ્રવ્યસ્વભાવ-પર્યાય-સ્વભાવ) સૌથી પ્રથમ સમજવું જોઈએ. એની જાણકારી અને શ્રદ્ધા કરવી જોઈએ. આ સંબંધી જે વિપરીત માન્યતા છે. મિથ્યા માન્યતા-શ્રદ્ધા છે તે મિથ્યાદર્શન જ સર્વ દુઃખનું-સંસારનું મૂળ છે. સ્વરૂપ સંબંધી અભિપ્રાયની

ગંભીર ભૂલ છે. મૂળમાં આ ભૂલ છે. મૂળનો નાશ કરે-મિથ્યાદર્શનનો નાશ કરે તો સંસારરૂપી ઝાડનો નાશ થાય એમ છે. દયા-દાન-વ્રત-તપ-ભકિત-પૂજા આદિના શુભભાવથી સંસારનો નાશ થતો નથી.

૯૩. આત્મા શુદ્ધ ચિદાનંદ કંદ પ્રભુ અનંતગુણોનો પિંડ છે. અનંત શકિતઓનું સામર્થ્ય લઈને બેઠો છે. એના મહિમાનો કોઈ પાર નથી. સ્વભાવનું સામર્થ્ય અજબ-ગજબ છે. અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંત વીર્ય, અનંત સુખ એવા અનંત ગુણોનો પિંડ ભગવાન આત્મા અનંત શક્તિઓનો ધામ છે. આવું વસ્તુસ્વરૂપ હોવા છતાં-પોતાના સ્વભાવના સામર્થ્યનો મહિમા જીવને અનાદિ કાળથી એક સમયના માટે આવ્યો નથી. અને વર્તમાન સંસાર અવસ્થામાં જે પ્રાપ્ત સંયોગો છે-તે ક્ષણભંગુર હોવા છતાં-તેની દૃષ્ટિ ત્યાંથી ખસતી નથી. જ્યાં સુખ નથી ત્યાં સગવડના ભ્રમે સુખનો આભાસ થાય છે. આવી તેના વિભાવની વિપરીતતા તેના દુઃખનું મૂળ કારણ છે. વર્તમાન સંસાર અવસ્થામાં મુખ્ય ગુણોની પર્યાયની સ્થિતિનું અવલોકન કરીએ તો પર્યાયમાં થતી ભૂલ સુધારવાનો અવકાશ રહે.

(૧) **જ્ઞાનઃ** વર્તમાન જ્ઞાનની પર્યાયનું પરિણમન જઘન્ય છે.

(૨) **દર્શન-શ્રધ્ધાઃ** વર્તમાનમાં સ્વરૂપ સંબંધી વિપરીતતા છે. અભિપ્રાય-માન્યતાનો મૂળ દોષ છે .

(૩) **વીર્યઃ** ચારિત્ર ગુણમાં અસ્થિરતાનો અભાવ જણાય છે.

(૪) **સુખઃ** પોતે સ્વભાવથી સુખ સ્વરૂપ હોવા છતાં, સંયોગોને જોઈને પોતાને દુઃખી માની રહ્યો છે એ જ એનું દુઃખ રૂપ પરિણમન છે. આજ સંસાર છે. સ્ત્રી, પુત્રાદિ સંયોગો સંસાર નથી પણ પોતાનું જ્ઞાનાનંદ સ્વરૂપ ભૂલીને એમને પોતાના માનવા એ માન્યતા સંસાર છે.

૯૪. હવે નિશ્રય મોક્ષમાર્ગ તો આત્માનું શ્રધ્ધા, જ્ઞાન અને રમણતારૂપ પરિણમન જ છે. નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતાથી જ મોક્ષમાર્ગ બને છે. તો નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની વ્યાખ્યા ખરેખર સમજવા જેવી છે, વિચારવા જેવી છે. સમ્યગ્દર્શન તો જીવાદિ પદાર્થોના શ્રધ્ધાન સ્વભાવે જ્ઞાનનું પરિણમવું તે છે. સ્વભાવ-વિભાવની ભિન્નતાના શ્રધ્ધાનરૂપ વીતરાગી પરિણતિ થવી તે સમકિત છે. ભગવાન આત્મા શુધ્ધ ચિદાનંદ કંદ

પ્રભુ સદા વીતરાગી સ્વભાવી છે. તેના શ્રધ્ધાનરૂપે જે ભવન-પરિણમન છે તે નિશ્ચય સમકિત છે. વીતરાગ સ્વરૂપી આત્મસ્વરૂપના શ્રધ્ધાનરૂપના વિતરાગ પરિણતિને પરિણમે તેને નિશ્ચય સમ્યગ્દર્શન કહ્યું છે.

જીવાદિ પદાર્થોના જ્ઞાનસ્વભાવે જ્ઞાનનું એટલે આત્માનું (જ્ઞાનની પર્યાયનું) પરિણમવું તે જ્ઞાન છે. આત્માના જ્ઞાનનું અંતરમાં સ્વસંવદેનરૂપે સ્વના પ્રત્યક્ષ જ્ઞાનપણે થવું તેને જ્ઞાન કહે છે. તેને નિશ્ચય સમ્યગ્જ્ઞાન કહ્યું છે.

રાગાદિના ત્યાગસ્વભાવે જ્ઞાનનું થવું-પરિણમવું તે સમ્યગ્ચારિત્ર છે. જેમાં અતીન્દ્રિય આનંદનું પ્રચુર વેદન હોય એવી રાગના ત્યાગરૂપં-વીતરાગી પરિણતિને-આનંદની દશાએ આત્માનું થવું એ ચારિત્ર છે. સ્વરૂપમાં ચરવું તે ચારિત્ર છે. જ્ઞાનની પર્યાયની સ્વરૂપમાં સ્થિરતાને સમ્યગ્ચારિત્ર કહ્યું છે.

હવે જ્યારે આવું નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ થાય છે, ત્યારે તેની સાથે જ્યારે ઉપયોગ સ્વભાવની બહાર હોય ત્યારે

(૧) સાચા દેવ-ગુરૂ-શાસ્ત્રના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન અને શ્રધ્ધા,

(૨) જીવાદિ તત્ત્વોનું યથાર્થજ્ઞાન અને શ્રધ્ધા,

(૩) સ્વ-પરની ભિન્નતાનું યથાર્થ શ્રધ્ધાન,

(૪) સ્વનું યથાર્થ શ્રધ્ધાન-હું જ્ઞાયક ભગવાન આત્મા છું

એવું વ્યવહાર જ્ઞાન-શ્રધ્ધાન હોય છે તેને વ્યવહાર સમ્યગ્દર્શન કહે છે.

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણેય એકલું જ્ઞાનનું પરિણમન જ છે. માટે જ્ઞાન જ પરમાર્થ મોક્ષકારણ છે. એકલો આત્મા સ્વયં સહજ નિર્મળ રત્નત્રયરૂપ પરિણમે છે.વિતરાગતાનું પરિણમન દ્રવ્યસ્વભાવના લક્ષે જ થાય છે. બસ એટલું જ.બીજું કોઈ કારણ-ઉપાય નથી. ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ પ્રભુ અતિન્દ્રિય આનંદરૂપે પરિણમે એ એક જ મોક્ષનો માર્ગ છે.

**૯૫. શુધ્ધ આત્માની ઉપલબ્ધિથી જ સંવર-નિર્જરાઃ** શુધ્ધ આત્માને જાણતો-અનુભવતો જીવ શુધ્ધ આત્માને જ પામે છે, સુખને પ્રાપ્ત કરે છે.

વર્તમાન જ્ઞાનની પર્યાય-ઉપયોગ જ્યારે સ્વભાવમાં સ્થિર હોય છે ત્યારે જ ભાવ સંવર-નિર્જરા-મોક્ષ થાય છે. અને તે સમયે દ્રવ્યકર્મનું અટકવું-ખરી જવું-પૂર્ણ ખરી જવું તેને દ્રવ્ય સંવર-નિર્જરા-મોક્ષ કહેવામાં આવે છે.

**૯૬. જે જીવ અખંડ ધારાવાહી જ્ઞાનથી આત્માને નિરંતર શુદ્ધ અનુભવ્યા કરે છે તેને મોહ રાગ-દ્વેષરૂપી ભાવાસ્ત્રવો રોકાય છે તેથી તે શુદ્ધ આત્માને પામે છે.**

ધારાવાહી જ્ઞાન એટલે પ્રવાહરૂપ જ્ઞાન-અતૂટક જ્ઞાન-એ બે રીતે કહેવાય છે.

(૧) જેમાં વચ્ચે મિથ્યાજ્ઞાન ન આવે એવું સમ્યગ્જ્ઞાન ધારાવાહી જ્ઞાન છે. જેવું સ્વરૂપ છે તેવું સદાય માનવું 'હું જ્ઞાનાનંદ સ્વરૂપ ભગવાન આત્મા છું (યથાર્થ નિર્ણય) અને સર્વથા સર્વથી ભિન્ન છું (ભેદજ્ઞાન)'.

(૨) એક જ જ્ઞેયમાં (શુદ્ધ આત્મામાં) ઉપયોગના ઉપયુક્ત રહેવાની અપેક્ષાએ જ્ઞાનનું ધારાવાહીપણું કહેવામાં આવે છે

આ ઉપયોગ સ્થિર થવાની અપેક્ષાએ છે.

"કેવળ નિજ સ્વભાવનું અખંડ વર્તે જ્ઞાન;
કહીએ કેવળજ્ઞાન-દેહ છતાં નિર્વાણ."

**૯૭. આવા નિશ્ચય મોક્ષમાર્ગમાં સાચા દેવ-ગુરૂ-શાસ્ત્ર જે નિમિત્ત છે તેનું યથાર્થ જ્ઞાન તેમજ તેમની સાચી શ્રધ્ધા:**

(૧) **દેવ:** ભગવાન સર્વજ્ઞ વીતરાગ દેવ છે. જેનું વીતરાગ સ્વભાવરૂપ વીતરાગી પરિણમન થયું છે તે જ સાચા દેવ છે. અરિહંત અને સિધ્ધ.

(૨) **ગુરૂ:** જેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ શુધ્ધ રત્નત્રય નિર્મળ વીતરાગ પરિણમન થયું છે અને જે વીતરાગ સ્વભાવી શુધ્ધ ચૈતન્યસ્વરૂપનું જ કથન કરે છે તે સાચા ગુરૂ છે. નગ્નદિગંબર ભાવલિંગી સંત જ સાચા ગુરૂ છે. આચાર્ય, ઉપાધ્યાય, સાધુ.

(૩) **ધર્મ:** વીતરાગ સ્વભાવે આત્માનું પરિણમન થાય તે ધર્મ છે. જેમાં માત્ર વીતરાગતાની પ્રરૂપણા છે એવા શાસ્ત્રો સાચા પરમાગમ છે. આ પ્રમાણે દેવ-

ગુરૂ-શાસ્ત્ર ત્રણેય વીતરાગસ્વરૂપ જ છે.

બધાય શાસ્ત્રોનું તાત્પર્ય એક વીતરાગતા જ છે, સમભાવ છે,

સામ્યભાવ છે.

## ૯૮. આત્મદર્શન એ જ મોક્ષનું કારણ છે.

હે ધર્માત્મા ! આ આત્માનું દર્શન તે એક જ દર્શન મોક્ષનો માર્ગ છે. આત્મા એક સમયમાં અનંતગુણ સમ્પન્ન પ્રભુ છે. તેના દર્શન એટલે કે પહેલાં શાસ્ત્ર પધ્ધતિથી એવા આત્માને જાણીને-સર્વજ્ઞના કથન દ્વારા બતાવેલી રીતે વડે આત્માને પહેલાં જાણીને-મન-વચન ને કાયાથી ભિન્ન, પુણ્ય-પાપના રાગથી જુદો ને ગુણી અને ગુણના ભેદથી રહિત એવા આત્માના દર્શન એ જ મોક્ષનો માર્ગ છે.

આત્માના દર્શન એટલે કે જ્યાં મનનું પહોચવું નથી, વાણીની ગતિ નથી, કાયાની ચેષ્ટા જ્યાં કામ કરતી નથી, વિકલ્પનો જયાં અવકાશ નથી અને ગુણી-ગુણના ભેદનું જ્યાં અવલંબન નથી, એવો જે અભેદ અખંડ એકરૂપ આત્મા તેનું અંતર દર્શન કરવું, પ્રતીત કરવી તે એક જ આત્મદર્શન સમ્યક્દર્શન કહેવાય છે. તે સમ્યક્દર્શન એક જ મોક્ષનો માર્ગ છે. અભેદ અખંડ શુધ્ધ આત્માને અનુસરીને તેનો અનુભવ કરવો તે એક જ સમ્યગ્દર્શન છે. એ સિવાય બીજો કોઈ પ્રકાર સમ્યગ્દર્શનનો નથી. એકરૂપ અભેદ અખંડ ચૈતન્ય તે આત્મા અને તેનું દર્શન-અંતરમાં તેનો અનુભવ કરીને પ્રતીત કરવી તે એક જ સમ્યગ્દર્શન છે, તે એક જ મોક્ષમાર્ગ છે, બે સમ્યગ્દર્શન નથી તેમજ બે મોક્ષમાર્ગ નથી.

આત્માનું દર્શન એક જ-એમ કહેતાં, આત્મા સિવાય બીજી ચીજો પણ છે ખરી, અજીવ છે, મન-વચન-કાયાની અજીવ ચેષ્ટાઓ પણ છે, અંદર આત્મસ્વભાવમાં જેનો અભાવ છે એવા પુણ્ય-પાપનો રાગ પણ છે-એમ તેમાં આવી ગયું.વિકલ્પના વિચાર વખતે મન પણ છે, વાણીથી કરે છે ને સાંભળે છે, એ પણ છે, પણ એ બધાં આત્મદર્શનના કામ કરતાં નથી.

કોઈ કહે છે કે સમ્યગ્દર્શન બે પ્રકારે છે, જ્ઞાન બે પ્રકારે છે, ચારિત્ર બે પ્રકારે છે, તો અહીં કહે છે કે ના, બે પ્રકારે છે જ નહીં, કથન ભલે વ્યવહાર

અને નિશ્ચયથી બે પ્રકારે આવે પણ નિશ્ચય સમ્યગ્દર્શન તે એક જ સમ્યગ્દર્શન છે.

છઠ્ઠે સાતમે ગુણસ્થાને ઝુલનાર ભાવલિંગી સંત કહે છે કે આત્માનું દર્શન તે એક જ સમ્યગ્દર્શન છે. એ સિવાય નવ તત્ત્વોની શ્રધ્ધા તે સમ્યગ્દર્શન નહીં, ભેદવાળી શ્રધ્ધા તે સમ્યગ્દર્શન નહીં, દેવ-ગુરૂ-શાસ્ત્રની શ્રધ્ધા તે સમ્યગ્દર્શન નહીં, છ દ્રવ્યોની શ્રધ્ધા તે સમ્યગ્દર્શન નહીં.

એક સમયમાં પૂરણ ચિદાનંદ વસ્તુ તે આત્મા, તેનું દર્શન તેનો અનુભવ, તેની પ્રતીતિ તે એક જ સમ્યગ્દર્શન છે. એ આત્મદર્શન વિના જે કોઈ ક્રિયાકાંડમાં ધર્મ મનાય તે મિથ્યાદર્શન છે. એક સમયમાં પૂરણ અભેદ અનંતગુણનું એકરૂપ જે ભગવાન આત્મા તેની પ્રતીતિ તે સમ્યગ્દર્શન છે ને સમ્યગ્દર્શનના પ્રકાશના અભાવમાં પુણ્ય-દયા-દાન આદિના પરિણામમાં ધર્મ છે તેમ માનવું તે મિથ્યાદર્શન છે.

સમ્યગ્દર્શન પછી પુણ્ય-દયા-દાનના પરીણામ આવે, વચમાં વ્યવહાર આવે ખરો પણ તેનાથી તે ધર્મ માને નહીં. એ વ્યવહાર તો બંધનું કારણ છે પણ અનુકૂળતાથી કહીએ તો એ વ્યવહાર અંતર અનુભવની દષ્ટિમાં તેને નિમિત્ત કહેવામાં આવે છે ને પ્રતિકૂળતાથી કહીએ તો તે બંધનું કારણ છે.

**૯૯. આત્મદર્શન સિવાય અન્યને જરીએ મોક્ષમાર્ગ માનવો નહીં.**

ભગવાન આત્માના દર્શન તે એક જ મોક્ષનો માર્ગ છે. આત્માના દર્શન સિવાય પર-દેવ-શાસ્ત્ર-ગુરૂની શ્રધ્ધાનો રાગ, નવ તત્ત્વોની શ્રધ્ધાનો રાગ, છ દ્રવ્યની શ્રધ્ધાનો રાગ, એ બધું ય પર-અન્ય છે, તેને જરીએ મોક્ષમાર્ગ માનવો નહીં. શુભરાગમાં, દેહની ક્રિયામાં કે નવ તત્ત્વોની શ્રધ્ધાના રાગમાં સમ્યગ્દર્શન અથવા મોક્ષનો માર્ગ જરીએ છે નહીં. આત્માના દર્શન સિવાય અન્યમાં સમ્યગ્દર્શન ને મોક્ષનો માર્ગ જરીએ નથી.

અહાહા ! સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમેશ્વરના મુખમાંથી નીકળેલી આ દિવ્યધ્વનિમાં જે આ આવ્યું એવું સંતોએ ચારિત્ર સહિત અનુભવ્યું ને એમણે જગત સમક્ષ મૂક્યું તે વસ્તુનું સ્વરૂપ આ છે.

આત્માનું દર્શન તે એક જ સમ્યગ્દર્શન છે અને તેનાથી અન્ય બીજું તે કાંઈ છે તે કાંઈ મોક્ષમાર્ગમાં ગણવામાં આવતું નથી. તેથી આત્મદર્શન સિવાય

બીજી કોઈ વાતને સમ્યગ્દર્શન માને તેને મિથ્યાદર્શન થાય છે.

આત્માના અનુભવની દૃષ્ટિ સિવાય સમ્યગ્દર્શન બીજી કોઈ ચીજ વડે હોઈ શકે નહીં ને બીજી કોઈ ચીજમાં હોઈ શકે નહીં. ગુણીને ગુણના ભેદ વડે પણ આત્મદર્શન થઈ શકે નહીં, તો પછી દયા-દાન-ભક્તિ આદિ કરો પછી સમ્યગ્દર્શન થશે એ વાત તો તદ્દન મિથ્યા છે.

અહીં સમ્યગ્દર્શનને મોક્ષનું કારણ કહ્યું છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની ત્રણની વાત નથી કરી, કેમ કે અનુભવનું જોર દેવું છે. આત્માના અનુભવમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે આવી જાય છે, તેમ કહેવું છે.

શાંત, શાંત ધીરો થઈને અંતરના સ્વભાવની એકતાને અવલંબીને જે સમ્યગ્દર્શન થાય તેમાં સમ્યગ્જ્ઞાન અને સ્વરૂપ આચરણ ચારિત્રનો અંશ પણ ભેગો ઉત્પન્ન થાય છે. માટે અહીં એક સમ્યગ્દર્શનને જ મોક્ષનું કારણ કહ્યું તેમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણિ મોક્ષમાર્ગ એ આવી ગયું.

પોતાના સહજાનંદ સ્વભાવની દૃષ્ટિ થઈને રૂચિનું પરિણમન થયું તેમાં સ્વરૂપની શ્રદ્ધા, સ્વરૂપનું જ્ઞાન અને સ્વરૂપમાં અંશે રમણતારૂપ ચારિત્ર આવી જાય છે. એનો અર્થ એ થયો કે ચોથે ગુણસ્થાને સમ્યગ્દર્શનમાં સ્વરૂપ-આચરણ ચારિત્ર હોય છે. કેમ કે ભગવાન આત્મા પોતાના અંતર સ્વભાવ તરફ ઢળ્યો અને પ્રતીતિ ને જ્ઞાન થયા એમાં એટલો જ અનંતાનુબંધીનો અભાવ થઈ તે સ્વરૂપની રમણતારૂપ ચારિત્ર પ્રગટ થયા વિના સમ્યગ્દર્શન હોઈ જ શકે નહીં.

સમ્યગ્દર્શન એક જ મોક્ષમાર્ગ કહેતાં એકાંત થઈ જતું નથી ? કે ના, એમાં અનેકાંત રહે છે. સ્વરૂપની દૃષ્ટી, સ્વરૂપનું જ્ઞાન અને સ્વરૂપ આચરણ ત્રણે ભેગા છે ને તેમાં વિકલ્પાદિ ભાવનો નાસ્તિભાવ છે. વ્યવહાર સમકિત તો રાગ છે. તેનો નિશ્ચય-સમ્યગ્દર્શનમાં અભાવ છે. આવા સમ્યગ્દર્શન વિના બીજાને સમ્યગ્દર્શન માને તેની મિથ્યાદર્શનની પર્યાય છે.

સર્વજ્ઞની વાણીમાં એમ આવે છે કે અમારા કહેલાં શાસ્ત્રોની શ્રદ્ધાને અમે સમ્યગ્દર્શન કહેતાં નથી. તારા આત્માની સન્મુખ થઈને પ્રતીત થવી, અનુભવ થવો તે એક જ સમ્યગ્દર્શન છે. બીજા પ્રકારનું સમ્યગ્દર્શન અમે કહ્યું નથી, કહેતાં નથી ને છે પણ નહીં.

ભગવાન તારામાં તું પૂરો પડ્યો છો, તારે કોઈની જરૂર નથી, પર પદાર્થની શ્રધ્ધાની તો જરૂર નથી, પરસન્મુખના આશ્રયે થતાં દયા-દાન આદિના રાગભાવની તો જરૂર નથી, એ તો ઠીક પણ ભગવાન આ અને ગુણ આ એવા મનના સંગે ઉત્પન્ન થતાં વિકલ્પની પણ તને જરૂર નથી.

સંતો અહીં આદેશ કરે છે કે આત્મા ! નિશ્ચયથી એ રીતે છે એમ તું જાણ ! બાકી બધો વિકલ્પ હોય તેને વ્યવહાર નિમિત્ત તરીકે તું જાણ ! બીજો મોક્ષમાર્ગ જરીએ નથી. વ્યવહાર શ્રદ્ધાનો, શાસ્ત્રના જ્ઞાનનો, કોઈ કષાયની મંદતાના વ્રતાદિનો ભાવ કિંચિત્ છૂટકારાનો માર્ગ નથી, એ તો બંધનનો માર્ગ છે. એમ હે આત્મા ! નિશ્ચયથી જાણ ! વ્યવહારનું જે સ્વરૂપ છે તે જાણવા લાયક છે પણ આદરવા લાયક નથી. ભાઈ ! તને પૂર્ણાનંદ સ્વરૂપ ભગવાનની મહિમા આવતી નથી ને તેની મહિમા વિના તને ભેદને રાગની જેટલી મહિમા આવે છે એ મિથ્યાદર્શન છે, શલ્ય છે. બાપુ ! વીતરાગ પરમેશ્વરનો માર્ગ જગતને સાંભળવા મળ્યો નહીં તેથી ઉંધે રસ્તે ચઢીને માને કે અમે ભગવાનને માનીએ છીએ, પણ ભગવાન તો એમ કહે છે કે જેમ રાખ ઉપર ગાર કરે તે ગાર નથી પણ લીંપણા છે, તેની જેમ આત્માના દર્શન વિના તેને દેવ-શાસ્ત્ર-ગુરૂની સાચી શ્રધ્ધા નથી, કેમ કે માનીએ છીએ એમ માને છે તે માન્યતા જૂઠી છે. આત્મદર્શન વિના દેવ-શાસ્ત્ર-ગુરૂની સાચી શ્રદ્ધા રહેતી નથી. આવું વસ્તુસ્વરૂપ છે ભાઈ !

૧૦૦. **आत्मा ज्ञानं स्वयं ज्ञानं ज्ञानादन्यत्करोति किम् ।**

**परभावस्य कर्तात्मा मोहोऽयं व्यवहारिणामक्क ।।**

આત્મા જ્ઞાનસ્વરૂપ છે, પોતે જ્ઞાન જ છે, થે જ્ઞાન સિવાય બીજું શું કરે? આત્મા પરભાવોનો કર્તા છે એમ માનવું (તથા કહેવું) તે વ્યવહારી જીવોનો મોહ (અજ્ઞાન) છે.

આત્મા અર્થાત્ ચેતનદ્રવ્ય ચેતનામાત્ર પરિણામ કરે છે. કેવો હોવાથી? કારણ કે આત્મા પોતે ચેતન પરિણામ માત્ર સ્વરૂપ છે. ચેતન પરિણામથી ભિન્ન જે અચેતન પુદ્‌ગલ પરિણામરૂપ કર્મ તેને કરે શું? અર્થાત્ નથી કરતો, સર્વથા નથી કરતો. ચેતનદ્રવ્ય જ્ઞાનાવરણાદિ કર્મને કરે છે એવું જાણપણું, એવું કહેવું મિથ્યાદ્રષ્ટિ જીવોનું અજ્ઞાન છે ભાવાર્થ આમ છે કે-કહેવામાં એમ

આવે છે કે જ્ઞાનાવરણાદિ કર્મનો કર્તા જીવ છે, તે કહેવું પણ જુઠું છે.
શ્રી સમયસાર-કળશ ૬૨

આ ભારતક્ષેત્રમાં આ પંચમકાળમાં આત્માની રુચી-પ્રતીતિ-જિજ્ઞાસા-લક્ષ-એકાગ્રતા કરતાં આત્માનુભૂતિ-ધર્મધ્યાન થઈ જાય છે અને તેને અતીન્દ્રિય સુખ પ્રગટ થાય છે ઈન્દ્રિય સુખોની રુચી છોડીને-ઉપયોગ પલ્ટાવીને આત્માની રુચી કર અને શુધ્ધાત્માની સન્મુખ થઈ તેનું ધ્યાન-અનુભવ કર.

૧૦૧. 'હું' 'જ્ઞાયક' જ્ઞાનમયી, આનંદમયી, સુખમયી, વીર્યમયી, શાંતિમયી, શાશ્વત શુધ્ધાત્મા અખંડ અભેદ-સહજ આત્માસ્વરૂપ છું.

૧૦૨. 'હું' પરમાત્મા સ્વરૂપ, જ્યોતિ જિન સ્વરૂપ, પરમજ્યોતિસ્વરૂપ, પરમબ્રહ્મસ્વરૂપ, પરિપૂર્ણ, અક્ષય, અવ્યવ, અવિનાશી, અનુપમ, અચ્છેદ, અવ્યાબાધ, અનાદિ-અનંત, નિત્ય, નિરાબાધ, નિરંજન, નિષ્કલંક, નિરાકાર એવો અખંડ અભેદ સહજ આત્મ સ્વરૂપ છું.

૧૦૩. 'સમયસાર' કે જે નોકર્મ, દ્રવ્યકર્મ, ભાવકર્મ, રહિત છે, એવો શુધ્ધાત્મા સર્વથા સર્વદા સર્વથી ભિન્ન જ છું. જ્ઞાયક એક 'સ્વ' બાકી બધું જ પર એવો હું ચેતનારો માત્ર ચૈતન્યભાવ- સહજ આત્મસ્વરૂપ છું

૧૦૪. આ ભગવાન આત્મા 'હું' વિજ્ઞાનઘન, ચૈતન્ય સૂર્ય, સ્વતઃ સિધ્ધ, કેવળજ્ઞાન શક્તિસ્વરૂપ, ચંદ્રથી અધિક શાંતિ, શીતળતા, ઠંડક સ્વરૂપ અતીન્દ્રિય મહા પદાર્થ, સર્વ પદાર્થોને સમય માત્રમાં યુગપત જાણનાર સ્વરૂપ-સહજ આત્મસ્વરૂપ છું.

૧૦૫. 'હું' નિપુણ, પ્રવાણ, પ્રવીણ, પુરુષાર્થી, ચિદાનંદ, જ્ઞાનાનંદ, અરિહંત અને સિધ્ધભગવાનની જાતનો, પંચપરમેષ્ઠિની નાતનો, પંચમગતિ પ્રયાણ કરનાર પરમ પારિણામિક ભાવ સ્વરૂપ, મહાન શક્તિ અને સામર્થ્યથી ભરપૂર સહજઆત્મસ્વરૂપ છું.

૧૦૬. 'હું' સુખાનંદની ધર્મશાળા, જ્ઞાનાદિ ગુણોની ગાંસડી, આનંદનુ નૂર, ચૈતન્યનું પુર, ચૈતન્ય ચમત્કાર, ચૈતન્યરત્નાકર , કેવળજ્ઞાનરૂપી લક્ષ્મીથી શોભાયમાન, પંચમભાવ પૂજિત પરિણતિથી પૂજ્ય, મહાન અતીન્દ્રિય, ધ્રુવ, અચળ મહિમાવંત પદાર્થ સહજ આત્મસ્વરૂપ છું.

૧૦૭. 'હું' અકષાયી, શાંત-વીતરાગરસથી તરબોળ, અનંત પ્રભુતા, વિભુતા, સ્વચ્છતા, સર્વાંગ સુંદરતાને પ્રાપ્ત એવો પરમ પદાર્થ, પ્રભૂ થવાની પ્રચંડ શક્તિનો મહાસાગર, ગુણોનો ગોદામ, શક્તિનો સંગ્રાલય, સુખના મહિમાવંત મહાન મહેરામણ, જ્ઞાનસિંધુ, અફાટ, અપાર, અનેરો એવો અવર્ણનીય પદાર્થ સદાય પ્રતિભાસમય - સહજ આત્મસ્વરૂપ છું.

૧૦૮. 'હું' સ્વભાવથી રાગાદિરહિત, કષાયરહિત શુદ્ધ જ છું. હું જાણું છું કે મોહકર્મના ઉદયનું નિમિત્તપામીને વર્તમાન પરિણતિ રાગાદિસ્વરૂપ મલિન જણાય છે, પરંતુ તે મારું વાસ્તવિક સ્વરૂપ નથી. હું તો શુદ્ધ ચૈતન્યમય સહજ આત્મસ્વરૂપ છું.

૧૦૯. 'હું' સદાય, સર્વથા, સર્વથી ભિન્ન, માત્ર ચેતનારો, જાણનારો જાણન...જાણન... જાણન... સ્વભાવવાળો... સ્વ-પર પ્રકાશક શક્તિવાળો શુદ્ધ ચૈતન્યમાત્ર - સહજ આત્મસ્વરૂપ છું.

૧૧૦. અસંખ્ય પ્રદેશી 'સ્વ' ધામ તે મારું ક્ષેત્ર છે, સ્વધામમાં વસનાર, એવો 'હું' આ રાગાદિ જે અજીવ છે તે સ્વરૂપ મારું કેમ હોય ભલા? આ રાગાદિ તો લક્ષણથી આકુળતા ઉપજાવનારા છે, જ્યારે હું તો અનાકુળતા જેનું લક્ષણ છે એવો જ્ઞાનાનંદ સ્વરૂપ શુદ્ધ ચૈતન્યમાત્ર - સહજ આત્મસ્વરૂપ છું.

૧૧૧. 'હું' નિત્ય ઉદ્યોતરૂપ, નિર્મળ, સ્પષ્ટ, પ્રકાશમાન, દર્શન-જ્ઞાન જ્યોતિસ્વરૂપ છું. અનંતદ્રવ્યો સાથે એકક્ષેત્રાવગાહરૂપ હોવા છતાં, ટંકોત્કીર્ણ, શુદ્ધ ચૈતન્યમાત્ર-સહજ આત્મસ્વરૂપ છું.

૧૧૨. 'હું' સહજ શુદ્ધ જ્ઞાનાનંદરૂપ એક સ્વભાવભાવ છું. નિર્વિકલ્પ છું. ઉદાસીન છું, નિજ નિરંજન શુદ્ધાત્માના સમ્યક્શ્રદ્ધાન, જ્ઞાન, અનુષ્ઠાનરૂપ નિશ્ચય રત્નત્રયાત્મક નિર્વિકલ્પ સમાધિથી ઉત્પન્ન વીતરાગ સહજાનંદરૂપ, સુખાનુભૂતિમાત્ર લક્ષણદ્વારા સ્વસંવેદન જ્ઞાન વડે સંવેધ, ગમ્ય, પ્રાપ્ય, ભરિતાવસ્ય શુદ્ધ ચૈતન્યમાત્ર - સહજ આત્મસ્વરૂપ છું.

૧૧૩. 'હું' સકળનિરાવરણ-અખંડ-એક પ્રત્યક્ષ પ્રતિભાસમય-અવિનશ્વર-શુદ્ધપારિણામિક પરમભાવલક્ષણ નિજપરામાત્મા દ્રવ્ય તે જ હું છું. શુદ્ધ ચૈતન્યમાત્ર સહજ આત્મસ્વરૂપ છું.

૧૧૪. 'હું' તો જ્ઞાનસ્વરૂપી મહેલમાં રહેનાર, જ્ઞાનગગનમાં ઉડનાર, જ્ઞાનાનંદ ભોજન લેનાર, જ્ઞાનસરોવરમાં ડૂબનાર, જ્ઞાનકિલ્લામાં સુરક્ષિત, જ્ઞાનસમુદ્રમાં લવલીન, જ્ઞાનજળનાં રસપાન કરનાર છું. એવો શુદ્ધ ચૈતન્યમાત્ર-સહજ આત્મસ્વરૂપ છું.

૧૧૫. એક જ્ઞાયકનો જ પક્ષ, એક જ્ઞાયકનું જ લક્ષ અને તેમાં જ દક્ષ થઈ, ચૈતન્ય ચમત્કાર તેજપુંજ, જ્ઞાનજ્યોતિ સ-રસ જ્ઞાનાનંદનો સિંધૂ એવા આત્મામાં અંતર્નિમગ્ન થઈ, મારી નિર્મળ જ્ઞાનપર્યાયમાં પ્રત્યક્ષ જણાઉં એવો છું એવો શુદ્ધ ચૈતન્યમાત્ર - સહજ આત્મસ્વરૂપ છું.

૧૧૬. કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણરૂપ કારકભેદો, સત્ત્વ, અસત્ત્વ, નિત્ત્વ, અનિત્ત્વ, એકત્ત્વ , અનેકત્ત્વ આદિ ધર્મ ભેદો, જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિ ગુણભેદો, જો કથંચિત્ હોય તો ભલે હો; પરંતુ શુદ્ધ ચૈતન્યમાત્ર ભાવમાં તો કોઈ ભેદ નથી. 'હું' તો માત્ર શુદ્ધ ચૈતન્યમાત્ર અભેદ-સહજ આત્મસ્વરૂપ છું.

૧૧૭. મારા સ્વભાવમાં વિભાવનો અભાવ છે;

મારા જ્ઞાનમાં અજ્ઞાનનો અભાવ છે;

મારી શક્તિમાં નિર્બળતાનો અભાવ છે;

મારી શ્રદ્ધામાં મિથ્યાત્ત્વનો અભાવ છે;

મારા ચારિત્રમાં કષાયનો અભાવ છે;

ચૈતન્ય...ચૈતન્ય...ચૈતન્ય... પ્રવાહમાં નિમગ્ન, હું વીર્યને વરનાર, સ્વતંત્રતાથી શોભાયમાન, વિભુત્વથી વ્યાપનાર, ચિદ્વિલાસસ્વરૂપ શુદ્ધ ચૈતન્યમાત્ર-એક 'જ્ઞાયકભાવ' - સહજ આત્મસ્વરૂપ છું.

૧૧૮. આત્મા જ્ઞાયકસ્વરૂપ પરને જાણવા કાળે અજીવને જાણે, રાગ-દ્વેષને જાણે, શરીરને જાણે ત્યાં જાણપણે જે પરિણમે તે પોતે પરિણમે છે, જ્ઞાનસ્વરૂપે કાયમ થઈને પરિણમે છે, જ્ઞાન પરપણે થઈને પરિણમે છે એમ નથી, જ્ઞાન જ્ઞાનપણે રહીને પરને જાણે છે - એવો જાણનાર માત્ર એક શુદ્ધ ચૈતન્યમાત્ર સ્વરૂપ-સહજ આત્મસ્વરૂપ છું.

૧૧૯. ભગવાન આત્મા, એકલો ચૈતન્ય જે, પર્યાયની આડમાં, નવતત્ત્વની

આડમાં દૂર હતો તે એક જ્ઞાયકભાવની સમીપ જઈને તે એકને એકપણે અનુભવતાં તેમાં નવભેદો જણાતા નથી તે નવ અભૂતાર્થ છે. તેથી આ નવતત્વોમાં ભૂતાર્થનયથી જોતાં એક જીવ જ પ્રકાશમાન છે, એક જ્ઞાયકભાવ જ પ્રકાશમાન છે. માટે હું એક શુદ્ધ ચૈતન્યમાત્ર - સહજ આત્મસ્વરૂપ છું.

૧૨૦. સામાન્ય, એક ધ્રુવ ચૈતન્ય સ્વરૂપને અનુસરીને શાંતિ અને આનંદનો જે અનુભવ થયો એ શુદ્ધનય છે. એક ત્રિકાળીનું લક્ષ કરતાં પર્યાયમાં જે દ્રવ્ય ત્રિકાળી જણાયું તે શુદ્ધનય છે અને એ અનુભૂતિ આત્મા જ છે. શુદ્ધનય કહો, આત્માનુભૂતિ કહો કે આત્મા કહો એ બધું એક જ છે. જુદાં નથી. આત્માનુભૂતિ એ જૈનશાસન છે.

આ જ્ઞાયક સંબંધી જે કોઈ ભાવ થયાં તે મારું સ્વરૂપ નથી, હું તો તેનાથી ભિન્ન એક શુદ્ધ ચૈતન્યમાત્ર-સહજ આત્મસ્વરૂપ છું.

૧૨૧. હવે થોડુંક વિશેષ :

(૧) જૈન ધર્મ કોઈ વ્યકિતના કથન, પુસ્તક, ચમત્કાર કે વિશેષ વ્યક્તિ પર નિર્ભય નથી. કોઈ વ્યક્તિએ ધર્મ ઉત્પન્ન કર્યો નથી.

(૨) ધર્મ વસ્તુનો સ્વભાવ છે, વસ્તુ અનાદિ અનંત છે એટલે ધર્મ પણ અનાદિ અનંત છે. તેનું સ્વરૂપ પ્રકાશક તત્ત્વજ્ઞાન પણ અનાદિ અનંત છે. તેનો પ્રદર્શક જૈન ધર્મ વિશ્વધર્મ છે.

(૩) તીર્થંકરો ધર્મમી સ્થાપના નથી કરતા... તમારી ખોવાઈ ગયેલી શ્રદ્ધાને સ્થાપીત કરે છે. તમને યાદ કરાવે છે કે તમે બધા ભૂલેલા ભગવાન છો.

(૪) કોઈ વસ્તુ અને તેના ગુણ ધર્મ (સ્વભાવ) જુદા હોય એમ કદી બને નહિ, વસ્તુનો સ્વભાવ સદાય વસ્તુમાં જ રહે, આત્માનો સ્વભાવ સદાય આત્મામાં જ રહે. સ્વભાવ એ જ વસ્તુનો ધર્મ હોવાથી આત્મા પોતે જ ધર્મ સ્વરૂપ છે. આ આત્મા પોતે જ જ્ઞાન-આનંદ સ્વરૂપ જ છે.

(૫) હવે જે વસ્તુ પોતે ધર્મસ્વરૂપ જ છે તેને ધર્મ માટે બહારની

મદદની જરૂર કેમ રહે? આત્માનો ધર્મ સદાય સ્વયં આત્મામાંથી જ પ્રગટ થાય. જુઓ આ દ્રવ્યની સ્વતંત્રતા...

(૬) તું ગમે તે ક્ષેત્રે જા કે ગમે તે કાળ હોય તો પણ તારો ધર્મ તારાથી જુદો નથી. તું પોતે ધર્મસ્વરૂપ હોવા છતાં તને તારી પોતાની જ ખબર અનાદિથી નથી. તારામાં ધર્મ હોવા છતાં એ તને પ્રગટ અનુભવમાં આવતો નથી. તને તારા ધર્મસ્વરૂપ સંબંધી શંકા છે, મિથ્યા માન્યતા છે અને તે જ અધર્મ છે અને તે જ કારણે અનાદિથી સંસાર છે. આત્મસિદ્ધિની પ્રથમ ગાથા... 'જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત...' એ અધર્મ ટાળવા તારા ધર્મસ્વભાવની જે ઓળખાણ કરાવે તેનું નામ જૈન શાસન છે.

(૭) આત્માનો સ્વભાવ ત્રિકાળ છે. એમાં જે એક સમય પૂરતી વિકારી પર્યાય તેનું લક્ષ ગૌણ કરીને અખંડ પરિપૂર્ણ સ્વભાવનું દર્શન કરાવવું તે જૈન દર્શન.

(૮) પ્રત્યેક આત્મા સર્વજ્ઞ સ્વરૂપ જ છે અને એ સ્વભાવના સામર્થ્યનું મહિમા આવતાં પર્યાયમાં સર્વજ્ઞતા પ્રગટ કરી પરમાત્મા બની શકે છે એવી જાહેરાત કરનાર જૈન ધર્મ એ વિશ્વ ધર્મ છે.

(૯) પદાર્થોના સ્વરૂપનો પ્રદર્શક જૈન ધર્મ એ ત્રિકાળ અબાધિત સત્યરૂપ જ છે.

(૧૦) આ જૈન ધર્મને કાળ કે ક્ષેત્રની મર્યાદામાં કેદ કરી શકાય નહિ. પ્રત્યેક આત્માની હિતની વાત એમાં છે.

**૧૨૨. સારરૂપ :**

(૧) જૈન શાસન એટલે વીતરાગતા...

(૨) અનેકાન્ત એ જૈન શાસનનો આત્મા...

દરેક વસ્તુ પોતાપણે છે અને પરપણે નથી.

(૩) સ્યાદ્વાદ એ જૈન શાસનની કથન શૈલી...

દરેક કથન અપેક્ષા સહિત હોય છે.

(૪) જૈન શાસન એટલે યુક્તિ અને અનુભવનો ભંડાર

'અનુભૂતિ એ જ જૈન શાસન છે.'

સુખની ઉત્પત્તિ, વૃદ્ધિ અને પૂર્ણ સુખની પ્રાપ્તિ એ જ ધર્મનું પ્રયોજન છે.

(૫) જૈન શાસન એટલે દરેક દ્રવ્યના સ્વરૂપને સંપૂર્ણ અને ત્રિકાળ સ્વાધીન (સ્વતંત્ર) બતાવનાર અનાદિ-અનંત વિશ્વનો ધર્મ.

પાપમાં જવા ન દે અને પુણ્યમાં ધર્મ ન મનાવે તેનું નામ જૈન ધર્મ.

**૧૨૩. સારરૂપ :**

જ્ઞાનાનંદ સ્વરૂપ આત્માનું સ્વસંવેદનરૂપ જ્ઞાન અથવા સ્વનું-આત્માનું પ્રત્યક્ષ વેદનરૂપ જ્ઞાન નિયત છે.

ભગવાન આત્મા અતીન્દ્રિય જ્ઞાન અને આનંદનું નિધાન છે. તેનું સ્વસંવેદન એટલે પોતાથી પોતાનામાં પ્રત્યક્ષ આનંદનું વેદન થવું તે ધર્મ છે, જૈન શાસન છે.

વીતરાગી પરિણતિની ઉત્પત્તિને ભગવાને અહિંસા કહી છે. 'અહિંસા પરમો ધર્મ' સચ્ચિદાનંદમય ભગવાન આત્માનો સ્વાદ-અનુભવ લેવામાં આવે ત્યારે ધર્મ થાય છે. આ જ માર્ગ છે, આ જ સાધન છે. બહારના ક્રિયાકાંડ કે શુભરાગમય પરિણમન એ ધર્મ નથી.

**૧૨૪. અનુભવ સંબંધી થોડુંક ચિંતવન :**

(૧) અનુભવ ચિંતામનિ રતન, અનુભવ હે રસકૂપ...

અનુભવ મારગ મોખકો, અનુભવ મોખ સ્વરૂપ.

(૨) વસ્તુવિચાર ધ્યાવતૈ: મન પામે વિશ્રામ;

રસ સ્વાદન સુખ ઉપજૈ, અનુભવ તાકો નામ.

(૩) ઉપજે મોહ - વિકલ્પથી, સમસ્ત આ સંસાર,

અંતર્મુખ અવલોક્તા, વિલય થતાં નહિ વાર.

(૪) ભગવાન આત્મા પરમાર્થ સ્વરૂપ - આનંદ રસનો-શાંત રસનો-

અકષાય રસનો સમુદ્ર છે. તેમાં અંતર્મગ્ન થતાં શાંત રસનો-આનંદ રસનો આહ્‌લાદકારી સ્વાદ આવે છે આનું નામ જિન-શાસન છે.

(૫) આત્મ અનુભવની જે દશા છે - તે સમ્યક્ત્વ છે અને તે ધર્મ છે. તે સંવર - નિર્જરા - મોક્ષ છે. આ જ એક સુખી થવાનો ઉપાય છે.

સાર : (૧)મોક્ષ છે - સુખની પર્યાય પ્રગટ થઈ શકે છે.

(૨)સ્વભાવનો સ્વીકાર - તું છો મોક્ષસ્વરૂપ.

(૩)તેનો ઉપાય છે. વર્તમાન જ્ઞાનની પર્યાય સ્વભાવનું આલંબન લઈ ત્યાં એકાગ્ર થાય તો મોક્ષની પર્યાય પ્રગટ થાય છે.

૧૨૫. 'વીતરાગતા' :

(૧) વસ્તુ પોતે મોક્ષસ્વરૂપ જ છે. તેનું સામર્થ્ય તેની શક્તિ - તેનું સત્વ સદા મુક્ત સ્વરૂપ જ છે.

(૨) પણ આ તો પર્યાયમાં મુક્તિ થાય છે, અનુભવાય છે.

(૩) જેણે આત્માને અબદ્ધસ્પૃષ્ટ જાણ્યો તેણે જૈન શાસન જાણ્યું છે.

(૪) ભગવાન આત્માને રાગ અને કર્મના બંધરહિત જાણનારી જે શુદ્ધોપયોગની પરિણતિ છે તે જૈન શાસન છે.

અશુદ્ધોપયોગ (શુભાશુભભાવરૂપ)-રાગની પરિણતિ કાંઈ જૈન શાસન નથી.

(૫) જેણે 'હું મુક્ત સ્વરૂપ જ છું' એમ અનુભવ્યું તેણે ચારેય અનુયોગના સારરૂપ જૈન શાસન જાણી લીધું.

ચારેય અનુયોગોનો સાર 'વીતરાગતા' છે.

સાર : એ વીતરાગતા-વીતરાગ સ્વરૂપી-મુક્ત સ્વરૂપી એવા ભગવાન આત્માનો આશ્રય લે તો પર્યાયમાં પ્રગટ થાય છે. આવો માર્ગ તે જિન-શાસન છે.

૧૨૬. અંતિમ ભાવના :

આમાં સદા પ્રીતિવંત બન,

આમાં સદા સંતુષ્ટ ને,

આનાથી બન તું તૃપ્ત,

તુજને સુખ અહો ! ઉત્તમ થશે.

ભાવાર્થ : જ્ઞાનમાત્ર આત્મામાં લીન થવું, તેનાથી જ સંતુષ્ટ થવું અને તેનાથી જ તૃપ્ત થવું - એ જ પરમધ્યાન છે. તેનાથી વર્તમાન આનંદ અનુભવાય છે અને થોડા જ કાળમાં જ્ઞાન-આનંદ સ્વરૂપ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. આવું પ્રગટ કરનાર પુરુષ (આત્મા) તે સુખને જાણે છે, બીજાનો એમાં પ્રવેશ નથી.

૧૨૭. જ્ઞાનકળામાં અખંડનો પ્રતિભાસ

જ્ઞાનની વર્તમાન પર્યાયનું સામર્થ્ય સ્વને જાણવાનું છે.

આબાલ-ગોપાલ સૌને સદાકાળ અખંડ પ્રતિભાસમય ત્રિકાળી સ્વ જણાય છે. પણ તેની દૃષ્ટિ પરમાં પડી હોવાથી ત્યાં એકત્ત્વ કરતો થકો, 'જાણનાર જ જણાય છે' તેમ નહીં માનતાં રાગાદિ પર જણાયે છે એમ અજ્ઞાની પર સાથે એકત્ત્વપૂર્વક જાણતો-માનતો હોવાથી તેને વર્તમાન અવસ્થામાં અખંડનો પ્રતિભાસ થતો નથી.

જ્ઞાની તો 'આ જાણનાર જણાય છે તે જ હું છું' એમ જાણનાર જ્ઞાયકને એકત્ત્વપૂર્વક જાણતો-માનતો હોવાથી તેની વર્તમાન અવસ્થામાં (જ્ઞાનકળામાં) અખંડનો સમ્યક્ પ્રતિભાસ થાય છે.

૧૨૮. છેવટનો નિર્ણય :

(૧) સનાતન વીતરાગ દિગંબર પરંપરા એ જ સત્યધર્મ છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતારૂપ મોક્ષમાર્ગ એક જ છે. એક હોય ત્રણ કાળમાં પરમારથનો પંથ તેનો સ્વીકાર.

(૨) એ મોક્ષમાર્ગના નિમિત્ત વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્ર છે. 'સહજ આત્મસ્વરૂપ સર્વજ્ઞદેવ પરમગુરુ' (માંગલિક)

(૩) સંપૂર્ણ જીવન ધર્મમય બનવું જોઈએ - સુખ માટે ધર્મ તો તેને જ કહેવાય જેવો વીતરાગ સ્વભાવ છે એવો વીતરાગ સ્વભાવ પર્યાયમાં પ્રગટ થાય. જે ગુણો અનંત શક્તિરૂપે સ્વભાવમાં છે તે જ પર્યાયમાં પ્રગટ થાય તેને ધર્મ કહેવામાં આવે છે. જે આત્મા આવા ધર્મરૂપે પરિણમી જાય તેને પરમાત્મા કહેવાય છે.

(૪) આવા ધર્મની શરૂઆત માટે પ્રથમ શ્રદ્ધાનમાં એમ લેવાનું છે કે હવે આ ભવમાં બીજું કાંઈ કરવા જેવું નથી.

માત્ર એક 'નિર્વિકલ્પ અનુભૂતિ' જ કરવા જેવી છે. અનુભૂતિ એ જ જૈન શાસન છે. સુખનો આ જ ઉપાય છે.

(૫) આવી નિર્વિકલ્પ દશા પ્રકટ થાય તે પહેલાં કયા વિકલ્પ હોય?

૧.સંપૂર્ણ જીવન જ્ઞાયકની જ આરાધના.

૨. તે માટે આગમન અવલંબનથી તત્ત્વનો યથાર્થ નિર્ણય:

હું જ્ઞાનઆનંદ સ્વરૂપ ભગવાન આત્મા છું અને જીવનના પ્રત્યેક સમયે ભેદજ્ઞાન-હું સર્વથા સર્વથી ભિન્ન છું.આ પ્રયોગાત્મક પદ્ધતિ છે.

૩. તે માટે નિયમિત અભ્યાસનો મહાવરો :

વીતરાગી પરમાગમોનો અભ્યાસ.... સત્સંગ અને સ્વાધ્યાય

૪. બાકીના સમયમાં દેવ-ગુરૂ-શાસ્ત્રોની આરાધના

૫.સંપુર્ણ જીવન સ્વભાવને અનુરૂપ સંયમીત (મર્યાદીત) અન્યાય, અનીતિ, અભક્ષ્યનો ત્યાગ.... સપ્ત વ્યસનનો ત્યાગ, કંદમૂળ

અને રાત્રિ ભોજનનો ત્યાગ... આટલું જ બસ...

**૧૨૯. સર્વ પ્રવચનો સાર ભેદ વિજ્ઞાન જ છે.**

ધર્મની શરૂઆત સમ્યગ્દર્શનથી થાય છે.

અને સમ્યગ્દર્શન ભેદવિજ્ઞાન દ્વારા થાય છે.

જે કોઈ સિદ્ધ થયા છે તે ભેદ વિજ્ઞાનથી

સિદ્ધ થયા છે. જે કોઈ બંધાયા છે

તેના અભાવથી જ બંધાયા છે.

આ ભેદ વિજ્ઞાન અત્રુટક (અવિચ્છિન્ન) ધારાથી

ત્યાં સુધી ભાવવું કે જ્યાં સુધી પર ભાવોથી

છૂટી જ્ઞાન જ્ઞાનમાં ઠરી જાય.

જ્ઞાનથી ભેદજ્ઞાનનો અભ્યાસ થાય છે

ભેદજ્ઞાનથી કેવળજ્ઞાન થાય છે.

૧૩૦. ધર્મ કોને કહેવો ? **'वस्तु सुहायो धम्मो'** વસ્તુના સ્વભાવને ધર્મ કહે છે. ધર્મ કોઈ વાડો કે સંપ્રદાય નથી. વસ્તુના સ્વરૂપને ધર્મ કહે છે. તે નવો બનાવી શકાતો નથી. જૈન ધર્મ એ વિશ્વ ધર્મ છે.

૧૩૧. આત્મધર્મ કોને કહેવો? આત્મા વસ્તુ છે. આત્મા જે અનંત ગુણોનો પિંડ છે તે જ આત્માનાં ધર્મો છે. ધર્મ એટલે ધારી રાખેલી યોગ્યતા.ગુણને ધર્મ કહેવાય. અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંત વીર્ય, અનંત સુખ-આત્માના ધર્મ છે.

૧૩૨. 'વીતરાગતા' એ આત્માનો સ્વભાવ-આત્માનો ધર્મ છે. 'શુદ્ધ ઉપયોગ' જે ત્રિકાળ છે-તેને સાધન કરતાં પર્યાયમાં શુદ્ધ ઉપયોગરૂપ ધર્મ પ્રગટ થાય છે.

શુદ્ધનું આલંબન, શુદ્ધનું ધ્યેય અને શુદ્ધનું સાધકપણું હોવાથી શુદ્ધોપયોગરૂપ વીતરાગી પર્યાય પ્રગટ થાય છે.

૧૩૩ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ વીતરાગી પર્યાય છે અને જ ધર્મ છે. વીતરાગી પર્યાયનું નામ જૈન ધર્મ છે. આત્મા અનાકુળ આનંદરસથી ભરેલો છે. તેમાં એકાગ્ર થતાં સુંદર આનંદનો સ્વાદ આવે છે. આબાલ-ગોપાળ સર્વમાં અંદર પૂર્ણાનંદનો નાથ ભગવાન આત્મા બિરાજે છે. તેની દૃષ્ટિ કરતાં-એકાગ્ર થતાં અતીન્દ્રિય આનંદ ઝરે છે. તેનું નામ ધર્મ છે.

૧૩૪. ધર્મ એ તો આત્મા અનુભવની ચાજ છે.

'અનુભવ ચિંતામનિ રતન, અનુભવ હૈ રસકૂપ,

અનુભવ મારગ મોખકૌ, અનુભવ મોખસ્વરૂપ.'

સમ્યગ્દર્શનમાં રાગથી ભિન્ન ને સ્વભાવથી અભિન્ન એવા એકત્વવિભક્ત આત્માની દૃષ્ટિ હોય છે. અતીન્દ્રિય આનંદ એ ધર્મની મુદ્રા છે.

૧૩૫. તીર્થંકર ભગવાન (વીતરાગ પ્રભુ!) ધર્મની સ્થાપના નથી કરતા. પરંતુ પોતાના વીતરાગી સ્વભાવનો આશ્રય લઈ-પોતાની પર્યાયમાં વીતરાગતા પ્રગટ કરે છે. ત્યારે સહજ શુદ્ધોપયોગથી પૂર્ણ સુખની સ્થિતિનું નિર્માણ થાય છે. આત્મા સ્વયં (નિરપેક્ષ) પરમાત્મા બને છે. કોઈપણ ભવ્ય આત્મામાં પરમાત્મા બનવાનું સામર્થ્ય છે.

૧૩૬. તીર્થંકરોની પરંપરા અનાદિ અનંત છે, આત્માનું અસ્તિત્વ અનાદિનિધન છે માટે જૈનધર્મ પણ અનાદિ-અનંત છે.

૧૩૭. તીર્થંકરોએ પોતાના કેવળજ્ઞાનમાં જેવું યથાર્થ વસ્તુનું સ્વરૂપ જોયું અને જાણ્યું-તેવું એમની દિવ્ય ધ્વનિમાં આવ્યું. તેમણે જે કાંઈ અનુભવીને કહયું તે સદાથી છે, સનાતન છે, માટે જૈન ધર્મ સનાતન છે.

૧૩૮. તીર્થંકરોએ ધર્મની સ્થાપના નહી, ઉદ્‌ઘાટન કર્યું છે. તેઓએ ધર્મ નહીં, ધર્મમાંથી ખોયેલી શ્રધ્ધા પ્રસ્થાપિત કરી છે. વીતરાગ પ્રભુ જગતના જ્ઞાતા-દૃષ્ટા છે, કર્તા-ધર્તા નથી.

૧૩૯. આ ભરતક્ષેત્રમાં ચોથા કાળ દરમ્યાન આદિનાથથી ભગવાન મહાવીર સુધી એક પછી એક એમ ચોવીસ તીર્થંકર થઈ ગયા. ભગવાન મહાવીર આ ચોવીસીના છેલ્લા તીર્થંકર હતાં. તેમણે ધર્મતીર્થનું પ્રવર્તન કર્યું. અત્યારે મહાવિદેહ ક્ષેત્રમાં પ્રત્યક્ષ વિહરમાન સીમંધર સ્વામી આદિ વીસ તીર્થંકર આ વીતરાગી સનાતન ધર્મનું પ્રવર્તન કરી રહ્યા છે. એવા ધર્મની અહીં વાત કરવામાં આવી છે.

૧૪૦. વસ્તુના સ્વરૂપને બતાવવા-એમ આવ્યું કે છ દ્રવ્ય સ્વરૂપ આ લોકની વસ્તુ વ્યવસ્થા અને વિશ્વ વ્યવસ્થા સંપુર્ણ સ્વયં સંચાલીત અને સંપૂર્ણ સ્વાધીન છે. વિશ્વનો પ્રત્યેક પદાર્થ પૂર્ણ સ્વતંત્ર છે. તે પોતાના પરિણામનો

પોતેજ હર્તા-કર્તા છે. આ વ્યવસ્થા દ્રવ્ય-ગુણ-પર્યાયથી સમજાવવામાં આવી છે અને આ વીતરાગ વિજ્ઞાન ચોક્કસ સિદ્ધાંતો પર રચાયેલું છે. તેના આ ત્રણ મહાન સિદ્ધાંત સમજવા અનિવાર્ય છે. (૧) દ્રવ્યની સ્વતંત્રતાનો સિદ્ધાંત (૨) ક્રમબદ્ધ પર્યાયનો સિદ્ધાંત (૩) ઉપાદાન-નિમિત્તની સ્વતંત્રતાનો સિદ્ધાંત.

૧૪૧. દ્રવ્યનીં સ્વતંત્રતાનો સિદ્ધાંત : દરેક વસ્તુ, દ્રવ્ય-ગુણ- પર્યાયથી સ્વતંત્ર છે. એક વસ્તુ બીજી વસ્તુનું કાંઈ કરી શકે નહિ, પરિણમાવી શકે નહિ, પ્રેરણા કરી શકે નહિ, અસર-મદદ કે ઉપકાર કરી શકે નહિ, લાભ-નુકસાન કરી શકે નહિ, મારી- જીવાડી શકે નહિ, સુખ-દુઃખ આપી શકે નહિ-એવી દરેક દ્રવ્ય-ગુણ-પર્યાયની સ્વતંત્રતા અનંત જ્ઞાનઓએ પોકારી પોકારીને કરી છે.

૧૪૨. ક્રમબદ્ધ પર્યાયનો સિદ્ધાંત : દરેક વસ્તુંનું પરિણમન ક્રમબદ્ધ છે. જે દ્રવ્યનું જે ક્ષેત્રે, જે કાળે, જે ભવે, સર્વજ્ઞ પ્રભુએ જે પ્રમાણે એમના જ્ઞાનમાં જાણ્યું છે, તે દ્રવ્યનું તે ક્ષેત્રે, તે કાળે, તે ભાવે તે જ પ્રમાણે પરિણમન થાય. તેમાં નરેન્દ્ર, દેવેન્દ્ર, કે જિનેન્દ્ર કાંઈ કરી શકે નહિ.

૧૪૩. ઉપાદાન-નિમિત્તની સ્વતંત્રતાનો સિદ્ધાંત : દરેક દ્રવ્ય પોતાની ઉપાદાનની યોગ્યતા પ્રમાણે પરિણમે છે, ત્યારે નિમિત્તની હાજરી હોય છે-પણ નિમિત્ત કાંઈ કરતું નથી. ઉપાદાનગત યોગ્યતા હોતાં નિમિત્ત સહજ મળી આવે છે. તેથી આત્માર્થીએ નિમિત્તો મેળવવા માટે નકામા વ્યગ્ર થવું ન જોઈએ. ઉપાદાન-નિમિત્તની એવી સ્વતંત્રતા પણ છે અને સંધિ પણ છે.

૧૪૪. આ ત્રણે સિદ્ધાંતોનો સાર આ પ્રમાણે છે. કાર્યની ઉત્પત્તિમાં પાંચ સમવાય કારણો (૧) સ્વભાવ (૨) નિયતિ (૩) કાળલબ્ધિ (૪)નિમિત્ત (૫) પુરુષાર્થ એકી સાથે સમુપસ્થિત હોય છે. તથાપિ આત્મધર્મની (વીતરાગતાની) પ્રાપ્તિમાં પુરુષાર્થ મુખ્ય છે.

૧૪૫. અહિંસા પરમ ધર્મ છે. તે માત્ર વીતરાગભાવરૂપ છે. આત્મામાં મોહ-રાગ-દ્વેષ ભાવોની ઉત્પત્તિ એ જ નિશ્ચય હિંસા (ભાવ હિંસા) છે અને આ ભોવોના અભાવને અહિંસા કહેવામાં આવે છે. આ ભાવ અહિંસા (વીતરાગતા) સુખનું કારણ છે અને ભાવ હિંસા એ જ દુઃખનું કારણ છે.

પોતાનું સુખ પોતામાં જ છે. પોતે જ અનંત સુખનો ધામ પ્રભુ છે. પરમાં-જગતના કોઈ પદાર્થમાં અરે ! પરમેશ્વરમાં પણ તારું સુખ નથી. તેથી સુખાર્થીએ- મોક્ષાર્થીએ જગતના કોઈ દ્રવ્ય અથવા પર પદાર્થમાં-પરમેશ્વર પ્રતિ પણ કોઈ આશા-આકાંક્ષા વડે જોવું નિરર્થક છે.

છદ્મસ્થ અવસ્થામાં કોઈપણ પરપદાર્થ તરફ લક્ષ જતાં નિયમથી સંસારી જીવને રાગ-દ્વેષ થાય જ છે.

૧૪૬. એ સુખ પ્રાપ્ત કરવા શું કરવું ?

પોતાને પરથી ભિન્ન ઓળખી-સ્વનું શ્રદ્ધાન કરવું. જિનમતમાં તો એવી પરીપાટી છે કે પહેલાં સમ્યક્ત્વ હોય પછી વ્રત હોય; હવે સમ્યક્ત્વ તો સ્વ-પરનું યથાર્થ શ્રદ્ધાન થતાં થાય છે, માટે સૌથી પ્રથમ યથાર્થ શ્રદ્ધાન કરી સમ્યગ્દષ્ટિ થવું.

તે માટે

(૧) સાચાં વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્રનું યથાર્થ સ્વરૂપ જાણી તેમનું શ્રદ્ધાન કરવું.

(૨) જીવાદિ સાત તત્વોનું યથાર્થ સ્વરૂપ જાણી તેનું શ્રદ્ધાન કરવું.

(૩) સ્વ-પરનું ભિન્નપણું ભાસે એવા અભ્યાસથી-ભેદજ્ઞાનથી

સ્વ-પરનું યથાર્થ શ્રદ્ધાન કરવું.

(૪) સ્વમાં સ્વપણું માનવા અર્થે-સ્વરૂપની એકાગ્રતા પૂર્વક સ્વનું શ્રદ્ધાન કરવાથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. સમ્યગ્દર્શનથી જ ધર્મની શરૂઆત થાય છે. 'સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાણી મોક્ષમાર્ગઃ ' એવું જિન વચન હોવાથી માર્ગ તો શુદ્ધ રત્નત્રય જ છે.

નિજ પરમાત્માના સમ્યક્જ્ઞાન-શ્રદ્ધાન-અનુષ્ઠાનરૂપ શુદ્ધ રત્નત્રય માર્ગ પરમ નિરપેક્ષ હોવાથી મોક્ષનો ઉપાય છે.

મોક્ષ માર્ગ ત્રણ લોક ત્રણ કાળમાં એક જ છે. એની પરૂપણાં

નિશ્ચય અને વ્યવહાર એમ બે પ્રકારે કરવામાં આવી છે.

પોતાના સ્વરૂપનું સાચું જ્ઞાન અને શ્રદ્ધાન કરી પોતામાં જામી જવું-પોતાના સ્વભાવમાં રમણતા કરવી એ જ નિશ્ચય મોક્ષમાર્ગ છે.

૧૪૭. શુદ્ધોપયોગ જ ઉપાદેય છે અને શુભોપયોગ અને અશુભોપયોગ હેય જ છે-એ બન્ને કર્મબંધનનું જ કારણ છે એનાથી સંસાર સીમિત થતો નથી.

શુભભાવ જ્ઞાની અને અજ્ઞાની બન્નેને પોતાની ભૂમિકા અનુસાર આવે છે-પણ અજ્ઞાની જીવ એમ માને છે કે તેનાથી ધર્મ થશે-પણ જ્ઞાનીઓને તે હેયબુદ્ધિએ હોવાથી, તેનાથી ધર્મ થશે-આત્માનું હિત થશે-અથવા તો આત્માની પર્યાયમાં વીતરાગતા પ્રગટ થશે-એમ તેઓ કદી માનતા નથી.

આ માન્યતાની મોટામાં મોટી ભૂલ-શ્રદ્ધાગુણની વિપરીતતા-જે મિથ્યાત્ત્વ (મોહ) ના નામથી કહેવાય છે તે પ્રથમ સુધારવાની છે.

સૌ પ્રથમ પદાર્થનો યથાર્થ નિર્ણય કરવો જોઈએ. અંદરથી પોતાના સ્વરૂપનું ભાવભાસન થવું જોઈએ-રુચિ અંદરથી ઉપડવી જોઈએ- 'હું જ્ઞાયક જ છું'

દરેક સમયે સમયે-પર્યાયે પર્યાયે ભેદજ્ઞાન કરી સ્વભાવની રુચિ થવી જોઈએ-'હું જ્ઞાન સ્વરૂપ જ છું' અને સર્વથા સર્વ વિકલ્પોથી ભિન્ન નિર્વિકલ્પ તત્ત્વ છું.

એવો નિરંતર ભેદજ્ઞાનનો અભ્યાસ ધારા તૂટ્યા વગર જો ચાલુ રહે તો બે ઘડીમાં આત્માનો અનુભવ થઈ જાય. સમ્યગ્દર્શન થતાં મિથ્યાત્ત્વ ટળી જાય છે. ત્યારે એક સમય માટે શુદ્ધોપયોગ પ્રગટ થાય છે, ત્યારે જીવનમાં સુખની અને ધર્મની શરૂઆત થાય છે. પછી એ વીતરાગભાવની વૃદ્ધિ થતાં-પુરુષાર્થ વધતાં વીતરાગતા- સર્વજ્ઞતા-કેવળજ્ઞાન પ્રગટ થાય છે-પૂર્ણ સુખની સ્થિતિ પ્રાપ્ત થાય છે. સાધ્યની સિદ્ધિ થાય છે. આ મોક્ષમાર્ગનો ક્રમ છે.

૧૪૮. ધર્મ પરિભાષા નથી, પ્રયોગ છે. તેથી આત્માર્થીએ ધર્મ જીવનમાં ઉતારવો જોઈએ. સંપૂર્ણ જીવન ધર્મમય બનવું જોઈએ. એની પ્રક્રિયાનો ક્રમ આ પ્રમાણે છે.

(૧) પાત્રતા

(૨) અભ્યાસ-સત્સંગ અને સ્વધ્યાય

(૩) તત્ત્વનો યથાર્થ નિર્ણય (વિકલ્પ સહિત)

(૪) ભેદજ્ઞાન

(૫) આત્માનુભૂતિ (નિર્વિકલ્પ)

ત્રણ લોકમાં અનંત જીવ છે. તે સર્વ દુઃખથી ભય પામી સુખ મેળવવા ઈચ્છે છે. આત્માનું હિત સુખ છે. તે આકુળતારહિત છે. મોક્ષમાં આકુળતા નથી. તેથી મોક્ષમાર્ગમાં-તેના ઉપાયમાં વ્યસ્ત રહેવું જોઈએ. અરિહંત-સિદ્ધ દશા એ મોક્ષનું સ્વરૂપ છે.

ભાવલિંગી સંતોનું જીવન મોક્ષમાર્ગ છે.

તીર્થંકરોએ ઉપદેશ પણ મોક્ષ અને મોક્ષના ઉપાયનો કર્યો છે. આ ઉપદેશ એ ભગવાનનું ધર્મ-તીર્થ છે અને તેનું જીવો દ્વારા અનુસરણ એ જ સર્વોદય-તીર્થ છે.

૧૪૯. વસ્તુના અનેકાન્ત સ્વરૂપને બતાવનાર વીતરાગની વાણી તે સ્યાદ્વાદ છે. ત્યા સાચું નિરૂપણ એ નિશ્ચય અને ઉપચરિત નિરૂપણ તે વ્યવહાર છે. આ નિશ્ચય-વ્યવહારનું યથાર્થ સ્વરૂપ સમજવા જેવું છે. બધા અનુયોગોનો સાર 'વીતરાગતા' છે.

આવી રીતે સંપૂર્ણ મોક્ષમાર્ગ-જૈન દર્શન આ છેલ્લા વીસ મુદ્દામાં સંક્ષિપ્તમાં સમજાવ્યો છે.

**૧૫૦. આત્માના ત્રિકાળી સ્વભાવને જ ઘૂંટવાનું છે.**

અત્મા સ્વભાવથી ત્રિકાળ મુક્ત છે,
જન્મ - મરણથી રહિત છે,
રાગ-દ્વેષથી રહિત છે,
બંધ-મોક્ષથી રહિત છે,
નિતાંત શુદ્ધ, શુદ્ધ, શુદ્ધ જ છે.

← આ છે દૃષ્ટિનો વિષય

૧૫૧. આમ હોવા છતાં,

પર્યાયમાં અનાદિથી જીવની કેવી ભયંકર સ્થિતી તથા મોહ વડે કેવી રીતે જીવ ઠગાઈ રહ્યો છે અને કેવા કેવા ભીષણ દુઃખો જીવ અનાદિથી ભોગવી રહ્યો છે એ વાત સમજવા જેવી છે -

એમાં કર્મનું નિમિત્તપણું સમજવાનું છે.

૧૫૨. જે જીવ સુખી થવા માંગે છે, પોતાના આત્માને પ્રાપ્ત કરવા માંગે છે તેને-

(અ) દૃષ્ટિના વિષયનું જ્ઞાન કરવાનું છે -

(બ) સંસારથી અતરમાં કેટલો વૈરાગ્ય હોય -

(ક) કષાયોમાં કેવી ઉપશમતા હોય -

(ડ) વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ હોય -

(ઈ) નિરંતર સિદ્ધાંતોનો અભ્યાસ, સત્સંગ, સ્વાધ્યાય -

(૧) દ્રવ્યની સ્વતંત્રતા

(૨) ક્રમબદ્ધ પચાર્ચ

(૩) ઉપાદાન-નિમિત્તની સ્વતંત્રતા.

૧૫૩. મોક્ષનો એક જ ઉપાય છે : નિર્વિકલ્પ અનુભૂતિ

તે માટે (૧) ભેદજ્ઞાન : હું સર્વથા સર્વથી ભિન્ન છું.

(૨) તત્ત્વનો યથાર્થ નિર્ણય : જ્ઞાન-આનંદ સ્વભાવી ભગવાન આત્મા છું.

૧૫૪. શુદ્ધના લક્ષે-પર્યાયમાં શુદ્ધતા થાય છે અને પર્યાયમાં દોષ કાઢવાનો આ જ ઉપાય છે - સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતા એ જ મોક્ષનો માર્ગ છે.

૧૫૫. સાધક દશા-પોતાના શ્રદ્ધા-જ્ઞાન-આનંદનું સ્વતંત્ર સાધન થવાની શક્તિ આત્મામાં છે.

આ વાત સમજે તો નિમિત્ત-ઉપાદાનનું પૃથ્થકરણ થઈ જાય, ને બાહ્ય સાધનના અવલંબનની બુદ્ધિ છૂટી જાય. એટલે અંતરસ્વભાવને જ સાધન બનાવીને તેના અવલંબને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટે.

મારા જ્ઞાનનું સાધન ઈન્દ્રિય કે પુસ્તક નહિ,

મારી શ્રદ્ધાનું સાધન બહારના દેવ-ગુરુ નહિ,

મારા આનંદનું સાધન બહારના વિષયો નહિ,

મારા જ્ઞાનનું - શ્રદ્ધાનું - આનંદનું સાધન તો

મારો જ્ઞાન સ્વભાવ છે.

બસ આવી પ્રતીત થઈ ત્યાં પોતાના સ્વભાવનું જ અવલંબન કરવાનું રહ્યું, ને પરાવલંબન બુદ્ધિ છૂટી ગઈ.

એને હવે પર્યાયે પર્યાયે સ્વલંબન વધતું જાય છે એટલે પર્યાયમાં શુદ્ધતા વધતી જાય છે, ને પરાવલંબન તૂટતું જાય છે એટલે અશુદ્ધતા છૂટતી જાય છે.

આનું નામ સાધક દશા

આનું નામ મોક્ષ માર્ગ.

## ૧૫૬. ભેદજ્ઞાનની વિધિ :

(૧) આત્મા જ્ઞાનરસ-ચૈતન્યરસથી પરિપૂર્ણ ભરેલું તત્ત્વ છે. તે સત્ છે અને જ્ઞાન આનંદ તેનું સત્ત્વ છે.

(૨) દયા, દાન, વ્રત, ભક્તિ આદિ શુભ ભાવક કે હિંસા, જૂઠ ચોરી, વિષયવાસના આદિ અશુભભાવ જે થાય છે તે વિકાર છે. તે આત્માનું સત્ત્વ નથી. આત્મા અને જ્ઞાન ભિન્નાભિન્ન સત્ત્વ છે.

(૩) પ્રભુ ! તારી પ્રભુતાને તો એકવાર જાણ. જાણવું - દેખવું અને આનંદ એ તારી પ્રભુતા છે. એ તારા તત્ત્વનું સત્ત્વ છે.

આત્મા અનાદિ-અનંત વસ્તુ છે. જે વસ્તુ છે તે ઉત્પન્ન થતી નથી. તેમ જ એનો નાશ થતો નથી.

(૪) ભૂલ કેમ છે અને કેમ ટળે ? અનાદિથી જીવ પુણ્ય-પાપના ભાવને પોતાથી એકપણે માનીને સૂતો છે. આવા અજ્ઞાનીને શ્રીગુરુ ભેદજ્ઞાન કરાવે છે કે - ભાઈ ! તું તો વીતરગ-વિજ્ઞાનનો ધન છે. તારી ચીજમાં તો એકલાં જ્ઞાન અને આનંદ ભર્યા છે. રાગ જ્યાં તારી ચીજ નથી તો પછી પરદ્રવ્યો તારી ચીજ કયાંથી હોય ?

જાગ રે જાગ ભાઈ ! આમ શ્રી ગુરુ પરભાવથી ભેદજ્ઞાન કરાવી અજ્ઞાનીને એક આત્મભાવરૂપ કરે છે.

(૫) ત્રણ અગત્યની વાતો :

૧. ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ હોવા છતાં પોતાના ભ્રમથી શુભ વિકલ્પને પોતાનો માને છે.

૨. પરદ્રવ્યથી, કર્મથી કે કુગુરુ મળ્યા તેથી એકત્ત્વ માનીને સૂતો છે એમ નથી. પોતાની અજ્ઞાનતાના કારણે સૂતો છે.

૩. શ્રી ગુરુ તેને વારંવાર વીતરાગભાવનો (ભેદજ્ઞાન કરાવવાનો) આગમ વાક્ય દ્વારા ઉપદેશ આપે છે. આત્માનું સ્વરૂપ વીતરાગભાવરૂપ છે. રાગ-વિકલ્પથી આત્મા ભિન્ન છે, રાગમાં ધર્મ નથી અને ધર્મમાં રાગ નથી અને પર્યાયમાં વીતારગતા એના લીધે પ્રગટ થાય છે. આ ધર્મ છે.

## વિભાગ - ૨

"આત્મપ્રાપ્તિ કેમ થાય" આ વિષયમાં જિજ્ઞાસાપૂર્વક પૂછેલા પ્રશ્નનો આ વિસ્તૃત ઉત્તર છે.

(૧) રુચિમાં ખરેખર પોતાની જરૂરત લાગે, ત્યારે પોતાની વસ્તુની પ્રાપ્તિ થયા વિના રહે નહિ. ચોવીસે કલાક ચિંતનમાં-વગરચિંતનમાં એક આ જ (સ્વરૂપનું ઘોલન) ચાલતું રહે. જે વિષયની રુચિ હોય છે, તે વિષય, સેંકડો બાહ્યકાર્ય કરવા છતાં પણ, ચાલુ જ રહે છે. બહારનો ઉપયોગ ઉપર ઉપર ચાલે છે- તેમાં જાગૃતિ હોતી નથી. જે વિષયની રુચિ હોય છે તેમાં જ જાગૃતિ રહે છે. સેંકડો કાર્ય કરતા રહેવા છતાં પણ, તે બધાની ગૌણતા જ રહ્યા કરે છે અને રુચિનો વિષય જ મુખ્ય રહે છે.

(૨) વિકલ્પાત્મક વિચારમાં પણ, શરીરાકાર ચૈતન્યમૂર્તિને ટાંકી દ્યો. "હું તો આ જ છું" સુખ -દુઃખની જે કાંઈ પર્યાય થાય તેની ઉપેક્ષા રાખો. "હું તો આ જ છું." વિચાર ચાલે, તેની પણ ગૌણતા રાખો. " હું તો એવો ને એવો ચૈતન્યમૂર્તિ છું." બસ આ જ દઢતા કરતા રહો.

(૩) સાંભળવું, શાસ્ત્ર વાંચવું વગેરે બધાની ગૌણતા થવી જોઈએ. એકાંતનો વધુ અભ્યાસ રહેવો જોઈએ. (જેથી સ્વરૂપ-ઘોલન વધે)

(૪) આ (સમ્યકત્વ) પ્રાપ્ત ન થયું તો સાવ નિગોદમાં ચાલ્યો જશે. એમ નિગોદના ભયથી પોતાનું કાર્ય કરવા ચાહે, (જે યથાર્થ નથી) પરંતુ (અભિપ્રાયમાં) નિગોદની અવસ્થા હો અથવા સિદ્ધની, મારો કાંઈ બગાડ-સુધાર નથી (હું અવસ્થારૂપ નથી) એવી હું અચલિત વસ્તુ છું-એવી શ્રદ્ધા જામી જવી જોઈએ. પર્યાય ગમે તેવી હો, તેની ઉપેક્ષા જ રહેવી જોઈએ.

(૫) પરદ્રવ્યની સાથે તો કાંઇ સંબંધ જ નથી. એટલો આ વાતનો તો પક્ષ હોવો જોઈએ-પછી વસ્તુ (ત્રિકાળી ધ્રુવ) અને પરિણામ (ઉત્પાદ વ્યય) એ બે વચ્ચેના વિચારમાં જ બધો સમય લગાવી દોવો. ચોવીસ કલાક બસ આ જ (સ્વરૂપનું ઘૂંટાણ) ચાલવું જોઈએ. પ્રવૃત્તિભાવને ગૌણ કરીને આ એકની જ મુખ્યતા હોવી જોઈએ. આ જ પ્રયાસ નિરંતર ચાલવો જોઈએ.

## ૧. રુચિ

(૧) (આત્મા માટે) રુચિની આવશ્યકતા જોઈએ. દરકાર હોવી જોઈએ. વિકલ્પોથી થાક લાગવો જોઈએ. તીવ્ર પ્યાસ લાગે તો શોધે જ.

(૨) પ્રશ્ન :- રુચિ વધતાં વધતાં વસ્તુની મહિમા વધતી જાય છે અને સુગમતા પણ વધુ ભાસે છે?

ઉત્તર :- રુચિ વધે છે, એવા (પર્યાયના) લક્ષમાં પણ પર્યાયમાં મહત્તા થાય છે. તેમાં (પર્યાયમાં) હું પણું દેખાય છે, તેથી ત્રિકાળીમાં જામી શકાતું નથી. તે તો વિકલ્પવાળી રુચિ છે. હું તો પરિણામ માત્રથી ભિન્ન છું એવા ત્રિકાળીનો અનુભવ આવવો તે જ અભેદની રુચિ છે.

(૩) પ્રશ્ન :- રુચિ કેમ થતી નથી?

ઉત્તર :- જરૂરિયાત દેખાય તો અંદરમાં આવ્યા વિના રહે જ નહિ, સાંભળે છે (તેમાં) પ્રસન્નતા આદિ થાય છે પરંતુ સુખની જરૂરત હોય તો અંદરમાં આવે. જરૂરત ન હોય તો ત્યાં (પ્રસન્નતા આદિમાં) જ ઠીક માને. લાભ છે. નુકશાન તો નથી ને ! (એવો ભાવ રહી જાય છે)

(૪) યથાર્થ રુચિ હોય તો કાળ લાગે જ નહિ. રાત દિવસ, ખાતાં-પીતાં, સુતાં તેની જ પાછળ પડે.

(૫) જેટલી ધગશ ઉગ્ર તેટલું કાર્ય જલદી થાય છે.

(૬) ખરેખર તીવ્ર રુચિ હોય તો ત્રિકાળી દળમાં જ જામી જાય. આડીઅવળી (વાત) ગમે જ નહિ, વ્યવહારના વિકલ્પમાં રોકાય જ નહિ. યોગ્યતા ઉપર છોડી દે-ત્યાં જોર ન રહે. દૃષ્ટિના વિષયમાં જ જોર રહે.

(૭) (ચર્ચા સાંભળવાવાળાઓ પ્રત્યે) બધાને લગની તો સારી છે, પરંતુ યથાર્થ લગની લાગે તો હર સમય આ જ (સ્વરૂપનું ઘુટાણ) ચાલતું રહે. ગમે તેટલો પણ સમય થાય, ખબર જ ન પડે. રુચિનું સ્વરૂપ જ એવું છે કે જ્યાં લાગે ત્યાં કાળ દેખે જ નહિ.

(૮) રુચિ તો તેનું નામ કહેવાય છે કે જે વિષયની રુચિ હોય તેના વિના ક્ષણ પણ ચાલી શકે નહિ. પતંગિયું દીપકને જોતાં જ ચોંટી જાય છે,

વિચાર નથી કરતું. તે રીતે વિચાર કરતા રહેવાથી શું? વસ્તુને જ ચોંટી જાઓ. આખા ને આખા આત્મામાં વ્યાપ્ત થઈને ગ્રાસી લ્યો.

(૯) રુચિ પોતાના વિષયમાં બાધક પદાર્થોને ફટાફટ હટાવી દે છે. તેમાં રોકાઈ જતી નથી. (સીધી) પોતાના વિષયને જ ગ્રહણ કરી લે છે.

## ૨, વિકલ્પાત્મક નિર્ણય-દ્રવ્ય દષ્ટિ પ્રકાશ

(૧) હું તો ચૈતન્ય પ્રતિમા છું. આ પ્રતિમા કાંઈ દેતી નથી. તેનાથી ઉપકાર થઈ શકતો નથી, (ઉપચારથી) કહેવામાં આવે છે. અસલમાં તો તેનું સ્વરૂપ, અહો ! વીતરાગી શાંત મુદ્રા દેખીને, બસ હું પણ એવો જ છું. (એવું આત્મસ્વરૂપ દેખાય છે)

(૨) હું કૃતકૃત્ય ચૈતન્યધામ છું, વિકાર મને સ્પર્શ્યો જ નથી. હું ધ્રુવધામ છું એવું પોતાનું અહંપણું આવવું જોઈએ.

(૩) પ્રશ્ન :- શરૂઆતવાળાએ કઈ રીતે અનુભવનો પ્રયત્ન કરવો?

ઉત્તરઃ- "હું પરિણામ માત્ર નથી" ત્રિકાળી ધ્રુવપણામાં અહંપણુ સ્થાપવું એજ એક ઉપાય છે.

(૪) એક જ 'માસ્ટર કી (Master Key) છે. બધી વાતોનો બધા શાસ્ત્રનો એક જ સાર છે.-' ત્રિકાળી સ્વભાવમાં અહંપણુ જોડી દેવાનું છે.'

(૫) પ્રશ્ન :- અપરિણામીનો અર્થ શું? આત્મા પર્યાય વિનાનો સર્વથા કૂટસ્થ છે?

ઉત્તર :- અપિણામી અર્થાત દ્રવ્યમાં સર્વથા પર્યાય નથી, એમ નથી. પરંતુ પરિવર્તનશીલ પર્યાયને ગૌણ કરીને હું વર્તમાનમાં પરિપૂર્ણ છું, અભેદ છું, એ રીતે ધ્રુવદ્રવ્ય અને ધ્રુવપર્યાય (જેને નિયમસારમાં કારણશુદ્ધપર્યાય કહી છે), એને લક્ષગત કરવાથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. દ્રવ્ય પલટતું નથી, પર્યાય પરિવર્તન કરે છે. જો દ્રવ્ય પરિવર્તનને પ્રાપ્ત થાય, તો પલટતા એવા દ્રવ્યના આશ્રયે સ્થિરતા થઈ શકે નહિ. અને સ્થિરતા વિના સમ્યગ્દર્શન થઈ શકે નહિ. તેથી જે પરિવર્તન પામે છે તેનું લક્ષ છોડ અને ધ્રુવ અપરિણામી

ચૈતન્યતત્ત્વ એક જ સારભૂત છે, તેનું લક્ષ કર ! પર્યાય પરિણમે છે તેનું પરિણમન થવા દે, તેની સામે ન જો ! પરંતુ તે જ કાળે તું પરિપુર્ણ અપિણામી ધ્રુવતત્ત્વ છે તેને દેખ !

અહો ! જગતના જીવોને, હું વર્તમાનમાં જ પરિપૂર્ણ ધ્રુવ, અપરિણામી તત્ત્વ છું તે વાત રુચતી નથી અને પ્રમાણના લોભમાં આત્માને જો અપરિણામી માનીશું તો પ્રમાણજ્ઞાન નહિ થાય અને એકાંત થઈ જશે તેવી આડ મારીને પર્યાયનું લક્ષ છોડવા ચાહતા નથી અને તે કારણથી જ તેઓ અપરિણામી ચૈતન્યતત્ત્વને પામતા નથી.

(૬) મારી ભુમિ વર્તમાનમાં જ એટલી નિષ્કંપ અને નક્કર છે કે હું વર્તમાનમાં જ નિર્ભય છું. નિરાલંબી છું. પરિપૂર્ણ છું, નિષ્ક્રિય છું, સુખરૂપ છું, કૃતકૃત્ય છું, ત્રિકાળી એકરૂપ છું, અચળ છું.

(૭) એક મુમુક્ષુ :- અમારે ભણવું નથી, મુનિ થવું છે !

સોગાનીજી :- અમારે તો ન ભણવું છે, ન મુનિ થવું છે. અમારામાં કાંઈ થવાનો સવાલ જ નથી. હું તો જે છું તે છું.

દૃષ્ટિના નિધાનના બોલ :

(૧) કર્મની હયાતી છતાં, વિકારની હયાતી છતાં, અલ્પજ્ઞતાની હયાતી છતાં જેનો દષ્ટિમાં નિષેધ થઈ ગયો, છતાને અછતા કર્યા અને ભગવાન પૂર્ણાનંદ પર્યાયમાં અછતો, અપ્રગટ, છતાં શ્રદ્ધા-જ્ઞાનમાં તેને છતો કર્યો, એનું નામ જ અમલ છે.(- સમ્યગ્દર્શન છે)

(૨) વિકલ્પ સહિત પહેલાં પાકો નિર્ણય કરે કે રાગથી નહીં, નિમિત્તથી નહીં, ખંડખંડ જ્ઞાનથી નહીં, ગુણ-ગુણીના ભેદથી પણ આત્મા જણાતો નથી-એમ પહેલાં નિર્ણયનો પાકો સ્થંભ તો નાખે ! એટલે પર તરફનું વીર્ય તો ત્યાં જ અટકી જાય છે. ભલે સ્વસન્મુખ વળવું હજી બાકી છે... વિકલ્પવાળા નિર્ણયમાં પણ હું વિકલ્પવાળો નહીં એમ તો પહેલાં દ્રઢ કરે ! નિર્ણય પાકો થતાં રાગ લંગડો થઈ જાય છે. રાગનું જોર તૂટી જાય છે. વિકલ્પ સહિતના નિર્ણયમાં સ્થુળ વિપરીતતા અને સ્થૂળ કર્તૃત્વ છુટી જાય છે અને પછી અંદર

સ્વાનુભવમાં જતાં નિર્ણય સમ્યક્રૂપે થાય છે.

(૩) પર્યાય જો દ્રશ્ય હૈ ઉસકો અદ્રશ્ય કરકે, ઔર ગુણ-ભેદ જો દ્રશ્ય હૈ ઉસકો અદ્રશ્ય કરકે ઔર દ્રવ્યકો દ્રશ્ય કરકે પૂર્વે અનંતા તીર્થંકરોને સમ્યગ્દર્શન પાયા હૈ, યહ એક હી માર્ગ હૈ.

ગુરુદેવનાં વચનામૃત :

(૧) ભગવાન આત્મા વ્યવહારથી જન્મ-મરણ સહિત દેખાતો હોવા છતાં,

(૨) પરમાર્થથી જુઓ તો ભગવાન આત્મા જન્મ-મરણ રહિત જ્ઞાનમથી, અતીન્દ્રિય આનંદમયી દેખાય છે.

(૩) માટે તારી દ્રષ્ટિમાં જે છતી છે તે પર્યાયને અછતી કર અને જે અછતો છે એવા ત્રિકાળી સ્વભાવને છતો કર !

(૪) એક સમયની પર્યાયમાં સંસાર છતો-વિદ્યમાન દેખાય છે તે દ્રવ્ય સ્વભાવમાં છે જ નહિ તેને અછતો કર ! (ભેદજ્ઞાન)

(૫) અને પર્યાયમાં જે દેખાતી નથી એવી મહાસત્તા છતી... પ્રગટ ... પ્રગટ... વ્યક્ત છે... મોજૂદ છે તેને છતી કર. (જે જણાય છે તે હું જ છું.)

સાર : એક સમયની પર્યાય જે મોજૂદ છે તેને ગૌણ કરી, ત્રિકાળ કે જે પર્યાયમાં મોજૂદ નથી તેને દ્રષ્ટિમાં મોજૂદ કરવો.

## ૩. એકાંત

(૧) શાસ્ત્રમાં વાત આવે કે બરફના સંયોગથી પાણી વધારે શીતળ થાય છે તેમ અધિક ગુણવાનના સંગમાં રહેવાથી વધારે લાભ થાય છે. એવું સાંભળતાં અજ્ઞાની ત્યાં ચોંટી જાય છે. અસંગની વાત છોડી દીધી, ગુણહીનનો સંગ છોડીને ગુણવાનનો સંગ કર્યો, પણ અસંગતા રહી ગઈ!

(૨) (સ્વયંના પરિણામ બતાવતાં કહ્યું) એટલી લગની રહે છે કે ક્યારે હું એકાંતમાં બેસું. એકાંતમાં બેસવાની લગની રહે છે. તોપણ એકાંત ન મળે, તો તે રીતે અંદરમાં જ એકાંત બનાવી લઉં છું. એકાંત ન મળે તો તેના માટે

તડપતો નથી. (આકુળતા કરતો નથી)

(૩) આખરે તો એકાંત (એકલા) જ સદા રહેવાનું છે, તો શરૂથી જ એકાંતનો અભ્યાસ બે, ચાર, પાંચ કલાક જોઈએ.

(૪) નિવૃત્તસ્વરૂપની તરફ જવું છે તેથી બહારમાં પણ નિવૃત્તિનું જ લક્ષ જાય છે.

(૫) નિવૃત્તિમાં- એકાંતમાં આચાર્યોનાં શાસ્ત્ર વાંચીએ તો તેમાંથી ઘણી વાતો નીકળે છે. તેમાં તો ઘણું ભર્યું છે. આચાર્યોના જે શબ્દ છે ને-તે આનંદનાં બુંદ-બુંદ છે. એક એક શબ્દમાં આનંદનાં બુંદ-બુંદ ભર્યાં છે. આનંદના બુંદ-બુંદ ટપકે છે તેથી રસ આવે છે.

(૬) મને તો એકાંત માટે સમય ન મળે તો ચેન જ પડતું નથી.

(૭) પ્રશ્ન :- ઘરવાળાની બધી જાતની પ્રતિકૂળતા હોવાથી પોતાનું કામ કેમ કરવું.?

ઉત્તર :- પોતાની અંદરમાં બેસીને પોતાનું કામ કરો. તે પોતાનું કામ અંદરમાં બેસીને કરવામાં ન ઘરવાળા જાણશે, ન બહારવાળા જાણશે. આપણે શું કરીએ છીએ અને ક્યાં છીએ, તે પણ કોઈ નહિ જાણે. એ રીતે અંદરમાં પોતાનું કામ થઈ શકે છે.

સુખી આત્મા (માણસ) એકલો જ છે (સિદ્ધની જેમ)

(૧) સંબંધોની ભીડ અને છતાપણ માણસ એકલો છે. ?

(૨) સુખ શું બહાર છે કે આપણી અંદર જ ?

(૩) પોતાથી જ આટલો ડર કેમ ?

(૪) સમસ્ય નહિ-સમાધાન છે-એકલાવણું !

(૧) પહેલી વાત :- એકલા હોવું એ મનુષ્યની નિયતિ છે, એ મનુષ્યનો સ્વભાવ છે. જ્યાં સુધી આ સત્યનો સ્વીકાર નહીં કરો, બેચેની રહેશે. લાખ ઉપાય કરો કે એકલાપણું મટી જાય, નહીં મટે, નહીં મટે, કારણ કે

એકલાપણું તમારી અંદરની આંતરીક અવસ્થા છે, તમારો સ્વભાવ છે, સ્વભાવ તટસ્થ હોય છે, ટકેલો હોય છે, સ્વભાવીક હોય છે. ક્યારેય ન બદલાતી-ધ્રુવ વસ્તુ છે.

(૨) આત્માનું અનાદિ-અનંત અસ્તિત્ત્વ સ્વતંત્ર છે. આત્માનું હોવાપણું એની રીત જ એ છે કે એકલા હોવું. સ્વભાવનો અર્થ જ એ છે કે 'જે મીટાવી ન શકાય'- ભૂંસી ન શકાય ?

(૩) સન્યાસ (દીક્ષા) અંદરની એની પરિભાષા જ એ છે કે જેણે શ્રદ્ધાપૂર્વક જાણી લીધું આ મારો નિત્ય સ્વભાવ છે.

(૪) ધ્યાન - એકાગ્રતા એનો અર્થ જ એ છે કે એકલાપણામાં રમવાની કળા-અજબ કળા છે... સુખી થવાની...

(૫) અનાદિથી પર સાથેના સંગનો અધ્યાસ થઇ ગયો છે, બીજાનો સહારો શોધવાની જે આદત પડી ગઈ છે કે સંગમાં જ જીવનં છે - એ માન્યતા પરથી ઉઠી જવું...

(૬) અંદરથી એક નવા વ્યકિતત્ત્વનો, નવા સ્ત્રોતનું ઉદ્‌ઘાટન કરવું - એકલો જ છું. સમજાણથી એકલો થઇ શકું છું.

(૭) જે દિવસે તમે એકલાપણાનો સ્વીકાર કરશો તે દિવસે સુખી થઈ જશો - આ તો સ્વભાવ છે, હું કેટલો મૂઢ હતો કે સ્વભાવથી અનાદિથી લડતાં હાર જ પામેલો - સ્વભાવ સાથે લડવાથી કોણ જીત્યું છે?

(૮) આ મારા સ્વભાવનો જરા પરીચય તો કરી લઉ? અંદર જે એકાકી છે એ કોણ છે? જરા એમાં ઉંડો ઉતરીને, ડૂબકી લગાવીને જોઉ તો ખરો એ એકલો રહેનાર કોણ છે?

(૯) અને જેવા અંદર ઉતરી જાઓ તો પોતાના પાગલપણા પર હસવું આવશે કે કેટલો મુર્ખ (અજ્ઞાની) હતો જેને ખોજતો હતો ભીડમાં અને એ સુખ સ્વભાવ હતું અંતરની ધરાતળમાં. હું જે સંબંધોમાં શોધતો હતો એ મૂર્ખાઇ હતી. અસંગ અવસ્થામાં મારી અંદરનો ખજાનો છૂપાયેલો પડ્યો હતો.

(૧૦) એકાકીપન :- એકાંત બહુ સુંદર છે. "કૈવલ્ય" નો અર્થ જ એ છે 'બસ એકલો' પોતાને જાણવા સિવાય બીજું કાંઇ નહીં.

(૧૧) પરીવાર બનાવો-પતિ-પત્ની-બાળકો, ચિત્રો બનાવો, સમાજ, બધું થોડીક વાર માટે દગો આપી જાય કે તમે એકલા નથી-પરંતુ એકલા હોવાપણું મટતું જ નથી.

(૧૨) એકાકીપણું અતિ સુંદર છે, ફકત નકામો ભય માનીને સંગ રાખવાની ચેષ્ટા કરો છે. એ ભયોનું કોઈ વાસ્તવીક કારણ નથી... તમારી ઉંધી માન્યતા એ જ દુઃખનું કારણ છે.

(૧૩) પરમ એકાંત ક્ષણોમાં બીજું કોઈ હોતું જ નથી. પોતાનો જ અનુભવ હોય છે-એકાંતમાં જ પરમ સાક્ષાત્કાર થાય છે. ત્યારે જ તમારો અસલી સ્વભાવ પ્રગટ થાય છે. માત્ર જાણપણું ! બસ તમે જ તમને જાણો છો અને સર્વથી ભિન્ન !

(૧૪) કોઈ પોતાનું નથી એ એટલું મોટું સત્ય છે, કે એનાથી લડશો નહિ. ધણા તમને આશ્વાસન આપશે કે અમે બધા છીએ ને ? જે પોતાનો નથી તે કેવી રીતે બીજાનો થાય ? કોણ કોની સાથે ગયું છે - આજ સુધી-એકલા આવ્યા છો, એકલા જ જીવવાનું છે કોઈની અપેક્ષા વગર અને પોતાનું કામ કરીને એકલા જ જવાનું છે. આપ મૂવા વિના સ્વર્ગ પણ ન જવાય આ તો મોક્ષ દશાની વાત છે-અદભૂત વાત છે પ્રભુ !

(૧૫) કેટલીય વાર તમને બધાને નથી લાગતું કે કેટલા એકલા છીએ... પરંતુ ફરી ફરીને આપણે પોતાને જ ભૂલવાની કોશીશ કરીએ છીએ-કેમ કે પોતાના એકલાપણાથી ડર લાગે છે ?

(૧૬) જે તમે પોતે છો તેને જાણવો જ પડશે-પોતાના સત્ય સ્વરૂપ સાથે પરીચય કરવો જ પડશે-અને તો જ સુખ મળશે.

(૧૭) હવે બચવાનું છોડો-જીવનભર બહુ દોડયા... બધી રીતે! કયાં પહોચ્યા ? આજે પણ એજ થઈ રહ્યું છે જે થવા યોગ્ય હતું (ક્રમબદ્ધ) રાજી થઈ જાઓ ! હારેલા કે થાકેલા મનથી નહીં ! પરમ સત્યને સમજીને કે તમે એકલા જ છો !

(૧૮) દિવાલ સાથે માથું ફોડવાથી કાંઈ નહિ થાય, દુઃખ જ થશે. દરવાજાથી બહાર નીકળી જાઓ-ભ્રમની જાળમાંથી બહાર નીકળી જાઓ -

એકલાપણા પર સવાર થઈ જાઓ-બસ આજ કરવાનું છે.

(૧૯) એકલાપણું કૈવલ્ય સુધી પહોંચાડે છે એ પરમ દશા સુધી પહોંચાડે છે-જેને લોકો પરમાત્મા કહે છે, મોક્ષ કહે છે, નિર્વાણ કહે છે-એકલા જ ત્યાં પહોંચાશે-ભીડ સાથે નહિ.

(૨૦) પહેલા માન્યતામાં સર્વથા સર્વથી ભિન્ન જ છું-પછી 'રાગ' થી પણ ભિન્ન પડવું પડશે અને છેવટે દેહથી પણ ભિન્ન પડી એ પરમાત્મા દશા પ્રાપ્ત થશેજ !

(૨૧) જ્યાં સુધી એકલાપણાથી બચશો તો સંસાર ઉભો જ છે. જ્યાં બીજા સાથે જોડાશો તો તમે તમારાથી દૂર થતા જશો. સંબંધોના બંધન એ ફક્ત ભ્રાંતિ-બંધન જ છે:

(૨૨) એનો મતલબ એમ નથી બધે ભાંગ ફોડ કરી નાખો અને ચાલતા થાઓ-ફક્ત જાણતા રહો બંધન એ બધો ખેલ છે, નાટક છે,-જે રોલ છે એ ભજવો પણ વાતને ભૂલતા નહીં-બંધન એ સંસારમાં વ્યસત રાખવાની ચાવી છે, ભૂલભૂલામણાની રમત છે. સંસાર એ સંયોગ છે-એકલા હોવું એ સ્વભાવ છે. કૈવલ્ય એ જ સ્વભાવ છે-એ જ સુખી થવાનો ઉપાય છે.

(૨૩) ઘર પરીવારમાં રહેવા છતાં એવો અનુભવ કરો કે એકલો જ છુ.આ શુભ ઘડીનો ઉપયોગ કરી લો- આનંદભાવથી એ માણી લો-અશાંતી મટી જશે. કોણ આપણું છે? અપેક્ષાઓ મટી જશે-શાંતી પ્રગટ થશે.

(૨૪) જેને તમે તમારા માની લો છો તે તરફથી અપેક્ષાની ભાવના સહજ આવી જાય છે. જ્યાં અપેક્ષા પૂર્ણ નથી થતી ત્યાં જ દુઃખનો સ્ત્રોત શરૂ થઈ જાય છે.

(૨૫) જે એકલો જીવવા લાગશે તે ધીરે ધીરે અનુભવ કરશે કે આખો સંસાર ઉપકાર અને અપેક્ષાથી દળાયેલો છે.

(૨૬) 'હું એકલો છું' એ ભાવ ગહન છે. સ્ફૂરણા થવા લાગશે-આ દ્રષ્ટિની વાત છે-બધું જ એકલાપણામાં સુંદર લાગશે-બધું ભલું દેખાવા લાગશે-વિશ્રામનો અનુભવ થશે-થાક ઉતરવા લાગશે-અપેક્ષાનો થાક ઉતરવા લાગશે-લડાઈ બંધ થઈ જશે-નવું જીવન-નવું પ્રભાત-નવો પ્રકાશ !

(૨૭) એકાંત ત્યારે જ કહેવાય જયાં આનંદનો અનુભવ હોય!

(૨૮) તમે જ્ઞાન, આનંદ-અનંત શક્તિ એના સમ્રાટ છો-એ જ નિર્ણય પર પહોંચવાનું છે-તમારા અસ્તિત્વ અને પરિણમન માટે બીજા કોઈની મદદ-અપેક્ષા-પ્રેરણાની તમને હવે જરૂર નથી.

(૨૯) તમારી અનંત શક્તિઓનો વિશ્વાસ કરો-નવી દ્રષ્ટિ ખોલો !

(૩૦) તમે નિષ્કલંક, નિરંજન, નિરાકાર, નિસ્પૃહ, નિર્મળ, નિશ્ચલ જ છો -એકાંતને સાધો-તમને કોઈની જરૂર નથી-અતિન્દ્રિય સુખનો ભોગવટો એકલાપણામાં જ થાય છે. આવી સ્વાનૂભૂતિની વાતો અદ્‌ભૂત છે. થોડીક નિરાંતની પળો કાઢીને આના પર વિચાર કરશો તો તમને સમજાશે કે આના સિવાય સુખી થવાનો બીજો કોઈ ઉપાય નથી.

## ૪. ઉપેક્ષા

૧) પ્રશ્ન :- શરૂઆતવાળાએ અનુભવનો પ્રયત્ન કઈ રીતે કરવો ?

ઉત્તર :- હું પરિણામમાત્ર નથી, ત્રિકાળી ધ્રુવપણામાં અહંપણુ સ્થાપી દેવું તે જ ઉપાય છે.

૨) પ્રશ્ન :- શાસ્ત્રમાં તો પ્રયત્ન કરવો, પ્રયત્ન કરવો તે વાત આવે છે?

ઉત્તર :- પ્રયત્ન કરવાનું કહેવામાં આવે છે, પ્રયત્ન થાય પણ છે, પરંતુ પ્રયત્ન પણ છે તો પર્યાય ! હું તો પર્યાયમાત્રથી ભિન્ન છું. પ્રયત્ન શું કરું ! સહજરૂપ થાય છે. પ્રયત્ન વગેરેનું 'થવું' પર્યાયનો સ્વભાવ છે. હું તેમાં ન આવું છું, ન જાઉં છું, હું ત્રિકાળી છું, એવી દષ્ટિમાં પ્રયત્ન સહજ થાય છે.

૩) શાસ્ત્રમાં પરિણામ જોવાની વાત આવે છે તેથી (અજ્ઞાની) પરિણામ દેખતો રહે છે, ધ્રુવવસ્તુ રહી જાય છે. પરિણામને જ દેખતા રહેવામાં પરિણામની સાથે એકતા થાય છે. પરિણામીમાં એકતા રહેતી નથી. અનિત્યમાં નિત્ય ચાલ્યો જાય છે. પર્યાયની શુદ્ધિ આવી છે અને તેવી છે એવી પર્યાયની વાતમાં રસ પડી જવાથી નિત્યનું જોર રહેતું નથી. પર્યાયમાં જોર કરવાની તો આદત પડી જ છે.

૪) અજ્ઞાની પર્યાયમાં જ અહંપણુ, સંતોષ, અધિકતા આદિ રાખે છે. પર્યાયમાં ઉલ્લાસ તો છે ને ! પર્યાયમાં વિશેષતા તો છે ને ! આ પર્યાયે દ્રવ્યનું માહાત્મ્ય તો કર્યું ને !

પર્યાય અંદરમાં તો ઢળે છે ને ! એમ ને એમ કોઈ પણ પ્રકારે પર્યાયમાં જ વજન રાખે છે. પરંતુ પર્યાયથી હટીને હું તો ત્રિકાળી દળ જેવો ને તેવો છું, પરિણામમાત્ર મારામાં નથી, એ રીતે ધ્રુવપણામાં અધિકતા સ્થાપતો નથી. કેમ કે વેદનમાં તો પર્યાય આવે છે અને દ્રવ્ય તો અપ્રગટ છે, તેથી અપ્રગટને તો દેખતો નથી, પર્યાયમાં જ અહંપણુ રાખે છે, પરંતુ અહીં તો કોઈ પણ પર્યાય હોય, સુખ અનંત હોય, અથવા જ્ઞાન અનંત હોય, અથવા વીર્ય અનંત હોય તોપણ મને કાંઈ પરવા નથી. હું તો સુખસ્વરૂપ જ સ્વભાવથી છું, એમ ધ્રુવસ્વાભાવમાં જ અધિકપણાનુ વેદન કરવાનુ છે અને શુદ્ધ પર્યાયો પણ ગૌણ કરવાની છે-ગૌણપણે વેદન કરવાની છે. ધ્રુવવસ્તુમાં અહંપણુ સ્થાપિત કર્યા વિના, પર્યાયથી એકત્વ છૂટી શકતું નથી.

૫) પ્રશ્ન :- વસ્તુ પકડાતી નથી તો ક્યાં અટકાયત થતી હશે? શું મહિમા નહિ આવતો હોય?

ઉત્તર :- એક સમયના પરિણામમાં અહંપણુ રહે છે. બસ તે જ ભૂલ છે. મહિમા તો આવે છે, પરંતુ ઉપર ઉપરથી. વાસ્તવિક મહિમા આવી જાય ત્યારે તો છોડે જ નહિ. વસ્તુનો આશ્રય લેવો જોઈએ, તે લેતો નથી.

૬) પર્યાયમાત્રની ગૌણતા કરો. અનુભવ થયો, ન થયો તે ન દેખો. "ત્રિકાળી વસ્તુ જ હું છું", પર્યાયમાત્રને ગૌણ કરીને આ તરફનો (અંતરસ્વરૂપનો) પ્રયાસ કરો. અભિપ્રાયમાં એકવાર બધાથી છૂટી જાઓ.

૭) જેમ ભૂંગળીમાં પકડાઈ ગયેલા પોપટને એમ લાગે છે કે હું ઉલટો છું, જો સુલટો હોત તો તરત ઉડી જાત. તેમ અજ્ઞાનીને એમ લાગે છે કે હું વિકારી છું, તેથી આત્માને કઈ રીતે પ્રાપ્ત કરી શકું? અરે ભાઈ ! ઉલટા-સુલટાની વાત જ નથી. પરિણામથી છૂટ્યો તો ધ્રુવ પર જ આવીશ. (પર્યાયબુદ્ધિ છૂટવાથી આત્મામાં આત્મબુદ્ધિ થશે) ભૂંગળીને પોપટ છોડી દે તો ઉડી જ જાય, કારણ કે ઉડવું તેનો સ્વભાવ છે. તેમ પરિણામથી ખસે તો ત્રિકાળી દળમાં જ આવશે.

૮) ધ્રુવતત્ત્વ પર પગ રાખો તો પર્યાયમાં બધું કાર્ય સહજ જ થશે.

૯) પ્રશ્ન :- પરિણામમાંથી એકત્વ છોડી દેવું, તે જ આપને કહેવું છે ને?

ઉત્તર :- બસ તે જ કહેવું છે. પરિણામમાંથી એકત્વ છોડી દો. પરંતુ તે *એકત્વ કેમ છૂટે ? નિત્યસ્વભાવમાં એકત્વ કરે ત્યારે. નિશ્ચય નિત્યસ્વભાવમાં દ્રષ્ટિ*

જમાવીને પરિણામમાત્રથી એકત્વ ઉઠાવી લેવું.

૧૦) (ત્રિકાળીમાં) ઢળાણ તો નિરંતર થાય જ છે અને (એકાંતમાં) વિચારકાળમાં વિશેષ થાય છે. પરંતુ વિચાર તો અટક જ છે. તે (વિચારાદિ) વિશેષ ઢળવાનું કારણ નથી. અશુભ પ્રવૃત્તિમાં અંદરમાં ઢળાણ ચાલે છે અને વૃદ્ધિ પામે છે. વિચારકાળમાં વિશેષ વૃદ્ધિ પામે છે, પરંતુ તે (વિચારાદિ) વિશેષ વૃદ્ધિનું કારણ નથી, તે તો અટક છે. તેથી વિચારવામાં અધિકતા થતી નથી. ત્રિકાળીમાં ઢળાણ હોવાથી પર્યાયમાત્રને અમે તો ગૌણ કરી દીધી છે. ધ્રુવદળ જ અધિક છે.

૧૧) પર્યાયમાં તીવ્રથી તીવ્ર અશુભ પરિણામ હોય અથવા ઉત્કૃષ્ટથી ઉત્કૃષ્ટ શુદ્ધ પર્યાય હોય, મારો કાંઈપણ બગાડ-સુધાર નથી. હું તો તેવો ને તેવો જ છું. (પર્યાયમાં ગમે એટલો ફેરફાર હોય, દ્રવ્ય એકરૂપ રહે છે, તેથી કોઈપણ પ્રકારની ક્ષણિક-અનિત્ય પર્યાયનું મૂલ્ય, ધ્રુવ-નિત્ય-સ્વરૂપની આગળ નથી.)

૧૨) પ્રશ્ન :- શરૂઆતવાળાએ કઈ રીતે અનુભવનો પ્રયત્ન કરવો ?

ઉત્તર :- "હું પરિણામ માત્ર નથી" ત્રિકાળી ધ્રુવપણામાં અહંપણુ સ્થાપવું - એ જ એક ઉપાય છે.

૧૩) એક જ 'માસ્ટર કી' (Master Key) છે. બધી વાતોનો, બધા શાસ્ત્રોનો એક જ સાર છે.-"ત્રિકાળી સ્વભાવમાં અહંપણું જોડી દેવાનું છે."

૧૪) પરિણામ (પ્રત્યે) ના રસને જમનો દૂત જાણો.

૧૫) વિચાર કરવો ,- નિર્વિચાર થવા માટે. મળવું-પછી નહિ મળવા માટે.

૧૬) કાર્ય (પર્યાય) થી કારણને (ત્રિકાળી દ્રવ્યને) દેખો છો, તેમાં મને તો એવી ચોટ લાગે છે કે આ શું ? એવી દષ્ટિમાં તો ત્રિકાળીથી જુદાપણું જ રહે છે. તો ત્રિકાળીમાં એકતા કઈ રીતે થશે ? વર્તમાન પર્યાયમાં તો હુંપણું સ્થાપી રાખ્યું છે. અને ત્રિકાળી (સ્વરૂપ)ની તરફ થવા ચાહો છો ! પરંતુ પર્યાયમાં અહંપણુ છૂટ્યા વિના ત્રિકાળીમાં અહંપણુ કઈ રીતે થશે ?

૧૭) વર્તમાન અંશમાં જ બધી રમત છે. તે અંતરમાં દેખશે તો (અનંત) શકિતઓ દેખાશે, અને બહિર્મુખ થશે તો સંસાર દેખાશે. બસ, અંશથી (કોઈ જીવ) બહાર તો જતો જ નથી. આટલી મર્યાદામાં રમત છે.

૧૮) પ્રશ્ન :- પર્યાયનો વિવેક તો જોઈએ ને !

ઉત્તર :- જેમ કરોડપતિ, ભિખારીને અધિકતા આપતો નથી. (ભિખારી થી દીનતા કરતો નથી), તેમ પર્યાયની જેટલી મર્યાદા છે એને જ્ઞાન જાણી લે છે. પર્યાયને અધિકતા આપવા જશે તો પ્રયોજન જ અન્યથા થઈ જશે. (આ જ વિવેક છે).

૧૯) અપરિણામી એક સમયના પરિણામમાં આવી જાય તો અપરિણામી ખતમ થઈ જાય.

૨૦) પરિણામમાંથી અહંપણુ ખસવું અને ત્રિકાળ સ્વભાવમાં અહંપણુ થવું તે શુદ્ધ જીવનું સ્વરૂપ છે.

૨૧) પ્રશ્ન :- અપરિણામીનો અર્થ શું? આત્મા પર્યાય વિનાનો સર્વથા કૂટસ્થ છે ?

ઉત્તર :- અપરિણામી અર્થાત દ્રવ્યમાં સર્વથા પર્યાય નથી, એમ નથી. પરંતુ પરિવર્તનશીલ પર્યાયને ગૌણ કરીને હું વર્તમાનમાં પરિપૂર્ણ છું, અભેદ છું, એ રીતે ધ્રુવદ્રવ્ય અને ધ્રુવપર્યાય, (જેને નિયમસારમાં કારણશુદ્ધપર્યાય કહી છે) એને લક્ષગત કરવાથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. દ્રવ્ય પલટતું નથી, પર્યાય પરિવર્તન કરે છે. જો દ્રવ્ય પરિવર્તનને પ્રાપ્ત થાય, તો પલટતા એવા દ્રવ્યના આશ્રયે સ્થિરતા થઈ શકે નહિ. અને સ્થિરતા વિના સમ્યગ્દર્શન થઈ શકે નહિ. તેથી જે પરિવર્તન પામે છે તેનું લક્ષ છોડ અને ધ્રુવ અપરિણામી ચૈતન્યતત્ત્વ એક જ સારભૂત છે, તેનું લક્ષ કર ! પર્યાય પરિણમે છે તેનું પરિણમન થવા દે, તેની સામે ન જો ! પરંતુ તે જ કાળે તું પરિપૂર્ણ અપરિણામી ધ્રુવતત્ત્વ છે તેને દેખ !

અહો ! જગતના જીવોને, હું વર્તમાનમાં જ પરિપૂર્ણ, ધ્રુવ, અપરિણામી તત્ત્વ છું તે વાત રુચતી નથી અને પ્રમાણના લોભમાં આત્માને જો અપરિણામી માનીશું તો પ્રમાણજ્ઞાન નહિ થાય અને એકાંત થઈ જશે તેવી આડ મારીને પર્યાયનું લક્ષ છોડવા ચાહતા નથી. અને તે કારણથી જ તેઓ અપરિણામી ચૈતન્યતત્વને પામતા નથી.

**દષ્ટિનાં નિધાનના બોલ :**

(૧) સર્વજ્ઞ-સર્વદર્શી ઈ શબ્દ જ્યાં સામે આવે છે ને ત્યાં આહાહા ! આખી વસ્તુ સર્વજ્ઞ અને સર્વદર્શી છે ઈ આખી તરવરે છે.

(૨) આત્માને સદાય ઉર્ધ્વ એટલે મુખ્ય રાખવો. ગમે તે પ્રસંગ આવે પણ

દ્રવ્યસ્વભાવને મુખ્ય રાખવો. શુભાશુભ પરિણામ આવે ભલે, પણ કાયમ દ્રવ્યસ્વભાવનું ધ્યેય રાખવું. આત્માને મુખ્ય રાખતાં જે દશા થાય તે નિર્મળદશાને સાધન કહેવાય છે ને તેનું સાધ્ય કેવળજ્ઞાન કરવું તે છે ને તેનું ધ્યેય પૂર્ણ આત્મા છે. કષાયની મંદતા કે જ્ઞાનના ઉઘાડની મુખ્યતા હશે તેની દૃષ્ટિ સંયોગ ઉપર જશે. આત્માની ઉર્ધ્વતાની રુચિ ને જિજ્ઞાસા હોય તેનો પ્રયાસ થયા વિના રહે જ નહિ. આત્માના અનુભવ પહેલાં પણ સાચી જિજ્ઞાસા હોય તેને અવ્યક્તપણે આત્માની ઉર્ધ્વતા હોય. હજુ આત્મા જાણવામાં આવ્યો નથી પણ અવ્યકતપણે ઉર્ધ્વતા થાય અને અનુભવમાં આવે ત્યારે વ્યક્ત-પ્રગટ ઉર્ધ્વતા થાય.

## ૫. પર દ્રવ્યની ભિન્નતા

(૧) સ્વદ્રવ્યમાં એકત્વ કર્યા વિના રાગથી અને શરીરથી ભિન્નતા થઈ શક્તી નથી, ભલે ભિન્ન છે, ભિન્ન છે એમ કહે. અને પોતાના દ્રવ્યમાં એકત્વ થતાં સહજ જ ભિન્નતા થઈ જાય છે. વિકલ્પ ઉઠાવવો પડતો નથી, સહજ જ ભિન્નતા રહે છે.

(૨) પરિણામને હઠાવી શકાય નહીં પરિણામમાંથી એકત્વ હઠાવી શકાય છે.

(૩) ઉપયોગ પોતાથી બહાર નીકળે તો જમનો દૂત જ આવ્યો, એમ દેખો! (બહારમાં ) ચાહે ભગવાન પણ ભલે હોય. (ઉપયોગ બહાર જાય) તેમાં પોતાનું મરણ થઈ રહ્યું છે. બહારના પદાર્થથી તો મારો કોઈ સંબંધ જ નથી. પછી ઉપયોગને બહારમાં લંબાવવો શા માટે?

(૪) પર્યાય (ત્રિકાળી) દ્રવ્યથી સર્વથા જ ભિન્ન છે. પ્રમાણમાં અભિન્નતા પણ કહેવામાં આવે છે, પરંતુ પ્રમાણ નિશ્ચયનયને જૂઠો કરીને કહેતું નથી. નિશ્ચયથી તો પર્યાય સર્વથા ભિન્ન છે. પ્રદેશ એક હોવાથી પ્રમાણ તેને અભિન્ન કહે છે. પ્રમાણ અભિન્ન જ કહે છે, તેમ નથી. ભિન્ન-અભિન્ન બન્ને (પ્રમાણ) કહે છે. પરંતુ એકાંત ભિન્ન છે એવું જોર દીધા વિના પર્યાયમાંથી દૃષ્ટિ ઉઠશે નહિ. ''અનેકાન્ત પણ સમ્યક્ એકાંત એવા નિજપદની પ્રાપ્તિ સિવાય અન્ય હેતુએ ઉપકારી નથી'' તે સત્ય છે.

(૫) ત્રિકાળીમાં એકત્વ થતાં રાગ એવો ભિન્ન દેખાય છે કે જેમ બીજી ચીજ પ્રત્યક્ષ ભિન્ન દેખાય છે ; તેમ જ રાગ પ્રત્યક્ષ જુદો જ દેખાય છે.

(૬) (પોતાના સુખ માટે) આખા જગતમાં બસ, હું જ એક વસ્તુ છું અને કોઈ બીજી વસ્તુ છે જ નહિ. અરે! બીજી કોઈ વસ્તુ છે કે નથી, એવો વિકલ્પ પણ શા માટે?

**દષ્ટિનાં નિધાનના બોલ :**

(૧) એક બે ઘડી શરીરાદિ મૂર્તિકદ્રવ્યોનો પાડોશી થઈને જ્ઞાયકભાવનો અનુભવ કર. જેમ રાગ ને પુણ્યને અનુભવ કરે છે એ તો અચેતનનો અનુભવ છે, ચેતનનો અનુભવ નથી. માટે એકવાર મરીને પણ, શરીરાદિ પાડોશી થઈ ને, ઘડી બે ઘડી પણ જ્ઞાયકભાવનું લક્ષ કરીશ તો તુરંત આત્મા ને રાગની ભિન્નતા થઈ જશે અને જેવું તારું આત્મસ્વરૂપ છે તેવો અનુભવ થશે.

**ગુરુદેવશ્રીનાં વચનામૃતના બોલ :**

સ્વાનુભૂતિ થતાં જીવને કેવો સાક્ષાત્કાર થાય ? સ્વાનુભૂતિ થતાં, અનાકુળ-આહલાદમય, એક, આખાય વિશ્વની ઉપર તરતો વિજ્ઞાનઘન પરમપદાર્થ-પરમાત્મા અનુભવમાં આવે છે. આવા અનુભવ વિના આત્મા સમ્યક્પણે દેખાતો-શ્રદ્ધાતો જ નથી, તેથી સ્વાનુભૂતિ વિના સમ્યગ્દર્શનની-ધર્મની શરૂઆત જ થતી નથી.

આવી સ્વાનુભૂતિ પ્રાપ્ત કરવા જીવે શું કરવું? સ્વાનુભૂતિની પ્રાપ્તિ માટે જ્ઞાનસ્વભાવી આત્માનો ગમે તેમ કરીને પણ દઢ નિર્ણય કરવો. જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય દઢ કરવામાં સહાયભૂત તત્ત્વ-જ્ઞાનનો-દ્રવ્યોનું સ્વયંસિદ્ધ સત્પણું ને સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય, નવ તત્ત્વનું સાચું સ્વરૂપ, જીવ અને શરીરની તદ્દન ભિન્નભિન્ન ક્રિયાઓ, પુણ્ય અને ધર્મના લક્ષણભેદ, નિશ્ચય-વ્યવહાર ઈત્યાદિ અનેક વિષયોના સાચા બોધનો-અભ્યાસ કરવો. તીર્થંકર ભગવંતોએ કહેલાં આવાં અનેક પ્રયોજનભૂત સત્યોના અભ્યાસની સાથે સાથે સર્વ તત્ત્વજ્ઞાનનો શિરમોર-મુગટમણિ જે શુદ્ધદ્રવ્યસામાન્ય અર્થાત પરમ પારિણામિકભાવ એટલે કે જ્ઞાયકસ્વભાવી શુદ્ધાત્મદ્રવ્યસામાન્ય-જે સ્વાનુભૂતિનો આધાર છે, સમ્યગ્દર્શનનો આશ્રય છે, મોક્ષમાર્ગનું આલંબન છે, સર્વ શુદ્ધભાવોનો નાથ છે-તેનો દિવ્ય મહિમા હૃદયમાં સર્વાધિકપણે અંકિત કરવા યોગ્ય છે. તે નિજ શુદ્ધાત્મદ્રવ્યસામાન્યનો આશ્રય કરવાથી જ અતીન્દ્રિય આનંદમય સ્વાનુભૂતિ પ્રાપ્ત થાય છે.

## ધ્યાન

(૧) 'જ્ઞાનમાત્ર' આત્મામાં લીન થવું, તેનાથી સંતુષ્ટ થવું અને તેનાથી જ તૃપ્ત થવું, - એ પરમ ધ્યાન છે.

(૨) જ્ઞાન-અને આનંદ તે આત્માનો સ્વભાવ છે અને તે ભગવાન આત્મા સ્વભાવવાન છે. આવા જ્ઞાનાનંદ સ્વભાવી આત્મામાં લીન થવું, તેનાથી જ સંતુષ્ટ થવું અને તેનાથી જ તૃપ્ત થવું એ પરમ ધ્યાન છે.

(૩) વિકલ્પ છૂટીને નિર્વિકલ્પ દશામાં ધ્યાનમાં આવો જ્ઞાનાનંદ સ્વભાવ આવે છે એમ કહેવું છે. જુઓ મૂળ આનું નામ આત્મધ્યાન છે.

(૪) વિકલ્પાત્મક નિર્ણય પછી જ્યારે વિકલ્પની ધારા સમાપ્ત થઈ જાય છે ત્યારે ધ્યાનની નિર્વિકલ્પ દશા પ્રગટ થાય છે. માત્ર જ્ઞાનની પર્યાયમાં સૌથી ભિન્ન ભગવાન આત્મા જણાય છે, તે ધ્યાન છે.

(૫) અનાદિથી તારું ધ્યાન જે પરલક્ષમાં વળેલું છે એ તો આર્ત-રૌદ્રધ્યાન છે, રાગ દ્વેષની પરિણતિ છે. એ દુઃખકારી છે. માટે હવે ત્યાંથી તારી જ્ઞાનની પર્યાયને પાછી વાળી, અંતર્લીન થતાં ધર્મધ્યાન પ્રગટ થાય છે.

(૬) તે ધર્મધ્યાનના બે પ્રકાર છે. ૧) નિશ્ચય અને ૨) વ્યવહાર. વસ્તુનું-આત્માનું પરમ ધ્યાન તે નિશ્ચય ધ્યાન છે. ધર્મનો ધરનાર ધર્મી જ્યાં પડયો છે, દ્રવ્ય-ગુણ જ્યાં પરિપૂર્ણ પડયા છે ત્યાં એકાગ્રતા કરી-લીન થવું તે નિશ્ચય ધર્મધ્યાન છે અને જે શુભવિકલ્પ છે તે વ્યવહાર ધર્મ ધ્યાન છે. (વ્યવહાર ધર્મધ્યાન એ માત્ર આરોપીત કથનમાત્ર ધર્મધ્યાન છે અને તે ધર્મીને- જ્ઞાનીને હોય છે).

(૭) **'एकाग्र चिंतानिरोधो ध्यानम्'** એક+અગ્ર-નામ એક આત્માને દષ્ટિમાં લઈને તેમાં લીન થતાં ચિંતાનો-વિકલ્પનો નિરોધ થઈ જાય છે એનું નામ ધ્યાન છે. વસ્તુ પૂર્ણાનંદનો નાથ પરિપૂર્ણ સ્વભાવે પ્રભુ આત્મા છે. એમાં એકાગ્ર થઈ તેમાં જ લીન થવું તે પરમધ્યાન છે.

(૮) उत्तमसंहननस्यैकाग्रचिंता निरोधो ध्यानमान्तर्मुहूर्तात् । ઉત્તમ સંહનનવાળાને અંતર્મુહૂર્ત સુધી એકાગ્રતા પૂર્વક ચિંતાનો નિરોધ તે ધ્યાન છે.

૧. ઉત્તમ સંહનન વૃષભનારાચ સંહનન-મોક્ષ પામનાર જીવને આ સંહનન હોય.

૨. એકાગ્ર : એકાગ્રનો અર્થ મુખ્ય, સહારો, અવલંબન, આશ્રય પ્રધાન અથવા સન્મુખ થાય છે. વૃત્તિને અન્ય ક્રિયાથી ખેંચીને એક જ વિષયમાં રોકવી તે એકાગ્ર ચિંતા નિરોધ છે અને તે જ ધ્યાન છે. જ્યાં એકાગ્રતા નથી તે ભાવના છે.

૩. આ સૂત્રમાં ધ્યાતા, ધ્યાન, ધ્યેય (જ્ઞાતા, જ્ઞાન, જ્ઞેય) નો કાળ એ ચાર બાબતો નીચે પ્રમાણે આવી જાય છે.

૧) ઉત્તમ સંહનનધારી પુરુષ તે ધ્યાતા.

૨) એકાગ્ર ચિંતાનિરોધ તે ધ્યાન.

૩) જે એક જ વિષયને પ્રધાન કર્યો તે ધ્યેય.

૪) અંતર્મુહૂર્ત તે ધ્યાનનો ઉત્કૃષ્ટ કાળ. મુહૂર્ત એટલે ૪૮ મિનિટ. ૪૮ મિનિટમાં એક સમય ઓછો તે ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત છે.

૪. જે જ્ઞાન ચળાચળતા રહિત અચલ પ્રકાશવાળું અથવા દેદિપ્યમાન થાય છે તે ધ્યાન છે.

(૯) જુઓ પહેલાં પૂર્ણ સ્વરૂપ પ્રભુ આત્માની ધ્યાનમાં પ્રાપ્તિ તે ધ્યાનની પ્રથમ દશા છે, અપૂર્ણ દશા છે. તેનાથી વર્તમાન આનંદ અનુભવાય છે. અને પછી થોડાજ કાળમાં એટલે ધ્યાન જામતાં જામતાં પરિપૂર્ણ દશા થતાં જ્ઞાનાનંદ સ્વરૂપ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે અર્થાત્ તેમાં પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ આનંદની પ્રાપ્તિ અનુભવાય છે.

(૧૦) બે પ્રકારનો મોક્ષમાર્ગ : સાચો અને આરોપીત મુનીને ધ્યાનમાં પ્રાપ્ત થાય છે. શુધ્ધ, રત્નત્રય સમ્યગ્દર્શન- જ્ઞાન-ચારિત્ર તે નિશ્ચય (સત્યાર્થ) મોક્ષમાર્ગ છે જ્યારે તેની સાથે જે રાગ બાકી રહે છે તે વ્યવહાર (આરોપીત) મોક્ષમાર્ગ છે. આ બન્ને મોક્ષમાર્ગ પ્રભુ ! તને ધ્યાનમાં પ્રાપ્ત થશે. બ્રહ્મલીન પુરુષ જ પરમાનંદને અનુભવે છે.

(૧૧) ચોથા અને પાંચમાં ગુણસ્થાને જે ધર્મધ્યાન છે તેનાથી ગુણસ્થાનને લાયક સંવર-નિર્જરા થાય છે. છઠ્ઠા ગુણસ્થાને વિકલ્પ હોય છે. પણ ત્યાં વિકલ્પનું સ્વામિત્ત્વ નથી અને સમ્યગ્દર્શનની દઢતા થઈને અશુભ રાગ ટળતો જાય છે તેથી તેટલે દરજ્જે ત્યાં ધર્મ ધ્યાન છે. ખરેખર જે શુભભાવ હોય તે તો બંધનું કારણ થાય છે, તે ખરું ધર્મધ્યાન નથી.

(૧૨) નિશ્ચય ધર્મધ્યાન : (ધર્મ- સ્વભાવ, ધ્યાન-એકાગ્રતા)

પોતાના શુધ્ધ સ્વભાવમાં એકાગ્રતા તે નિશ્ચય ધર્મધ્યાન છે. જેમાં ક્રિયાકાંડના સર્વ આડંબરોનો ત્યાગ છે એવી અંતરંગક્રિયાના આધારરૂપ જે આત્મા તેને, મર્યાદારહિત તથા ત્રણે કાળના કર્મોની ઉપાધિરહિત એવા સ્વરૂપે જે જાણે છે તે જ્ઞાનની વિશેષ પરિણતિ કે જેમાં આત્મા પોતાના આશ્રયમાં સ્થિર થાય છે તે નિશ્ચય ધર્મધ્યાન છે, અને તે જ સંવર નિર્જરાનું કારણ છે.

(૧૩) વ્યવહાર ધર્મધ્યાન : તે શુભભાવ છે, કર્મના ચિંતવનમાં મન લાગ્યું રહે એ તો શુભપરિણાગરૂપ ધર્મધ્યાન છે. જેઓ કેવળ શુભપરિણામથી મોક્ષ માને છે તેમને સમજાવ્યા છે કે શુભપરિણામથી અર્થાત્ વ્યવહાર ધર્મધ્યાનથી મોક્ષ થતો નથી.

(૧૪) શુકલધ્યાનના ચાર ભેદ :

પૃથકત્ત્વવિર્તક, એકત્ત્વવિર્તક, સૂક્ષ્મક્રિયાપ્રતિપાતિ, અને વ્યુપરતક્રિયાનિવર્તિ એ ચાર ભેદ શુકલ ધ્યાનના છે.

(૧૫) સાર : જીવ આજે પણ ત્રિરત્નવડે શુધ્ધાત્માને ધ્યાવીને દેવપણું પામે છે અને ત્યાંથી ચ્યવીને મનુષ્ય થઈ મોક્ષ પામે છે. માટે પંચમકાળમાં અનુત્તમ સંહનનવાળા જીવોને પણ ધર્મધ્યાન થઈ શકે છે.

## ધર્મધ્યાન

(૧) આ કાળમાં પણ આત્મધ્યાન થઈ શકે છે. જો ધ્યાન નથી તો ધર્મ નથી. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આત્માના ધ્યાન દ્વારા જ પ્રગટ થાય છે. ધ્યાન વગર મોક્ષમાર્ગ જ નથી હોતો.

(૨) આત્માના ધ્યાનમાં જ સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. જે આત્માના ધ્યાનનો નિષેધ કરે છે, તે સમ્યગ્દર્શનનો જ નિષેધ કરે છે. જે આત્મધ્યાનનો સ્વીકાર નથી કરતો તે સમ્યગ્દર્શન રહિત છે. મિથ્યાદષ્ટિ છે. એનામાં આત્માની શુધ્ધિ પ્રગટ કરવાની યોગ્યતા નથી.

(૩) મિથ્યાદષ્ટિ જીવ સંસાર સુખમાં જ લીન રહે છે. અર્થાત્ તે રાગમાં જ લીન રહે છે. એટલે માટે તેને રાગરહિત આત્માના અતીન્દ્રિયસુખની એટલે કે ધ્યાનની ખબર જ નથી. એ તો રાગમાં લીન થઈને શુભરાગને જ ધર્મ માની બેઠો છે.

એને રાગરહિત શુધ્ધોપયોગરૂપ ધ્યાન કયાંથી દેખાશે ? અરેભાઈ ! અત્યારે તારો આત્મા છે કે નહિ ? આત્મા છે તો તેનું ધ્યાન પણ થઈ શકે છે.

(૪) અરે જીવ ! આત્માનું ધ્યાન ન હોય તો તું સમ્યગ્દર્શન કઈ વિધીથી પ્રગટ કરશે ? અને સમ્યગ્દર્શન વગર વ્રત, તપ, સાધુપણું તું કયાંથી લાવીશ ?

(૫). જો આ કાળમાં મુનીપણું તો હોય છે, અને આત્માનું ધ્યાન ન થઈ શકે આ તે કેવી વાત છે. આત્માનું ધ્યાન ન હોય તો મુનીપણું કયાંથી આવ્યું ? એકલા શુભરાગથી સમ્યગ્દર્શન અથવા સાધુપણું કયારે પણ ન હોઈ શકે.

(૬) આ કાળમાં ધ્યાન ન થઈ શકે એવું માનવાવાળાને સમ્યગ્દર્શન પણ ન થઈ શકે અર્થાત્ જે પ્રમાણે અભવ્યને કયારે પણ શુધ્ધતા પ્રગટ નથી થતી એ જ પ્રમાણે ધ્યાનના નિષેધ કરવાવાળાને પણ આત્માના ધ્યાન વિના કયાકરેય પણ શુધ્ધતા પ્રગટ થતી નથી. ત્રણે કાળમાં શુધ્ધાત્માના નિર્વિકલ્પ ધ્યાન દ્વારા જ મોક્ષમાર્ગની શરૂઆત થાય છે. એના વગર મોક્ષમાર્ગનો એક અંશ પણ હોતો નથી.

(૭) પંચમકાળનું બહાનું બતાવીને મૂઢ જીવ આત્માની રુચી છોડી દે છે. અને પાંચ ઈન્દ્રિયોના વિષયોમાં કે શુભરાગની ક્રિયામાં જ પ્રવૃત્તિ કરતાં જોવામાં આવે છે આ બહુ મોટી ભૂલ છે.

(૮) આચાર્ય કુંદકુંદ કહે છે કે અરે ભાઈ ! આ ભરતક્ષેત્રમાં આ પંચમકાળમાં આત્માની રુચી -પ્રતીતિ-જિજ્ઞાસા-લક્ષ-એકાગ્રતા કરતાં આત્માનુભૂતિ-ધર્મધ્યાન થઈ જાય છે અને તેને અતીન્દ્રિય સુખ પ્રગટ થાય છે. ઈન્દ્રિય સુખોની રુચી છોડીને-ઉપયોગ પલ્ટાવીને આત્માની રુચી કર અને શુધ્ધાત્માની સન્મુખ થઈ તેનું ધ્યાન-અનુભવ કર.

(૯) જે શુભરાગની ક્રિયામાં ધર્મ માને છે અને આત્મધ્યાનનો નિષેધ કરે છે એ જીવ તો રાગમાં જ અટકી ગયો છે. એ જીવે તો રાગરહિત શુધ્ધાત્માની રુચી છોડી દીધી છે. આચાર્યદેવ કહે છે કે અરે ભાઈ ! રાગથી પાર એવા શુધ્ધાત્માનું નિર્વિકલ્પ ધ્યાન અને આનંદનો અનુભવ આજે પણ થઈ શકે છે. તેનો તું નિષેધ ન કર, પરંતુ તું એનો સહર્ષ સ્વીકાર કરીને અંતર્મુખ થવાનો પ્રયત્ન કર.

(૧૦) આ શુધ્ધાત્માની વાત આ કાળમાં તને સાંભળવા મળી અને તું તેમાં અંતર્મુખ નહી થઈ શકે એવું કહીને, માનીને એનો નિષેધ કરશે તો તને આત્માની શુધ્ધતા અને અતીન્દ્રિય આનંદ પ્રગટ નહી થાય, અને મોક્ષમાર્ગ પ્રગટ કરવાનો આ અવસર તું ચૂકી જઈશ એટલા માટે આત્માની રુચી કરીને અર્થાત્ રાગાદિ વિષયોની રુચી છોડીને આત્માના ધર્મધ્યાનનું પુરુષાર્થ કર. ધર્મધ્યાન વગર જીવની શ્રધ્ધા ગુણની નિર્મળપરિણતિ થતી નથી, સમ્યક્ શ્રધ્ધા નથી થતી, કારણ કે ધ્યાનદ્વારા શુધ્ધાત્માનો નિર્વિકલ્પ અનુભવ કર્યા વગર એની શ્રધ્ધા સમ્યક્ કહેવાતી નથી અને તે સમયના જ્ઞાનને પણ સમ્યક્જ્ઞાન કહેવામાં આવતું નથી. રાગમાં લીન રહેવાથી આત્માની શ્રધ્ધા સમ્યક્ નથી થતી અર્થાત્ ધર્મ થઈ શકતો નથી. સુખની પ્રાપ્તિ થતી નથી ભાઈ ! આ કાળમાં તને ધર્મ કરવો છે કે નહિ ? એ ધર્મ આત્માના ધ્યાન દ્વારા જ થશે. અને આત્માનો અનુભવ અથવા ધર્મધ્યાન આ કાળમાં થઈ શકે છે.

(૧૧) અરે ! પંચમકાળમાં જો આત્માનું ધ્યાન ન થતું હોય, તો આ બધો શુધ્ધાત્માનો ઉપદેશ કોને શા માટે આપવામાં આવ્યો છે ? આત્મા, જ્ઞાનઆનંદમય, ઈન્દ્રિયાતીત મહાન પદાર્થ છે. એમ જાણીને જ્ઞાની પોતાના અંતરમાં એનું ધ્યાન કર છે. નિશ્ચય શુધ્ધાત્માના આશ્રયથી સાચું ધર્મધ્યાન આજે પણ થાય છે.

(૧૨) સાક્ષાત્ કેવળજ્ઞાન અને પૂર્ણ મોક્ષ દશા જેનાથી પ્રાપ્ત થાય એવું ઉત્કૃષ્ટ શુકલધ્યાન આ કાળમાં આ ક્ષેત્રમાં ન થઈ શકે, પરંતુ જેનાથી શુધ્ધ સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ થાય છે એવું નિશ્ચય ધર્મધ્યાન તો આજે પણ થઈ શકે છે.

(૧૩) આવા ધ્યાનદ્વારા મોક્ષમાર્ગનો આરાધક જીવ એક ભવ અવતારી બની શકે છે. અંહીથી સ્વર્ગમાં જાય અને પછી મનુષ્ય પર્યાય પ્રાપ્ત કરી મુનીદીક્ષા અંગીકાર કરી ચારિત્રદશામાં શુકલધ્યાન પ્રગટ કરી પૂર્ણ મોક્ષ પ્રાપ્ત કરી લે છે.

(૧૪) આ કાળમાં ધર્મધ્યાનનો જે નિષેધ કરે છે એ તો સંપૂર્ણ મોક્ષમાર્ગનો જ નિષેધ કરે છે. અને પર્યાયમાં આત્માની શુધ્ધિનો જ નિષેધ કરે છે.

(૧૫) ભાઈ ! પોતાના આત્મામાં તારા ઉપયોગને જોડ, તારી વર્તમાન જ્ઞાનની પર્યાયમાં નિજ શુધ્ધાત્માનો નિર્ણય કર.' **હું જ્ઞાન આનંદ સ્વરૂપ ભગવાન આત્મા છું' અને ભેદજ્ઞાન કર, 'સર્વથા સર્વથી ભિન્ન છું.'**

(૧૬) જે પ્રકારે પર વિષયોને જ્ઞેય બનાવીને એમાં તારા ઉપયોગને એકાગ્ર કરે છે, એવી જ રીતે તારા શુધ્ધાત્માનું અંતરમાં ધ્યેય બનાવી સ્વવિષયમાં તારા

ઉપયોગને એકાગ્ર કર. આ પ્રમાણે તને ધર્મધ્યાન થશે આ ધર્મધ્યાનથી જ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ શુધ્ધતા પ્રગટ થાય છે. આ જ ધર્મ છે. આ મોક્ષમાર્ગ છે. હે ભાઈ ! આવા મોક્ષમાર્ગનો આજે પ્રારંભ કરી લેશે તો એકાદ બે ભવમાં પૂર્ણ મોક્ષમાર્ગ પ્રગટ થશે. અને જો આજે એનો નિષેધ કરશે અને વિષયોમાં જ પ્રવર્તશે તો તારા મોક્ષમાર્ગની શરૂઆત કેવી રીતે થશે? શું જડક્રિયાથી કે શુભભાવથી (રાગથી) પર્યાયમાં વીતરાગતા પ્રગટ થઈ શકે? તું વિચાર તો કર! આ વીતરાગતાનો માર્ગ શું છે? વીતરાગી પ્રભુએ એનો કેવો ઉપદેશ આપ્યો છે એ તો વિચાર કર!

(૧૭) મુમુક્ષોને આત્માના ધ્યાનનો ઉપદેશ આપ્યો છે કે, હે ભવ્ય! શુધ્ધાત્માનું સમ્યક્ત્વ પ્રગટ કરવા માટે એને ધ્યાનમાં ધ્યાવો ! જ્ઞાનનું જ્ઞેય, શ્રધ્ધાનું શ્રધ્ધેય, ધ્યાનનું ધ્યેય તારા શુધ્ધાત્માને બનાવ કે જેથી પર્યાયમાં શુધ્ધતા પ્રગટ થાય.

(૧૮) ચોથા કાળમાં પણ કાંઈ આત્માની ઉપયોગની એકાગ્રતા વિના મોક્ષમાર્ગ પ્રગટ થતો ન હતો, એ કાળમાં પણ આત્માની એકાગ્રતારૂપ ધર્મધ્યાન દ્વારા જ મોક્ષમાર્ગ પ્રગટ થતો હતો અને આજે પંચમ કાળમાં પણ એ જ રીતે ધર્મધ્યાન દ્વારા જ મોક્ષમાર્ગ પ્રગટ થાય છે. સનાતન વીતરાગ ધર્મ ત્રણ કાળ ત્રણ લોકમાં એક જ પ્રકારે હોય છે.

(૧૯) પ્રવચનસારના અંતમાં કહ્યું છે, હે જીવ ! અતીન્દ્રિય જ્ઞાનરૂપ અને અતીન્દ્રિય સુખરૂપ અમે તને પોકારી પોકારી બતાવ્યો છે, માટે એવા શુધ્ધાત્માનો આજે જ અનુભવ કર ! આજે ધર્મધ્યાન દ્વારા આવા આત્માનો અનુભવ થઈ શકે છે. માટે તું આજે જ એનો અનુભવ કર ! ધર્મધ્યાનમાં એ પ્રત્યક્ષ અનુભવ થઈ શકે છે.

(૨૦) શ્રી કુંદકુંદ આચાર્ય અને અમૃતચંદ્રઆચાર્ય અને તે પછીના આચાર્યોએ કહ્યું છે કે એવો મોક્ષમાર્ગ અમે અમારા આત્મામાં અંગીકાર કર્યો છે અને તમે પણ એને અંગીકાર કરો ! આજે જ અંગીકાર કરો ! પંચમકાળના નિર્વિકલ્પ આનંદમય ધર્મધ્યાની ભાવલિંગી સંતોને નમસ્કાર હો !

(આત્મધર્મ - વર્ષ ૨૭-અંક ૧૨)

# સ્વાનુભૂતિ

## (ધ્યાન કરવા જેવી થોડીક સૂક્ષ્મ વાતો)

### આ પાંચ મુદાથી પ્રારંભ

૧. સનાતન વીતરાગ માર્ગનો સંપૂર્ણ સ્વીકાર.

(બધા ગચ્છ, મત, સંપ્રદાય-આગ્રહ તેમજ વિકલ્પ નો ત્યાગ)

૨. તેના નિમિત્ત વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્રનું યથાર્થ જ્ઞાન અને શ્રધ્ધા

(દર્શન-પૂજા-ભક્તિ, સયંમીત જીવન, અન્યાય-અનિતી નો ત્યાગ)

૩. પ્રથમ રુચીનો પલટો-પાત્રતા-સંપૂર્ણ નિવૃત્તિ...

(ક્ષયોપશમ લબ્ધિ, વિશુદ્ધિ લબ્ધિ, દેશના લબ્ધિ)

૪.પહેલામાં પહેલો સ્વથી એકત્વ-પરથી ભિન્ન આત્માને જાણવો સ્વાનુભૂતિ-આત્માનુભૂતિ એ જ જૈન દર્શન છે. સમયસાર

૫. હવે પ્રાયોગ્ય લબ્ધિ- ઉપયોગનો પલટો-પ્રયોગ પદ્ધતિ

૧. સ્વપરનું ભેદજ્ઞાન ૨. સ્વનું શ્રધ્ધાન-જ્ઞાયકની આરાધના

## હવે અનુભૂતિ પહેલાંની થોડીક સૂક્ષ્મ વિચારણા :

### (૧) ભેદજ્ઞાન અને યથાર્થ નિર્ણય સંબંધી :

૧. આત્મા પરદ્રવ્યનો કર્તા નથી-મન,વચન,કાયાની સ્વતંત્ર પ્રવૃતિ-એકત્ત્વ, મમત્ત્વ, કર્તુત્ત્વ ભોકતૃત્ત્વનો ત્યાગ.

૨. ૫ રદ્રવ્યમાં કયાંય સુખ નથી (પરમાં સુખબુદ્ધિનો ત્યાગ).

૩. પરને જાણતો નથી (અભિપ્રાયમાં પરને જાણવાનો નિષેધ).

૪. દ્રઢ નિર્ણય :- જે જાણાય છે તે હું જ છું- અંદરથી

હકાર.

## (૨) સમ્યગ્દષ્ટિના ચાર અંગ સંબંધી વિચારણા :

૧. પોતાના જ્ઞાન-આનંદ સ્વભાવની શ્રધ્ધા (નિઃશંકતા)

૨. સમભાવ-પરનો આદર નહિ-અભિપ્રાયમાં ઈચ્છાનો ત્યાગ (નિઃકાંક્ષીતા)

૩. કોઈનો પણ અનાદાર નહિ-દ્વેષ-તિરસ્કાર (નિર્વિચિકિત્સતા)

૪. લોક સંજ્ઞા, ઓઘસંજ્ઞાનો ત્યાગ (અમૂઢ દ્રષ્ટિ)

(સાત પ્રકારના ભય, આઠ પ્રકારના મદનો ત્યાગ)

નિર્ભય, નિડર, નિર્માનતા, વીતરાગભાવની પુષ્ટિ

## (૩) સંપૂર્ણ સમર્પણની ભાવના :

૧. જ્ઞાનમાં સંપૂર્ણ મોક્ષ માર્ગની સ્પષ્ટતા :

(સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એક્તારૂપ મોક્ષમાર્ગ)

૨. રુચીની ઉગ્રતા (પર રુચીનો અભાવ-હવે નવું શું જાણવું છે ?

પ્રયોગમાં આવી જા ને ! )

૩. પુરુષાર્થની નબળાઈ (પ્રત્યેક સમયે કેમ સ્વરૂપ ભૂલાઈ જાય છે ?)

૪. સહજતા (સંપૂર્ણ જીવન જ્ઞાનમય-આનંદમય-કોઈ ફરીયાદ નહિ-સહજ નિર્ભાર જીવન) સહજ સ્વભાવની શ્રધ્ધા.......

## (૪) અંદર જવાની સૂક્ષ્મ વિધિ :

૧. નિઃસંગતા.... એકાંતનો અભ્યાસ (સ્વરૂપનું ધોલન)

૨. નિર્વિકલ્પતા માટે વિકલ્પોની જાળમાં નહિ મૂંકાવવું

૩. નિર્વિકલ્પ સ્વભાવનો અચિંત્ય મહિમા...

(એક સ્વભાવ જ ઉપાદેય..તેની જ અપેક્ષા)

૪. સર્વ પ્રકારની પર્યાયની ઉપેક્ષા...(નિર્મળ પર્યાય- ક્યાંય પર્યાય પર વજન ન આવવું જોઈએ)

## (૫) આ પર્યાયને અંદર વાળવી અનંતો પુરુષાર્થ માંગે છે.

૧. બે ઘડીની અભિપ્રાયની ધારા સ્પષ્ટ હોવી જોઈએ. એ અનંતો પુરુષાર્થ માંગે છે-બહુજ મહાવરો જોઈએ.

૨. સ્વ-પર પ્રકાશક સ્વભાવની સ્પષ્ટતા

(સ્વ-પર બન્ને અંદર જ છે-બહાર કાંઈ નથી)

૩. ધ્યાન સંબધી સંપૂર્ણ સ્પષ્ટતા....ચાર પ્રકાર

(હમણાં તો અભિપ્રાયનું ચિંતવન જ હોય અને ધારા બનતી જાય..ધર્મ ધ્યાનથી સુખની શરૂઆત થાય)

૪. સ્વરૂપનું ઘોલન (થીયરી અને પ્રેકટીકલ)

(ભ્રમમાં સંતોષાઈ ન જવું-સહજ પુરુષાર્થ) (સહજ વીતરાગ સ્વભાવ બનતો જાય...અને છલ્લે નિર્વિકલ્પતા)

## પાંચ મુદ્દાથી મોક્ષનો સરળ ઉપાય સમજાવવામાં આવે છે:-

**(૧)** છ દ્રવ્યસ્વરૂપ લોક : આ લોકમાં છ દ્રવ્યો બધાજ દ્રવ્ય-ગુણ-પર્યાયાત્મક હોવાથી પોતાનું અસ્તિત્ત્વ સ્વતંત્ર ટકાવીને સ્વતંત્ર ક્રમબદ્ધ (સુનિશ્ચિત ક્રમમાં) પોતાની ઉપાદાનની યોગ્યતા પ્રમાણે અનાદિ-અનંત પરિણમી રહ્યા છે અને ક્ષેત્રાંતર પણ કરી રહ્યા છે ત્યારે અનુકૂળ નિમિત્તની હાજરી પણ હોય છે, છતાં નિમિત્ત કાંઈ કરતું નથી.

બધા જ દ્રવ્યો નિરપેક્ષ હોવાથી પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ મર્યાદામાં જ સુનિષ્ટ અને સુપ્રતિષ્ઠ છે અને આવી વસ્તુ તેમજ વિશ્વની અટલ વ્યવસ્થા ફકત જીવના જ્ઞાનનું જ્ઞેય હોવા છતાં શું કામ જીવ (વર્તમાન જ્ઞાનની પર્યાય) નકામો પરદ્રવ્યમાં કોલાહલ કરી દુ:ખનો અનુભવ કરે છે ? આ જોઈને આચાર્ય ભગવંતોએ આને આશ્ચર્યકારક ઘટના કહી છે.

**(૨) પ્રયોજનની સિધ્ધિ** : હવે આવી અનાદિ-અનંત વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્રની યથાર્થ જ્ઞાનપૂર્વક શ્રદ્ધાન કરી દર છ મહિને છસો આઠ જીવ પોતાની ઉપાદાનની યોગ્યતા પ્રમાણે પોતાના જ સ્વભાવનો અચિંત્ય મહિમા લાવીને સ્વયં સહજ પુરુષાર્થ વડે સિદ્ધ અવસ્થા પ્રાપ્ત કરી લે છે અને ભવભ્રમણનો અંત લાવે છે. હવે જ્યારે એક સિદ્ધ થાય ત્યારે એક જીવ પોતાની સ્વતંત્ર ઉપાદાનની યોગ્યતાથી નિગોદમાંથી નીકળી ત્રસ પર્યાયમાં (વ્યવહાર રાશીમાં) આવે છે અને તેને અહીં બેહજાર સાગરોપમનો સમય - આ સિદ્ધ અવસ્થા પ્રાપ્ત કરવાના પ્રયોજનના હેતુથી આપવામાં આવે છે. તેમાં પ્રથમ કાર્ય સમ્યક્ત્વ પ્રાપ્ત કરી ગુણસ્થાન બદલાવવાનું છે અને પછી ગુણ સ્થાનના ક્રમનો આરોહણ કરી સિદ્ધ દશાને પ્રાપ્ત કરે છે. અને એ કાર્ય નિર્ધારીત સમયમાં જો પૂર્ણ ન કરી શકે તો નિયમથી પોતાના સ્વતંત્ર ભાવકલંકની પ્રચુરતાના કારણે નિગોદમાં સહજ ચાલ્યો જાય છે અને ત્યાં અનંતકાળ સુધી દુઃખનો અનુભવ કરે છે. આમાં કર્મ અને નિમિત્ત અકિંચિત્કર છે.

**(૩)મોક્ષમાર્ગ અને સાત તત્ત્વ** : હવે આવી વ્યવસ્થામાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતારૂપ મોક્ષમાર્ગ - જે ત્રણ કાળ ત્રણ લોકમાં એક જ છે તેની પ્રરૂપણા સાત તત્ત્વો દ્વારા આચાર્ય ભગવંતોએ કરી છે તે જ્ઞાનમાં નિર્ધારીત કરવા જેવી છે.

૧. જીવતત્ત્વ (વર્તમાન જ્ઞાનની પર્યાય) જ્યારે મોહકર્મના ઉદયના નિમિત્તે પોતાની સ્વતંત્ર મિથ્યામાન્યતાથી અને રાગ-દ્વેષના પરિણામથી પરદ્રવ્ય ૨. અજીવ તત્ત્વ તેમાં જોડાણ કરે છે ત્યારે પોતાના શ્રધ્ધા અને ચારિત્રગુણની પર્યાયમાં વિપરીતરૂપે પરિણમે છે ત્યારે સ્વતંત્ર, ક્રમબદ્ધ પાતોની ઉપાદાનની યોગ્યતા પ્રમાણે જે ભાવકર્મ પર્યાયમાં ઉત્પન્ન થાય છે. તેને ૩.ભાવ આસ્ત્રવ કહેવામાં આવે છે અને એ પ્રક્રિયા જો ચાલુ રહે તો તેને ૪. ભાવ બંધ કહેવામાં આવે છે. હવે તેનું નિમિત્ત પામીને દ્રવ્યકર્મના પુદ્ગલ પરમાણુ પણ સ્વતંત્ર, ક્રમબદ્ધ, પોતાની ઉપાદાનની યોગ્યતાથી આત્મા તરફ ખેંચાઈને આવે છે તેને દ્રવ્ય આસ્ત્રવ કહેવામાં આવે છે અને ત્યાં પોતાની પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ અને અનુભાગ વડે ત્યાં રોકાઈ જાય છે તેને દ્રવ્યબંધ

કહેવામાં આવે છે. હવે આવી સ્થિતિ અનાદિ કાળથી ચાલુ છે તેને અનંતાનુબંધી કહેવામાં આવે છે. હવે જો એ જ સમયે જીવ (વર્તમાન જ્ઞાનની પર્યાય) ભેદજ્ઞાનની કળાના બળ વડે પરદ્રવ્યો સાથે જાડોણ ન કરતાં ભેદજ્ઞાનની વિધિ વડે તેનાથી છૂટી પડે છે અને પોતાના શુદ્ધ સ્વરૂપનો સ્વતંત્ર યથાર્થ નિર્ણય લે તો એની પર્યાયમાં વિકારી ભાવો ઉત્પન્ન થતાં નથી તેને ૫. ભાવસંવર કહેવામાં આવે છે અને ત્યારે દ્રવ્યકર્મના પુદ્ગલ પરમાણુ પણ ત્યાં ખેંચાઈને આવતા નથી તેને દ્રવ્યસંવર કહેવામાં આવે છે. હવે જો આ પ્રક્રિયામાં શુદ્ધોપયોગ વડે એકાગ્રતા કરતાં-ત્યાં શુદ્ધિની વૃદ્ધિ થાય છે તેને ૬. ભાવ નિર્જરા કહેવામાં આવે છે. અને ત્યારે દ્રવ્યકર્મો ત્યાંથી સ્વતંત્ર ખરી જાય છે તેને દ્રવ્ય નિર્જરા કહે છે. આવી પ્રક્રિયા જો બે ઘડી ચાલુ રહે, પૂર્ણ શુદ્ધ સ્વભાવ પર્યાયમાં પ્રગટ થતાં તેને ૭. ભાવમોક્ષ કહે છે અને ત્યારે બધા જ કર્મના પુદ્ગલો ખરી જાય તેને દ્રવ્યમોક્ષ કહે છે.

(૪) વર્તમાન શકિત અને યોગ્યતા : હે જીવ ! આવી સરળ, સહજ સુલભ વ્યવસ્થાની તને જાણ થઈ છે તો તારી સહજ ઉપાદાનની યોગ્યતાથી તેનો તું વિચાર કર. તને વર્તમાન પર્યાયમાં શું પ્રાપ્ત થયું છે તેને જો ! તને આવો મનુષ્ય ભવ, આર્ય ક્ષેત્ર, જૈનકુળ, પૂર્ણ તંદુરસ્ત આયુષ્ય, અને તું સાંભળવા આવ્યો છે, તને આવી રુચી થઈ છે તો પછી આ વાતનો સહજ સ્વીકાર કરી તું આત્માનુભૂતિનો પુરુષાર્થ કેમ નથી કરતો ? આ ભવમાં જે કાંઈ કરવા જેવું હોય તો એક જ કાર્ય કરવા જેવું છે એમ કેમ નિર્ણય નથી કરતો ? આવો અવસર ફરીથી કયારે મળશે ? બધી રીતે તારા માટે આત્માનું હિત કરવાનો અવસર આવી ગયો છે તો તું કેમ પ્રમાદી થાય છે? ચેતન જાગ...જાગ......

(૫)હવે વાસ્તવિકતાનો વિચાર કરીએ તો પ્રત્યેક સંસારી જીવમાં પ્રત્યેક સમયે મન-વચન-કાયાની પ્રવૃત્તી સ્વતંત્ર ક્રમબદ્ધ, ઉપાદાનની યોગ્યતાથી થઈ રહી છે અને તે સમયે અંદર ચારિત્રગુણની પર્યાયમાં શુભાશુભ ભાવ પણ થઇ રહ્યા છે અને તે જ સમયે વર્તમાન જ્ઞાનની પર્યાય પોતાની જાણવાની સ્વતંત્ર યોગ્યતા પ્રમાણે પ્રગટ છે કે નહિ? તો પછી તું કેમ પર દ્રવ્યોથી અને પરભવોથી ભેદજ્ઞાન

કરીને તારા નિજ સ્વભાવનો અચિંત્ય મહિમા લાવીને કેમ નિર્ણય કરવાનો પુરુષાર્થ નથી કરતો! તારામાં એવી પૂરણ અનંત શકિત પડી છે અને તારી યોગ્યતા પણ સહજ સર્વોત્કૃષ્ટ પણ છે તો પછી આવો સુખી થવાનો ઉપાય ખરેખર કરવા જેવો છે. ખરેખર, તારી પ્રત્યક્ષ પ્રગટ પર્યાયમાં તું જ જણાઇ રહ્યો છે. તો તું કેમ માનતો નથી? આવો સોનેરી અવસર ફરી હાથ નહિ આવે. જ્ઞાનીઓ, સંતો, સર્વજ્ઞ બસ આનો જ પુરુષાર્થ કરવાનો ઉપદેશ આપે છે. તેનો હૃદયપૂર્વક સ્વીકાર કરી અંદરથી હકાર લાવ-તારી વર્તમાન જ્ઞાનની પર્યાયમાં તું જ જણાય છે-જે કાંઇ બની રહ્યું છે તેનું તને જ્ઞાન જ થાય છે.- તું બસ જ્ઞાયક છો એનો નિર્ણય કર! તારા જીવનમાં નિર્મળ-પવિત્ર પર્યાય પ્રગટ થતાં તુ ધન્ય-ધન્ય બની જઈશ. તને અતીન્દ્રિય સુખનો અપૂર્વ અનુભવ થશે, જે પૂર્ણ થઇ પૂર્ણ સુખની તને પ્રાપ્તિ થશે અને અનંતકાળ એ ભોગવતો રહેજે!

# સ્વાનુભૂતિની પ્રાપ્તિ માટે અગત્યના વિષયો:-

૧) પર્યાયદ્રષ્ટિ-સંસારનું કારણ- દ્રવ્ય દ્રષ્ટિ - મોક્ષનું કારણ

૨) બહિર્મુખતા - જડ અને રાગની ક્રિયા, અંતર્મુખતા - જ્ઞાનની ક્રિયા

૩) જ્ઞાન ને રાગની ભિન્નતા, દ્રવ્ય અને પર્યાયની ભિન્નતા- ભેદજ્ઞાન

૪) સ્વભાવનો અચિંત્ય મહિમા

૫) વૈરાગ્ય

૬) પુરુષાર્થ

૭) સહજતા

૮) સ્વાનુભૂતિ-શ્રદ્ધાગુણની નિર્મળ પર્યાય

૯) ખરું જાણપણું

૧૦) સમ્યગદર્શન-જ્ઞાન-ચારિત્રની એકતારૂપ મોક્ષમાર્ગ

**આ વિષયોનો અભ્યાસ ગુરુગમે અત્યંત અનિવાર્ય છે.**